gujaratvandan.com

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

# ગુજરાત વંદન

સાપ્તાહિક

બુધવાર 27 એપ્રિલ 2022

ચૈત્ર વદ - 12, વિક્રમ સંવત 2078 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 250 | વર્ષ : 05 | અંક : 51 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



બ્રેક કે બાદ નરગીસ ફકરી હવે કામે ચડવા ઉતાવળી થઈ છે

પેજ 11

સુવિચાર

દુનિયામાં બધુ જ કીમતી હોય છે, મળ્યા પહેલાં અને ગુમાવ્યાં પછી !!

## પ્રથમ વાર્ષિક અશ્રુભીની

# શ્રદ્ધાંજલિ

## સ્વ.સવિતાબેન રામાભાઈ પટેલ

સ્વ. તા. 27/4/2021, ગામ : મંડાલી (વિહાર)



મનુષ્ય જન્મથી નહીં પણ કર્મથી ઓળખાય છે, એટલે જ તો મરણ કરતાં સંસ્મરણ વધુ યાદગાર બને છે. જેમાં આપની સ્મૃતિ એક વરદાન છે. તમે ગયા પણ તમારી યાદ હજુ જીવંત છે. પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

### શ્રદ્ધાંજલિ અર્પતા શોકાતુર પરિવારજનો

સ્વ. રામાભાઈ નથ્થુદાસ પટેલ

સુધીરભાઈ રામાભાઈ પટેલ
રંજનબેન સુધીરભાઈ પટેલ

નિકુંજ સુધીરભાઈ પટેલ
ખુશ્બુ નિકુંજભાઈ પટેલ

ઓમ નિકુંજભાઈ પટેલ
અંશ નિકુંજભાઈ પટેલ

### ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે અધિકારીના ખોટા સહી સિક્કા ફોર્મમાં મારી

# આધાર કાર્ડ ઈસ્યુ કરનાર સુપરવાઈઝર સહિત ત્રણ સામે સેકટર - 7 પોલીસ મથકમાં ફરિયાદ

## ઓપરેટર પાસેથી નોંધણીનાં ફોર્મમાં સહી સિક્કા કરેલ કુલ - 7 ફોર્મ કોરા મળી આવ્યા હતા

ગુજરાત | વંદન

ગાંધીનગરની કલેક્ટર કચેરીના આધાર કેન્દ્રમાં ગુજરાત સામાજિક આંતર માળખાકીય સોસાયટીની ટીમે આકસ્મિક ચેકીંગ હાથ ધરતા સક્ષમ અધિકારીની ખોટી સહી સિક્કા વાળા કોરા ફોર્મ થકી અરજદારોનાં આધાર કાર્ડ કાઢવાની પેરવી કરનાર સુપરવાઈઝર સહિત ત્રણ ઈસમો વિરુદ્ધ સેકટર - 7 પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે વહીવટી શાખામાં ફરજ બજાવતા નાયબ મામલતદાર પ્રશાંતસિંહ પરમારે નોંધાવેલી ફરિયાદ મુજબ, ગુજરાત સામાજિક આંતર માળખાકીય સોસાયટીની ટીમે આધાર કેંદ્રમાં આકસ્મિક ચેકીંગ હાથ ધર્યું હતું. ઓપરેટર પાસેથી નોંધણીનાં ફોર્મમાં સહી સિક્કા કરેલ કુલ - 7 ફોર્મ કોરા મળી આવ્યા હતા. જે ફોર્મ શંકાસ્પદ જણાઈ આવતાં ગેરરીતિ થતી હોવાની તપાસ કરવાં રિપોર્ટ કરવામાં આવ્યો હતો. આથી




સંબંધિત અધિકારીઓ દ્વારા ફોર્મમાં કરવામાં આવેલા સહી સિક્કાની ચકાસણી કરવામાં આવતાં પાંચ ફોર્મમાં ખોટા સહી સિક્કા મારવામાં આવ્યા હોવાનું પ્રકાશમાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, આકસ્મિક ચેકીંગ દરમ્યાન સુપરવાઈઝર ધ્રુપેન હસમુખભાઈ પટેલ આધાર કેન્દ્રમાં હાજર હતો અને નોંધણી કરનાર ઓપરેટર વીરેન અરવિંદભાઈ રાઠોડ અને જગદીશ ઉકાભાઈ બાવરી પાસેથી 7 ફોર્મ મળી આવ્યા હતા. જેમાં અલગ અલગ 7 ફોર્મ પૈકી બે ફોર્મમાં સર્ટીફાયર તરીકે કલેક્ટરના પીઆરઓ જેનીલ શાહનાં સિક્કા મારેલા હતા. જ્યારે ત્રીજા ફોર્મમાં કલેકટર કચેરી ડીસ્ટ્રીક્ટ પ્લાન ઓફિસર એન જી પટેલ, જિલ્લા આયોજન અધિકારી નો સહી સિક્કા મારેલા હતા.

ચોથા ફોર્મમાં એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, મામલતદાર એમ બી કડિયાનો સિક્કો - સહી હતી. જ્યારે પાંચમા ફોર્મમાં સર્ટીફાયર તરીકે એન જી પટેલ, ડીપીઓ, કલેકટર કચેરી ગાંધીનગરનાં સહી સિક્કા માર્યા હોવાનું બહાર આવ્યું હતું. આમ ઉક્ત તપાસના અર્થે સેકટર - 7 પોલીસ મથકમાં સુપરવાઈઝર ધ્રુપેન હસમુખભાઈ પટેલ, ઓપરેટર વીરેન અરવિંદભાઈ રાઠોડ અને જગદીશ ઉકાભાઈ બાવરી વિરુદ્ધમાં આઈપીસીની કલમ 466,468,471 અને 484 હેઠળ ગુનો નોંધી પીએસઆઈ ડી એન પરમારે વધુ તપાસ હાથ ધરી છે.

### અડાલજ અંડરપાસ RCC એપ્રોચ રોડ બનતો હોવાથી ચાર મહિના માટે બંધ

ગુજરાત | વંદન

અમદાવાદ-મહેસાણા રોડ પર અડાલજ ખાતે એસજી હાઈવે અંડરપાસને 4 મહિના માટે બંધ કરવામાં આવ્યો છે. આ અંડરપાસ રોડ ઉપર આરસીસી એપ્રોચ રોડ બનાવવાનો શરૂ થનાર છે. આથી ચાર માસ માટે અંડરપાસનો રસ્તો બંધ કરવા ટ્રાફિકને ડાયવર્ટ કરવામાં આવ્યો છે. અડાલજ બ્રીજ ઉપરથી મહેસાણા અને બાલાપીર સર્કલ તરફ જતાં તમામ કટ બંધ કરી દેવામાં આવ્યા છે. અમદાવાદ - સાબરમતી કલોલ - મહેસાણા રોડ ઉપર અડાલજ ખાતે અંડરપાસ રોડ ઉપર આરસીસી એપ્રોચ રોડનું કામ પાટનગર યોજના વિભાગ -૩ દ્વારા શરૂ કરવામાં આવનાર છે .

### બિનજરૂરી વિલંબ, બેદરકારીમાં નિયમોનુસાર કાર્યવાહી કરાશે

# પેન્શનરો સાથે સૌજન્યપૂર્ણ વ્યવહાર કરવા તંત્રનો આદેશ

ગુજરાત | વંદન

રાજ્યભરની જિલ્લા તિજોરી કચેરીઓમાંથી કેટલીક કચેરીઓ દ્વારા પેન્શનરોના પ્રશ્નોનો ઝડપી નિકાલ થતો નથી. ઉપરાંત પેન્શનરો સાથે સૌજન્ય પૂર્ણ વ્યવહાર કરવામાં આવતો નહી હોવાની ફરીયાદો હિસાબી અને તિજોરી નિયામકની કચેરીને મળી હતી. આથી નિયામકે આદેશ કર્યો છે કે પેન્શરોની સાથે સૌજન્યપૂર્ણ વ્યવહાર નહી કરનાર કર્મચારીની સામે નિયમોનુસાર કાર્યવાહી કરવાની સુચના આપી છે.

રાજ્ય સરકાર દ્વારા પેન્શનરોના પ્રશ્નોનો ઝડપી નિકાલ થાય તે માટે આદેશ કરાયો છે. તેમ છતાં રાજ્યભરના


તસ્વીર પ્રતિકાત્મક

જિલ્લાઓમાં આવેલી તિજોરી કચેરીઓમાંથી કેટલીક જિલ્લા તિજોરી કચેરીઓ દ્વારા નિવૃત્ત અધિકારીઓ કે કર્મચારીઓના પેન્શન ચુકવણાની કામગીરી ઝડપી કરવામાં આવતી નથી.

ઉપરાંત કચેરીના કર્મચારીઓ દ્વારા પેન્શનરોની સામે સૌજન્ય પૂર્ણ વ્યવહાર કરાતો નથી. પેન્શનરોના દાવાઓના ઝડપી ચુકવણા તથા ફરીયાદનો નિકાલ કરવાની સાથે સાથે માનવતા ભર્યું વર્તન પણ એટલું જ જરૂરી છે.

પેન્શનરો માટે કચેરીમાં બેસવાની સુવિધા આપવી, પીવાના પાણી માટે વ્યવસ્થા કરવી, પેન્શનરોને લગતા સરકારી હુકમો અને સુચનાઓને નોટીસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરવી.

### પાટનગરના વિવિધ વિસ્તારોમાં ગટર વ્યવસ્થા સુદૃઢ કરવા સૂચના

■ મનપાની અધિકારીઓની હાજરીમાં સેક્ટર -3માં મિટિંગ

ગુજરાત | વંદન

ગાંધીનગર કોર્પોરેશન સ્થાયી સમિતિના ચેરમેન જશવંતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને શહેરના ગટરના પ્રશ્નોની ચર્ચા કરવા માટે પદાધિકારીઓ તથા અધિકારીઓની હાજરીમાં સેક્ટર -3 ખાતે આવેલ ડ્રેનેજ ઈન્કવાયરીમાં એક મિટિંગ કરવામાં આવી હતી. મિટિંગમાં શહેરની હયાત ગટર યોજના તેમજ હાલમાં નવીનીકરણ થઇ રહેલ ગટર યોજનાની ચર્ચા કરવામાં આવી હતી. ચેરમેન દ્વારા જરૂરી સુચના કરાયા હતા, પાટનગર યોજના વિભાગના સંચાલન હેઠળના જાસપુર સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની તાત્કાલિક દુરસ્તી કરી અને અસરકારક રીતે પૂરી કાર્યક્ષમતાથી કામ કરે તે માટે કહ્યું હતું.

ગાંધીનગરની ગટર યોજનાનું નવીનકરણ ચાલે છે તેમાં જુના સેક્ટરમાં તમામ ગટર લાઈનો નવી લેવામાં આવેલ છે. પરંતુ, સેક્ટર-1થી 14માં રીંગ રોડ સુધીની ગટરલાઈનો નવી લાઈનો નાખવામાં આવે છે. આંતરિક ગટર લાઈનો જૂની ચલાવવાની જોગવાઈ રાખવામાં આવેલ છે. આથી જરૂરી સર્વે કરી જૂની ગટરલાઈનો બદલવી જરૂરી જણાય ત્યાં તે પ્રમાણેની કામગીરી કરવા દરખાસ્ત કરવાનું કહેવાયું છે આ સાથે ગટર યોજનામાં ચણતર કામના મેનહોલ લેવા સુચન આપ્યું હતું.

### રક્ષા શક્તિ સર્કલ પાસે હોટલમાં પુત્ર સાથે જમવા આવેલા દંપતીને નડ્યો અકસ્માત

# ગાંધીનગરનાં રાંદેસણ બસ સ્ટેન્ડ નજીક ટુવ્હીલર સ્લીપ ખાઈ જતાં દંપતિનું મોત

ગુજરાત | વંદન

ગાંધીનગરના રક્ષા શક્તિ સર્કલ પાસેની ખુશ્બુ ગુજરાત કી હોટલમાં પરિવારજનો સાથે જમવા આવેલ દંપતીનું રાંદેસણ બસ સ્ટેન્ડ નજીક જ્યુપિટર સ્લીપ ખાઈ જતાં બન્નેનું ઘટના સ્થળે કરૂણ મોત નિપજ્યા હતા. આ અકસ્માતમાં આઠ વર્ષના એકના એક પુત્રએ માતા પિતાની છત્રછાયા ગુમાવી દેતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. આ અંગે ઈન્ફોસિટી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

અમદાવાદના કોટેશ્વર શ્વેદ પરિષદ સોસાયટીમાં રહેતા ભૌમિકભાઈ જીતુભાઈ પટેલ તેમની પત્ની મિત્તલ અને દીકરા નિત્યને લઈને સાળાના ઘરે ગયા હતા. બાદમાં ઢળતી રાત્રે પરિવારજનો ગાંધીનગરમાં રક્ષા શક્તિ સર્કલ પાસેની ખુશ્બુ ગુજરાત કી હોટલમાં જમવા માટે આવ્યા હતા. રાત્રીના સમયે જમી પરવારીને બધા અમદાવાદ જવા માટે પરત રવાના થયા હતા.

એ વખતે આઠ વર્ષીય પુત્ર નિત્ય તેના મામાની કારમાં બેઠો હતો. જ્યારે ભૌમિક ભાઈ અને તેમના



પત્ની મિત્તલબેન જ્યુપિટર લઈને રક્ષા શક્તિ સર્કલ થઈ અમદાવાદ તરફ જઈ રહ્યા હતા. એ વખતે રાંદેસણ બસ સ્ટેન્ડ નજીક અચાનક જ કોઈ જાનવર રસ્તામાં દોડી આવતા ભૌમિકભાઈએ જ્યુપિટર પરનો કાબુ ગુમાવી દીધો હતો. જ્યુપિટર સ્લીપ ખાઈ જતાં દંપતી રોડ પર પટકાયુ હતું. આ અકસ્માતમાં બન્નેને ગંભીર ઈજાઓ થવાથી ઘટના સ્થળે જ તેમનું કરૂણ મોત નીપજ્યું હતું. અકસ્માતના પગલે રાહદારીઓ પણ મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. અકસ્માતની જાણ થતાં જ ઈન્ફોસિટી પોલીસ પણ સ્થળ પર દોડી આવી કાર્યવાહી શરૂ કરી હતી.

### રોડ પહોળા કરવા લીલાછમ વૃક્ષોનું બેફામ નિકંદન



ગાંધીનગર ખાતે સ્માર્ટ સિટી અંતર્ગત રસ્તાઓ પહોળા કરવાની કામગીરી ચાલી રહી છે. જે અનુસંધાને અનેક વૃક્ષો કાપવામાં આવી રહ્યા છે. વિવિધ સેક્ટરો સહિત સેક્ટર - 11 ખાતે પણ 91 જેટલા વૃક્ષોનું નિકંદનની કામગીરી હાથ ધરવામાં આવી છે. આંતરિક રસ્તાઓ પહોળા કરવા માટે લીલાછમ વૃક્ષો કટિંગ કરવામાં આવતા હોવાના કારણે પર્યાવરણપ્રેમીઓમાં ઉગ્ર રોષની લાગણી વ્યાપી જવા પામી છે.

# કાંઠા ગામમાં હડકશા માતાના મંદિરના મેળામાં ભાવિકોનું ઘોડાપૂર

■ ચૈત્રના છેલ્લા રવિવારે રાજ્યભરમાંથી દેવીપૂજક સમાજના હજારો ભક્તો ઉમટ્યા

ગુજરાત | વંદન

કલોલ તાલુકામાં આવેલા કાંઠા ગામનું હડકશા માતાનું મંદિર દેવીપૂજક સમાજના લાખો લોકો સાથે જોડાયેલા આ ચમત્કારી મંદિરમાં માતાજીના નામ પર હડકવા ઉતારવા માટે તેલની પ્રસાદી આપવામાં આવતી હતી. પ્રસાદી લીધા બાદ અનેક લોકો હડકવા દૂર થવાના પુરાવા આજે પણ જીવંત છે. ત્યારે દર ચૈત્ર મહિનાના છેલ્લા રવિવારે હડકશા માતાનો મેળો ભરાય છે. મેળામાં હજારો લોકો ઊમટી પડતા નાનકડું ગામ જાણે માતાની ભક્તિના રંગે રંગાઇ ગયું હતું. દેવીપૂજક સમાજના લોકો તો માતાજીની સાથે અનોખી રીતે જોડાયેલા છે જીવનની સારી કે નરસી બાબતમાં પણ માતાજી ને સાથે રાખી જીવન નિર્વાહ કરતા આ સમાજના લોકો માટે કાંઠામાં આવેલા હડકશા માતાજીનું મંદિર અનોખી આસ્થા ધરાવે છે.

લોકવાયકા મુજબ પાલાવાસણા ગામના કંકુબેન ઠાકોરના લગ્ન કાંઠા ગામમાં થતાં તેમની સાથે માતાજી અહીં આવ્યા હતા અને તેમણે જ આ મંદિરની વર્ષો પહેલા સ્થાપના કરી હતી. કોઈને પણ જ્યારે હડકવા ઉપડે ત્યારે માતાજીની રજા લઈને કંકુબેન તેલની પ્રસાદી આપતા હતા જે પ્રસાદી લીધા બાદ અનેક લોકો હડકવા ઉતરી ગયાના પુરાવા આજે પણ મોજૂદ છે.

### મોડી રાત્રે કેમિકલની તીવ્ર વાસ આવતી હોવાથી નગરજનો ત્રાહિમામ્

# કલોલમાં GIDCની કોઈ ફેક્ટરીમાંથી ઝેરી ગેસ છોડાતો હોવાની શક્યતાઃ તપાસની માંગણી

ગુજરાત | વંદન

કલોલમાં છેલ્લા કેટલાક દિવસોથી મોડી રાત્રે અને વહેલી સવારે કેમિકલની તીવ્ર વાસ વાતાવરણમાં આવતી હોવાથી નાગરિકો પરેશાન થઈ ગયા છે. છેલ્લા કેટલાક દિવસથી આ પ્રકારની તીવ્ર વાસ આવતી હોવાની નાગરિકો ફરિયાદ કરી રહ્યા છે. અને આ બાબતે તપાસની માંગણી પણ કરવામાં આવી રહી છે. ત્યારે કલોલ જીઆઈડીસીમાં આવેલ ફેકટરીઓની ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા તપાસ હાથ ધરવામાં આવે તેવી માંગણી ઉઠવા પામી છે.

આ અંગે મળતી માહિતી અનુસાર કલોલ શહેર વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી મોડી રાત્રે અને વહેલી સવારે વાતાવરણમાં કેમિકલની તીવ્ર વાસ આવી રહી છે.

જેના કારણે શ્વાસ લેતા નાકમાં બળતરા થાય છે. અને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે. કલોલની પાસે હાઈવે ઉપર આવેલ જીઆઈડીસીમાંથી કોઈ ફેકટરી દ્વારા આ ઝેરી પ્રકારના ગેસ છોડવામાં આવતો હોવાની શકયતાઓ ઉભી થવા પામી છે અને માંગણી કરવામાં આવી છે અને આ પ્રકારના મેસેજ કેટલાક દિવસથી સોશીયલ મીડીયામાં ફરી રહ્યા છે. અને નાગરિકોના સ્વાસ્થ્યને નુકસાન કરતા આ પ્રકારના ગેસની ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા તપાસ હાથ ધરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

### સમૌ ગામમાં ખેતરમાં સંતાડેલો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

ગુજરાત | વંદન

માણસા સમૌ ગામમાં ખેતરમાં સંતાડેલો વિદેશી દારૂનો જથ્થો ઝડપાતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. સમૌ ગામના બસ સ્ટેન્ડ પાસે પહોંચ્યા તે વખતે બાતમી મળી હતી કે, સમૌ ગામમાં ભાના માઢમાં રહેતા રાજેન્દ્રસિંહ ઉર્ફે લાલસિંહ રણજીતસિંહ ચાવડા સમૌ ગામની સીમમા ગોજારીયા જીઆઈડીસી તરફ જતા રોડ પર ખારાવાળા ખેતરમાં ઘઉંના પરાળના ઢગલામાં દારૂ સંગ્રહ કરી સંતાડી વેચાણ કરે છે.

જાહેરાત


### રેલવે ઓવરબ્રિજ સહિતના પ્રશ્નોનો નિકાલ ઝડપથી લવાશે

# અમદાવાદ-મુંબઇ બુલેટ ટ્રેન માટે 98 % જમીન સંપાદન પૂર્ણ

## રાજ્ય-કેન્દ્ર વચ્ચેના રેલ્વે સંબંધિત જે પેન્ડીંગ ઈસ્યુ હોય તેનું નિવારણ સત્વરે લાવોઃ મુખ્યમંત્રી

ગુજરાત | વંદન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં કેન્દ્રીય રેલ્વે રાજ્ય મંત્રી દર્શનાબહેન જરદોશે ગુજરાતના રેલ્વે સંબંધિત વિવિધ પ્રોજેક્ટસમાં રાજ્ય-કેન્દ્રના સંકલન અંગે ઉચ્ચસ્તરીય બેઠક ગાંધીનગરમાં યોજી હતી. પી.એમ.ગતિશક્તિના અમલીકરણમાં ગુજરાત અગ્રેસર છે ત્યારે ડી.એફ.આઇ.સી. હાઇસ્પીડ રેલ પ્રોજેક્ટ, રાજ્યમાં વિવિધ રેલ્વે લાઈનના ગેજ રૂપાંતરણ અને રેલ્વે ઓવરબ્રીજ તેમજ ઈલેક્ટ્રીફિકેશનના જે નાના-મોટા




પ્રશ્નો છે તેનું ઝડપથી નિવારણ લાવવાની દિશામાં આ બેઠક મળી હતી.

રેલ્વે રાજ્ય મંત્રી દર્શનાબહેને ગુજરાતને કેન્દ્ર અને રાજ્ય સરકાર એમ ડબલ એન્જીનની સરકારનો ફાયદો મળે છે ત્યારે મહત્વપૂર્ણ રેલ્વે પ્રોજેક્ટ્સ નિર્ધારિત સમય અને ત્વરિત ગતિએ પૂરા થાય તેવી સ્પષ્ટ હિમાયત કરી હતી.

આ હેતુસર કેન્દ્રીય રેલ્વે મંત્રાલયના સંબંધિત અધિકારીઓ તથા રાજ્ય સરકારના વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ વચ્ચે માસિક સમીક્ષા બેઠક યોજવા તેમણે અનુરોધ કર્યો હતો.અમદાવાદ-મુંબઈ હાઈસ્પીડ રેલ અન્વયે ગુજરાતમાં 98.7 ટકા જમીન સંપાદન કાર્ય રાજ્ય સરકારના મહેસૂલ વિભાગના સક્રિય સહયોગથી પૂર્ણ થઇ ગયું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અધિકારીઓને જણાવ્યું કે, રાજ્ય-કેન્દ્ર વચ્ચેના રેલ્વે સંબંધિત જે પેન્ડીંગ ઈસ્યુ હોય તેનું નિવારણ એકબીજા સાથે સમજુતી અને ચર્ચા-વિચારણાથી આવે તેવું વાતાવરણ ઊભું થવું જોઈએ.

તેમણે મુખ્ય સચિવ પંકજકુમારને ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર, રેલ્વે ઓવરબ્રીજમાં રાજ્ય-કેન્દ્રની ભાગીદારી સહિતના જે વિવિધ પ્રશ્નો છે તેના માટે ઈન્સ્ટીટયુશનલાઈઝડ વ્યવસ્થા ઊભી કરી એક માસ પછી સમગ્ર પ્રશ્નોના નિરાકરણની સમીક્ષા કરવા સૂચન કર્યુ હતું.

# કલોલના મામલતદાર રૂ. 2.60 લાખની લાંચ લેતા ઝડપાયા

■ નાયબ મામલતદાર છટકી ગયા, પણ પકડાશે

ગુજરાત | વંદન

ગાંધીનગર કલોલ મામલતદાર કચેરીમાં ACBએ ટ્રેપ કરી મામલતદાર, નાયબ મામલતદાર અને ઓપરેટરને 2.60 લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધા હતા. ઘટના એવી છે કે ફરિયાદીએ મુલસણા ગામની બિનખેતી જમીનની તેઓના ટ્રસ્ટમાં વેચાણની 23 એન્ટ્રી કરાવવા અરજી કરી હતી. જેથી કલોલ મામલતદાર ડૉ. મયંક મહેંદ્ર પટેલે એન્ટ્રી દીઠ 12 હજાર રૂપિયા એટલે કે કુલ 2 લાખ 76 હજાર રૂપિયાની લાંચની માગણી



મયંકે


નિખીલ

કરી હતી. આ ઉપરાંત ઈ- ધરામાં નાયબ મામલતદાર પ્રવિણ મૂળજી પરમારે પણ 10 હજાર રૂપિયાની લાંચની માગણી કરી હતી. કુલ 2 લાખ 60 હજારમાં ડીલ નક્કી થઈ હતી. ફરિયાદી લાંચ આપવા તૈયાર ન હોવાથી ACBનો સંપર્ક કર્યો હતો. જેથી એસીબીએ છટકું ગોઠવ્યું અને નક્કી થયા મુજબ ફરિયાદી લાંચની રકમ દેવા ઓફિસમાં પહોંચ્યા હતાં. આ સમયે મામલતદાર ડૉ. મયંકે આ રકમ ઈ- ધરાના નાયબ મામલતદાર પ્રવિણ પરમારને આપવા સૂચના આપી હતી. જેથી ફરિયાદી ઈ- ધરા મામલતદાર પાસે પહોંચ્યા જેને આ રકમ ઈ-ધરા શાખામાં કોંટ્રાકટ બેઈઝથી કામ કરતા કોમ્પ્યુયર ઓપરેટર નિખીલ પાટીલને ચૂકવવાની સૂચના આપી.

નિખીલ પાટીલે લાંચની રકમ સ્વીકારતા જ એસીબીએ ટ્રેપ ગોઠવી અને મામલતદાર ડૉ. મયંક પટેલ અને કોમ્પ્યુટર ઓપરેટર નિખીલ પાટીલને રંગેહાથ ઝડપી લીધા. જ્યારે ઈ-ધરાના નાયબ મામલતદાર પ્રવિણ પરમાર એસીબીની ટ્રેપ થતા નાસી છૂટ્યા હતાં. ગાંધીનગર એસીબીની ટ્રેપના પગલે લાંચિયા બાબુઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

gujaratvandan.com



શાહિદ કપૂરની યાદગાર ઈનિંગ છે ફિલ્મ 'જર્સી'
પેજ 11

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન



ભારતીય ટેસ્ટ ટીમ વાપસી માટે ચેતેશ્વર ઠોક્યો દાવો
પેજ 09

બુધવાર 27 એપ્રિલ 2022

ચૈત્ર વદ - 12, વિક્રમ સંવત 2078 | કિંમત : રૂ. 5 | વાર્ષિક : રૂ. 250 | વર્ષ : 05 | અંક : 51 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12

## 62મા વર્ષે ગરવી ગુજરાતમાં એક નવી શરૂઆત કરીએ, મૂકસેવકને નમન કરીએ...

# શું રવિશંકરને નમન કરી શપથવિધિ ના થઇ શકે..?

■ ગુજરાત હવે એક મોડેલ સ્ટેટ બની ગયું છે!!


■ હવે કેજરીવાલ પણ બોલશે અને ગાશે- ગુજરાત મોરી રે મોરી...


ગુજરાત | વંદન

ગરવી ગુજરાતને 62 વર્ષ થયા. પહેલી મે, 1960ના ગરવી ગુજરાતને 62 વર્ષ થયા. પહેલી મે, 1960ના રોજ બોમ્બે સ્ટેટમાંથી ભાષાકીય ધોરણે અલગ ગુજરાતની રચના થઇ હતી. મૂક સેવક પૂ. રવિશંકર મહારાજના આશિર્વાદથી અલગ ગુજરાતની સ્થાપના થઇ હતી. 62 વર્ષમાં ગુજરાતે અનેક સરકારો અને મુખ્યમંત્રીઓ જોયા. રાજકિય પક્ષોમાં કોંગ્રેસ યા ભાજપ એમ બન્નેની સરકારો બની. વચ્ચે વચ્ચે ચીમનભાઇ પટેલ અને શંકરસિંહ વાઘેલાબાપુએ સીએમ તરીકે હાથ અજમાવ્યાં પણ લાંબુ ન ચાલ્યું અને 1995થી એક જ પક્ષની ભાજપની સરકાર ચાલી રહી છે.

અલગ ગુજરાતના ઘણાં કવિઓએ ગુણગાન ગાયા છે. ઉમાશંકર જોષીએ ગુજરાત મોરી રે મોરી...લલકારતાં લખ્યું છે-મળતા મળી ગઇ મોંઘેરી ગુજરાત ગુજરાત મોરી રે મોરી, ભારતની ભોમમાં ઝાઝેરી ગુજરાત ગુજરાત મોરી મોરી...! શરૂઆતથી ગુજરાત સમૃધ્ધ રહ્યું છે. તેમ છતાં સવા 6 કરોડની વસ્તીમાં લાખો લોકો ગરીબ છે અને ગરીબીની રેખા નીચે જીવે છે. તેમના માટે ગરીબ કલ્યાણ મેળાઓ યોજાય છે. સરકાર દ્વારા ગરીબોની ગરીબી દૂર કરવાના જે પ્રાયસો થઇ રહ્યાં છે તે સરાહનીય છે. પણ કેટલાક ગરીબો એવા પણ હશે કે જેમને ગરીબ રહેવુ જ ગમે છે....ગરીબ હોઇએ તો સરકારી







સહાય મળ્યા જ કરે...મળ્યા જ કરે...! કોઇ એક રાજ્યની આગવી ઓળખ કઇ એમ જો કોઇ પૂછે તો ગરવી ગુજરાતની આગવી ઓળખ છે-ગરબો.....નવરાત્રિ....પતંગ... દેશ-વિદેશમાં હરવુ અને ફરવુ...! અમેરિકાથી લઇને આર્જેન્ટીના અને બ્રિટનથી લઇને બેબીલોન...સુધી ગુજરાતી જોવા મળશે અને જ્યાં વસ્યા ત્યાં ગરબો...અને નવરાત્રિની રંમઝટ સાંભળવા મળે. અમેરિકામાં કેટલાક ગુજરાતીઓ મેયરપદે છે. વ્હાઇટહાઉસ અને જો બાઇડનની સરકારમાં ઘણાં મૂળ ગુજરાતીઓ ઉચ્ચ હોદ્દા પર છે. પણ તેમની વફાદારી ગુજરાત કે ભારત પ્રત્યે હોતી નથી તે એક સત્ય છે. હાલમાં ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ મૂળ ભારતીય પણ તેમણે ભારતને શું આપ્યું...? તેઓ અને તેમના જેવા બીજા વિદેશમાં જન્મેલા મૂળ ગુજરાતીઓનું હિત તેમના દેશ પ્રત્યે હોય. ભારતે તો ખાલી હરખાવવાનું કે ઓહો.. વ્હાઇટહાઉસમાં આપણાં ગુજરાતી...

ગરવી ગુજરાતના રાજકીય રંગની વાત કરીએ તો 2022ની વિધાનસભા ચૂંટણીમાં એક નવો રંગ,..નવો પક્ષ...નવુ પ્રતિક ઉમેરાયુ છે. દિલ્હી અને પંજાબમાં સત્તા ધરાવનાર આમ આદમી પાર્ટી-આપ-ના અરવિંદ કેજરીવાલે ગુજરાતના રાજકારણમાં પહેલીવાર એન્ટ્રી કરી છે અને વિધાનસભા લડીને સ્વર્ણિમ સંકૂલ એકમાં પોતાના કોઇ સ્થાનિક નેતાને બેસાડવા

...અનુસંધાન પેજ 08 ઉપર

Open a Free Demat A/c* with mastertrust

બજાર અપડેટ

| સેન્સેક્સ | નિફ્ટી |
|---|---|
| 57,356.61 | 17,200.80 |

ટોપ ગેનર્સ

| | |
|---|---|
| અદાણી પોર્ટ | +5.81 % |
| બજાજ ઓટો | +5.68 % |
| હીરો મોટો કોર્પ | +5.18 % |

ટોપ લુઝર્સ

| | |
|---|---|
| ઓએનજીસી | -1.59 % |
| એપોલો હોસ્પિટલ | -1.11 % |
| એક્સિસ બેન્ક | -0.73 % |

mastertrust®
BROKING & INVESTMENTS

| સોનું | ચાંદી |
|---|---|
| 53,505 | 65,450 |

## ન્યૂઝ બ્રિફ

### 44 અબજ ડોલરમાં ટ્વીટર હવે એલન મસ્કના હવાલે

ટેસ્લાના સીઈઓ એલન મસ્ક, જેઓ સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ છે, તેમણે લાંબા સમયથી ટ્વિટરમાં રોકાણ કર્યા બાદ તેને ખરીદવાની તીવ્ર ઈચ્છા વ્યક્ત કરી હતી. હાલ માટે, તે હવે Twitter Inc ના નવા માલિક બની ગયા છે. વાસ્તવમાં, એલોન મસ્કે ટ્વિટરને પ્રતિ શેર $54.20ના દરે ખરીદવાની ઓફર કરી હતી, જેને ટ્વિટરના બોર્ડે સોમવારે મોડી સાંજે સ્વીકારી લીધી છે. હાલમાં, ટ્વિટર તરફથી માહિતી આપતી વખતે તે પુષ્ટિ કરવામાં આવી છે કે ટેસ્લાના સીઈઓ એલન મસ્કે આખરે ટ્વિટરને ખરીદી લીધું છે. કંપનીએ એમ પણ કહ્યું છે કે ટ્વિટર ખરીદવા માટે મસ્કે US $ 44 બિલિયન ચૂકવ્યા છે. આ દરમિયાન ટેસ્લાના માલિક એલન મસ્કનું વધુ એક ટ્વિટ ઝડપથી વાયરલ થઈ રહ્યું છે. જેને લઈને એવી શક્યતાઓ હતી કે ટ્વિટર સાથે તેની ડીલ ફાઈનલ થઈ શકે છે.

### મેવાણી સામે વધુ એક કેસ નોધાયો, પાંચ દિવસના રિમાંડ

ગુજરાતના વડગામથી અપક્ષ ધારાસભ્ય જિગ્નેશ મેવાણીની મુશ્કેલી સતત વધી રહી છે. મંગળવારે અસમના બારપેટા જિલ્લાની સ્થાનીક કોર્ટે મેવાણીને મહિલા પોલીસકર્મીની સાથે છેડતીના કેસમાં પાંચ દિવસની પોલીસ રિમાન્ડ પર મોકલી આપ્યા છે. ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિરુદ્ધ વિવાદીત ટ્વીટ કરવાને લઈને કોર્ટે સોમવારે જિગ્નેશ મેવાણીને જામીન આપી દીધા હતા. જામીન મળ્યાના થોડા સમય બાદ જિગ્નેશ મેવાણીને બીજા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ મહિલા પોલીસકર્મીની સાથે ગેરવર્તણૂકના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.


### ધોનીની પત્ની સાક્ષીએ સવાલ ઉઠાવ્યા, ઝારખંડમાં વીજળીની સમસ્યા શા માટે?

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન ધોનીની પત્ની સાક્ષી સિંહ ઝારખંડ સરકારથી નારાજ છે. ઝારખંડ રાજ્યમાં વીજળી સંકટની સમસ્યા પર સવાપલ ઉઠાવતા સાક્ષી સિંહે ટ્વીટ કરીને કહ્યું કે, ઝારખંડના ટેક્સપેયર તરીકે હું એ જાણવા માગુ છું કે, ઝારખંગમાં આટલા વર્ષો બાદ પણ વીજળી સંકટ કેમ છે? આ સિવાય તેમણે લખ્યું કે, વીજળી સંકટ પર અમે શું કરી રહ્યા છીએ, શું અમે વીજળી બચાવી રહ્યા છીએ? આ ટ્વીટ સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થયું છે.

### ગ્રીષ્મા હત્યા કેસ : દોષિત ફેનિલને 5 મેના રોજ સજા સંભળાવાશે

સુરતના બહુચર્ચિત ગ્રીષ્મા વેંકરિયા હત્યા કેસમાં 5 મેના રોજ આરોપી ફેનિલ ગોયાણીને સજા સંભળાવવામાં આવશે. ગત સુનાવણીમાં ફેનિલ ગોયાણીને કોર્ટ દોષિત જાહેર કર્યો હતો. ત્યારે હાલ સૌની નજર ફેનિલની સજા પર છે. ગ્રીષ્માના પરિવારજનો પણ અનેકવાર ન્યાયની અપીલ કરી ચૂક્યા છે. સુરતના ગ્રીષ્મા હત્યા કેસમાં દોષિત ફેનિલની સજા પર આજે ફરી સુનાવણી હાથ ધરાઈ હતી.

### વાંકી નજરે...




## વાહ, આને કે'વાય દેશી જુગાડ... સલામ એ શ્રમજીવીને..!



અમદાવાદ શહેરમાં ઉનાળાની ગરમીએ માઝા મૂકી છે, આકાશમાંથી અગન વર્ષા થઇ રહી હોય તેમ ક્યાંક ક્યાંક રોડના ડામર પીગળી રહી રહ્યા છે. બપોરે બહાર નીકળવાનું પણ જ્યારે કાઠુ પડતું હોય તેવી બળબળતી ખરા બપોરે શહેરના એક રાજમાર્ગ પરથી પસાર થનાર પેડલ રિક્ષા ચલાવનાર શ્રમિકે સૌનું ધ્યાન ખેચ્યું હતું. ગરમીથી રાહત મેળવવા તેમણે વાંસમાંથી બનેલ ટોપલાનો ઉપયોગ છત્રી તરીકે કર્યો હતો. જેનાથી તેને સો ટકા તો નહીં પણ આંશિક રાહત જરૂર મળતી હશે. કેમકે, દોરી સાથે બાંધેલ ટોપલું રિક્ષાની ગતિ સાથે હાલક ડોલક થઇ રહ્યું હતું. આને કહેવાય દેશી જુગાડ... શું એનઆઇડી કે કોઇ ઇજનેરી સંસ્થા તેમાં કોઇ ફેરફાર કરીને તમામ પેડલ રિક્ષા ચાલકોને ગરમી અને ચોમાસામાં રાહત મળે એવું કોઇ આવરણ બનાવી ન શકે..?

## કોંગ્રેસમાં હલચલ: અશોક ગેહલોત નવા રાષ્ટ્રીય અધ્યક્ષ બને તેવી શક્યતા

■ રાજસ્થાનના નવા મુખ્યમંત્રી પદે સચિન પાયલોટની વરણી થઇ શકે



ગુજરાત | વંદન

રાજસ્થાનમાં નવા જુનીના એંધાણ સર્જાઈ રહ્યા છે. રાજસ્થાનના મુખ્યમંત્રી પદેથી અશોક ગેહલોતની વિદાય નક્કી હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે સચિન પાયલોટ રાજસ્થાનના નવા મુખ્યમંત્રી બની શકે છે. સૂત્રો તરફથી મળી રહેલી માહિતી પ્રમાણે, અશોક ગેહલોતને રાજસ્થાનથી રાજ્યસભામાં મોકલવામાં આવી શકે છે. આ સાથે જ અશોક ગેહલોત કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ બનવાની પણ રેસમાં રહેશે. મહત્વનું છે કે, રાજસ્થાનમાં 4 જુલાઈએ રાજ્યસભાની 4 બેઠકો પર ચુંટણી થવાની છે.ગેહલોતની ખાલી કરેલ બેઠક પર તેમના પુત્ર વૈભવ ગેહલોતને ટિકિટ મળી શકે છે. અશોક ગેહલોતના પુત્ર વૈભવ ગહેલોતને પાયલોટ સરકારમાં કેબિટ મંત્રી બનાવાય

...અનુસંધાન પેજ 08 ઉપર

### ભારત બાયોટેકની કોરોના રસીને ઈમરજન્સી અપ્રૂવલ

## 6થી 12 વર્ષના બાળકો માટે કોવેક્સિનને DCGIની મંજૂરી

ગુજરાત | વંદન

કોરોનાની નવી લહેરની આશંકા વચ્ચે મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે 6 થી 12 વર્ષના બાળકોને કોરોના સામે રસી આપવામાં આવશે. ભારતના ડ્રગ કંટ્રોલર જનરલે 6 થી 12 વર્ષની વયના બાળકોને કોવેક્સિન આપવાનો નિર્ણય લીધો છે. તમને જણાવી દઈએ કે કોરોનાની બાકીની લહેરમાં બાળકો પર બહુ ગંભીર અસર થઈ નહતી, પરંતુ આ વખતે બાળકો નવા XE વેરિયન્ટની દહેશત વચ્ચે સંક્રમિત થવાની આશંકાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. આરોગ્ય નિષ્ણાતોનું કહેવું છે કે છેલ્લા ત્રણ સપ્તાહમાં બાળકોમાં



ફ્લૂ જેવા લક્ષણોમાં વધારો થયો છે.


દેશમાં અત્યાર સુધીમાં 187 કરોડ 95 લાખ 76 હજાર 423 ડોઝ આપવામાં આવ્યા છે. જ્યારે, 12-14 વર્ષના બાળકોના કિસ્સામાં, પ્રથમ ડોઝની સંખ્યા 2 કરોડ 70 લાખ 96 હજાર 975 છે. જ્યારે 37 લાખ 27 હજાર 130 બીજો ડોઝ લગાવવામાં આવ્યા છે.

### આગામી મહીને GST કાઉન્સિલની બેઠક, વસ્તુઓ પરના દરમાં વધારો કરવા માટે રાજ્યો પાસેથી સૂચનો માંગ્યા

## મોંઘવારીનો વધુ એક ઝટકો, સરકાર પાપડ, ગોળ સહિત 143 વસ્તુઓ પર GST વધારવાની તૈયારીમાં

ગુજરાત | વંદન

સામાન્ય માણસ પર મોંઘવારીનો મોટો ઝટકો લાગવા જઈ રહ્યો છે. આગામી મહિનાથી પાપડ, ગોળ સહીત 143 ચીજ વસ્તુઓ માટે વધારે પૈસા ખર્ચ કરવા પડશે. GST કાઉન્સિલે આવક વધારવા માટે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) શાસન હેઠળ સૂચિત દર રેશનલાઈઝેશનના ભાગરૂપે 143 વસ્તુઓ પરના દરમાં વધારો કરવા માટે રાજ્યો પાસેથી સૂચનો માંગ્યા છે. મળતી માહિતી પ્રમાણે



GST કાઉન્સિલ દ્વારા 2019ની લોકસભા ચૂંટણી પહેલા નવેમ્બર 2017 અને ડિસેમ્બર 2018માં જે વસ્તુઓ પરના દરમાં ઘટાડો કરવામાં આવ્યો હતો તે જ વસ્તુઓ પર ટેક્સ વધારવાનો પ્રસ્તાવ આપવામાં આવ્યો છે.

આ 143 વસ્તુઓમાંથી 92 ટકાને 18 ટકા ટેક્સ સ્લેબમાંથી ટોપ 28 ટકાના સ્લેબમાં ટ્રાન્સફર કરવાનો પ્રસ્તાવ છે. તમને જણાવી દઈએ કે, આગામી મહીને GST કાઉન્સિલની બેઠક યોજાવાની છે.

એક અહેવાલ પ્રમાણે મે મહિનામાં યોજાનારી જીએસટી કાઉન્સિલની બેઠકમાં જે ચીજવસ્તુઓ પર ટેક્સ રેટ વધારવા માટે સૂચન માગવામાં આવ્યા છે તેમાં પાપડ, ગોળ (Jaggery), પાવર બેંક, ઘડી, સૂટકેસ, હેન્ડબેગ, પરફ્યૂમ/ ડિયોડ્રેંટ, કલર ટીવી, ચોકલેટ, અખરોટ, કસ્ટર્ડ પાઉડર, નોન-આલ્કોહોલિક ડ્રિંક્સ, વોશ બેસિન, ચશ્મા, ચશ્માની ફ્રેમ, કપડા અને ચામડામાંથી બનેલી વસ્તુઓનો સમાવેશ થાય છે.

ગુવાહાટીમાં નવેમ્બર 2017ની બેઠકમાં પરફ્યુમ, ચામડાના કપડાં અને એસેસરીઝ, ચોકલેટ, કોકો પાવડર, સુંદરતા અથવા મેકઅપ, ફટાકડા, પ્લાસ્ટિક ફ્લોર કવરિંગ્સ, લેમ્પ્સ, સાઉન્ડ રેકોર્ડિંગ સાધનો અને આર્મર્ડ ટાંકી જેવી વસ્તુઓના

...અનુસંધાન પેજ 08 ઉપર

### 12થી પણ વધારે રાજ્યોમાં કોરોનાના કેસમાં ઉછાળો

## છેલ્લાં ત્રણ દિવસથી દેશમાં સતત નોંધાઈ રહ્યાં છે 2500થી વધુ કેસ

ગુજરાત | વંદન

દેશમાં 11 અઠવાડિયાના સતત ઘટાડા બાદ કોરોનાના કેસમાં છેલ્લાં બે અઠવાડિયાથી દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લાં ત્રણ દિવસથી સતત 2500 થી વધુ કેસ નોંધાઈ રહ્યાં છે. તારીખ 18 થી 24 એપ્રિલની વચ્ચે 15700 થી પણ વધારે કોરોનાના નવા દર્દીઓ મળી આવ્યા છે. ગયા સપ્તાહથી તેમાં 95 ટકાનો વધારો જોવા મળ્યો છે. કોરોનાના કેસોમાં હવે 12થી વધુ રાજ્યોમાં વધારો જોવા મળી રહ્યો છે, જે ગયા સપ્તાહ સુધી માત્ર

...અનુસંધાન પેજ 08 ઉપર

### શાળાએ મોકલવા જબરદસ્તી ન કરો, સ્વાસ્થ્ય પર પડે છે ગંભીર અસર

## 'બાળકોને નાની ઉંમરે શાળાએ ના મોકલો', સુપ્રીમની વાલીઓને સલાહ



ગુજરાત | વંદન

બાળકોને નાની ઉંમરે શાળાએ મોકલવાના મુદ્દા પર સુપ્રીમ કોર્ટે ધ્યાન દોર્યું છે. સુપ્રીમ કોર્ટે બાળકોના શાળાકીય શિક્ષણને લઈને માતા-પિતાની ચિંતા પર કડક વલણ અપનાવ્યું છે. SCએ કહ્યું કે, બાળકોને તેમના મનોવૈજ્ઞાનિક સ્વાસ્થ્યના હિતમાં ખૂબ જ નાની ઉંમરમાં શાળાએ

...અનુસંધાન પેજ 08 ઉપર

## રાણા દંપતિને સેશન્સ કોર્ટમાંથી રાહત ન મળી, જામીન અરજી પર 29 એપ્રિલે સુનાવણી



ગુજરાત | વંદન

હનુમાન ચાલીસા વિવાદમાં નવનીત રાણા અને રવિ રાણાને સેશન્સ કોર્ટમાંથી રાહત મળી નથી. હવે તેમની જામીન અરજી પર 29 એપ્રિલે સુનાવણી થશે, ત્યાં સુધી બંનેને જેલમાં જ રહેવું પડશે. અપક્ષ સાંસદ નવનીત રાણા, તેમના પતિ અને ધારાસભ્ય રવિ રાણાને બોમ્બે હાઈકોર્ટમાંથી રાહત મળી નથી. આ પછી તેમણે મુંબઈ સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. કોર્ટમાં સરકાર તરફથી હાજર રહેલા વકીલે કહ્યું કે આ જામીન અરજી સેશન્સ કોર્ટમાં સાંભળી શકાય નહીં કારણ કે મામલો મેજિસ્ટ્રેટની કોર્ટમાં છે. આના પર રાણા દંપતીના વકીલે કહ્યું કે તેઓ ત્યાંથી અરજી પાછી ખેંચી લેશે. વધુમાં, કોર્ટમાં સરકાર તરફથી હાજર રહેલા વકીલે જવાબ દાખલ કરવા માટે 29 એપ્રિલ સુધીનો સમય માંગ્યો છે.

### વાઈરસ | જાન્યુઆરીથી અત્યાર સુધીમાં બ્રિટનમાં રહસ્યમય વાયરસથી થતા હેપેટાઈટીસના 108 કેસ નોંધાયા

## બ્રિટનમાં નવા રહસ્યમય વાયરસની એન્ટ્રી, બાળકોમાં હિપેટાઇટીસના કેસ વધ્યાં



ગુજરાત | વંદન

છેલ્લા કેટલાક સમયથી વિશ્વમાં રોગોનું ચક્ર ચાલી રહ્યું છે. માનવી હજુ સુધી એક રોગનો સામનો કરવામાં પણ સફળ નથી થયો કે બીજો નવો રોગ માથું ઉચકે છે. આ વખતે વિશ્વભરના ડોકટરો અને આરોગ્ય સેવાઓ સાથે સંકળાયેલા લોકોના માથે હેપેટાઈટીસના ગંભીર કેસ સામે આવી છે. હેપેટાઈટીસ એ લીવરનો રોગ છે જેમાં લીવરમાં સોજો આવે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન કહે છે કે તાજેતરમાં 130 થી વધુ નવા પ્રકારના હેપેટાઈટીસ નોંધાયા છે, જેમાંથી મોટાભાગના બ્રિટનના છે.

જાન્યુઆરીથી અત્યાર સુધીમાં બ્રિટનમાં રહસ્યમય વાયરસથી થતા હેપેટાઈટીસના 108 કેસ નોંધાયા છે. ખાસ વાત એ છે કે આ તમામ કેસ બાળકોના છે. આ સિવાય અમેરિકા, ઈઝરાયેલ, ડેનમાર્ક, આયર્લેન્ડ, નેધરલેન્ડ અને સ્પેનમાં પણ રહસ્યમય વાયરસથી થતા હેપેટાઈટીસના કેસ નોંધાયા છે. હેપેટાઈટીસના આ કેસો એટલા ગંભીર છે કે ઘણા બાળકોએ લીવર ટ્રાન્સપ્લાન્ટનો સામનો પણ કર્યો છે. તબીબી જગત સાથે સંકળાયેલા લોકો પણ આ મામલાઓને લઈને ચિંતિત છે કારણ કે સામાન્ય વાયરસના કારણે આવું નથી થઈ રહ્યું. વાયરસ A, B, C, D અને E સામાન્ય રીતે હેપેટાઇટિસ માટે જવાબદાર હોય છે.

સાપ્તાહિક ગુજરાત વંદન

## સંપાદકીય....

## ભગવંત માન-હાથીના દાંત ચાવવાના જુદા, બતાવવાના જુદા અને સુપર સીએમના અભરખાં..!



ભારતમાં વીવીઆઈપી કલ્ચરની બોલબાલા છે. નાના નાના નેતાઓને પણ પોતાની આજુબાજુ પોલીસ હોય અને વચ્ચે પોતે ચાલી રહ્યાં હોય એવો દેખાડો કરવાના અભરખા ઓછા નથી. પંજાબના આપ પાર્ટીના સીએમ ભગવંત માને સીએમપદના શપથગ્રહણ પહેલાં જ પંજાબમાં જેમને વીવીઆઈપી સિક્યુરીટી મળી છે એવા 200 કરતાં વધારે નાના મોટા નેતાઓ, પૂર્વ અધિકારીઓની સિક્યુરીટી પાછી ખેંચી લેવાનો આદેશ ફરમાવ્યો. સીએમ માનની વાહવાહી થઈ. નેતાઓની આગળ પાછળ ફરતાં પોલીસકર્મીઓ વગેરે.ને નિયમિત પોલીસ કામગીરીમાં પરત મોકલાયા. પરંતુ સીએમ માનની આ વાહવાહી લાંબો સમય ટકી નહી. અહેવાલ છે કે સીએમ માને પોતાના પરિવારને વીવીઆઈપી સિક્યુરીટી આપી છે અને તેની ટીકા-ટીપ્પણી થઈ રહી છે.

કહેવત છે કે હાથીના દાંત બતાવવાના જુદા અને ચાવવાના જુદા હોય છે. એમ સીએમ ભગવંત માને અન્ય નાના-મોટા નેતાઓની સિક્યુરીટી પરત ખેંચી અને પોતાના પરિવારને આપીને એ કહેવત સાચી ઠેરવવાનો પ્રયાસ કર્યો છે. ભગવંત માને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીમાંથી શિખવુ જોઈએ. તેમના માતા કે ભાઈઓ પૈકી કોઈને પણ કાયમી વીવીઆઈપી સિક્યુરીટી નથી. ઘણાં એવા નેતાઓ પણ છે કે જેમને લાલબત્તી કલ્ચર ગમતું નથી. તો કેટલાક નેતાઓ અને ઉચ્ચ અધિકારીઓ એવા પણ છે કે તેમના બુટની દોરી પણ સેવકો બાંધી આપે..! ઘણાં પોલીસ અધિકારીઓ સામે આરોપ છે કે તેઓ ઓર્ડર્લીને સેવકની જે રાખીને ઘરના નાના મોટા કામો કરાવતા હોય છે. વિદેશમાં ઘણાં એવા વડાપ્રધાનો છે કે જેઓ ખૂબ સાદાઈથી રહે છે અને સાયકલનો ઉપોયગ કરતાં હોય છે. ભારતમાં લાલબહાદુર શાસ્ત્રી ખૂબ સાદાઈથી જીવતા હતા. જેઓ 3-4 વખત કામચલાઉ વડાપ્રધાન બન્યા હતા તે ગુલઝારીલાલ નંદા તો પાછલી જિંદગીમાં ભાડાના મકાનમાં રહેતા હતા. ગુજરાતના એક પૂર્વ સીએમ તો ઘરે કોઈ મળવા આવે તો જાતે પાણી આપતાં હતા. આવી સાદગીમાં રહી તેઓ નામ કમાવ્યાં. જ્યારે પંજાબના સીએમ તેનાથી ઉલટુ કરી રહ્યાં છે.

પંજાબના આપ પાર્ટીના સીએમની વાત થઈ રહી છે ત્યારે તેમના રાજકિય ગુરૂ અને દિલ્હીના સીએમ કેજરીવાલે દિલ્હીમાં પંજાબના અધિકારીઓની બેઠકને સંબોધીને સુપર સીએમ બનવાનો જે પ્રયાસ કર્યો તે પણ વખોડવાને પાત્ર છે. ભલે બન્ને રાજ્યોમાં એક જ પાર્ટીની સરકાર હોય તેમ છતાં બીજા રાજ્યના સરકારી અધિકારીઓની બેઠક અન્ય રાજ્યના સીએમ કઈ રીતે લઈ શકે..? પણ સીએમમાંથી હવે પીએમના અભરખાં રાખનાર કેજરીવાલની પાર્ટી ગુજરાતમાં શું ઉકાળશે...?

1992માં પોતાનું જીવન સંકેલ્યુ તે પહેલાં તેમણે ભારતના અને વિશ્વના ફિલ્મ જગતને અનેક અપ્રતિમ ફિલ્મોની ભેટ આપી

# એક મહાન વિભૂતિ સત્યજીત રે, જેની તોલે કોઈ ન આવે રે...!



## પહેલી ફિલ્મ પથેર પાંચાલીને "સર્વોત્તમ માનવીય પ્રલેખ" પુરસ્કારની સાથે કુલ અગિયાર આંતરરાષ્ટ્રીય પુરસ્કારો મળ્યા હતા...

હમણાં જ 23 એપ્રિલના રોજ ભારતના એક મહાન ફિલ્મ નિર્માતા-દિગ્દર્શક-ચિત્રકાર, સંપાદક અને જેમના વિષે જેટલુ લખીએ એટલુ ઓછુ એવા સત્યજીત રેની ચીર વિદાયને 3 દાયકા પૂરા ધયા. 23 એપ્રિલ, 1992ના રોજ કલકત્તામાં તેમણે પોતાનું જીવન સંકેલ્યુ હતું., પણ તે પહેલાં તેમણે ભારતના અને વિશ્વના ફિલ્મ જગતને એ અપ્રતિમ ફિલ્મોની ભેટ આપી તે વાસ્તવમાં એક ધરોહર સમાન છે.

આજની પેઢીમાંથી કેટલા સત્યજીત રેને કે પછી એમની પહેલી ફિલ્મ પથેર પાંચાલીને જાણતા હશે એ તો એક રસપ્રદ સંશોધનનો વિષય હોઈ શકે. પણ 2,મે 1921માં જન્મેલા સત્યજીત રે વિષે ફિલ્મ સંસ્થાઓમાં ભણાવવામાં આવે છે તે એક હકીકત છે. ફિલ્મ સંસ્થાઓમાં તેમની ફિલ્મો, કથાવસ્તુ, ડીરેક્શન, કેમેરા મૂવમેન્ટ, લાઈટીંગનો ઉપયોગ, ગીતનું કંપોઝ કઈ રીતે કર્યું, પટકથા અને ડાયલોગ સહિત તેમની ફિલ્મો અને તેમના વિષે ઝીણવટપૂર્વક જાણકારી આપવામાં આવતી હશે.

વાસ્તવમાં સત્યજીત રે જેવી વિભૂતિ વારંવાર આવતી નથી. તેમના જેવી આજે ફિલ્મો બનાવવી એક પડકાર કહી શકાય. ઉપરાંત આજના દર્શકોને એ કથાવસ્તુ ગમશે કે કેમ તેનો ખ્યાલ પણ ફિલ્મ બનાવનારાઓ રાખે તે સ્વાભાવિક છે. કેમ કે આજે બાહુબલિ, કાશ્મિર ફાઈલ્સ, ટ્રીપલ આર અને કેજીએફ-2 જેવી ફિલ્મો બોક્સ ઓફિસ પર ટંકશાળ પાડી રહી છે. 500 કરોડ...એક હજાર કરોડ..નું કલેકશન તો સાવ સામાન્ય છે ત્યારે 1950ના દાયકામાં ફિલ્મો કઈ રીતે બનતી હશે અને શું કલેકશન થયું હશે..?

આજની ફિલ્મોનું માપદંડ છે- કેટલી કમાણી કરી....?!પણ કઈ કેટેગરીમાં કેટલા પુરસ્કાર મળ્યા એના વિષે કોઈ ભાગ્યે જ પૂછતા હ્સે કે જાણતા હશે... અને તેનુ કારણ દર્શકોનો ટેસ્ટ કે રસનો વિષય હોઈ શકે. ભારતીય ફિલ્મ જગતને ધરોહર સમાન ફિલ્મોનો વારસો ઈપનાર સત્યજીત રે

સત્યજીત રાય (બંગાળીમાં શૉત્તોજિત્ રાય્) એક એવા ભારતીય ફિલ્મ નિર્દેશક હતા, જેમને ૨૦મી સદીના શ્રેષ્ઠ ફિલ્મ નિર્દેશકોમાં ગણવામાં આવે છે.એમનો જન્મ કોલકાતા (ત્યારે કલકત્તા)માં કલા અને સાહિત્યની દુનિયામાં જાણીતા એક બંગાળી પરિવારમાં થયો હતો. એમણે પ્રેસિડેન્સી કૉલેજ, કોલકાતા અને કનિવર રવિન્દ્રનાથ ટાગોરની વિશ્વ-ભારતી વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ કર્યો હતો. એમણે પોતાની કારર્કિદીની શરુઆત વ્યાપારી કલાકાર ચિત્રકાર તરીકે જ કરી હતી. તેઓ ફ્રાન્સના ફિલ્મ નિર્દેશક જ્યાઁ રન્વારને મળ્યા પછી અને લંડનમાં ઈટાલિયન ફિલ્મ લાદ્રી દી બિસિક્લેત્તે (Ladri di biciclette, સાઈકલ ચોર) જોયા પછી ફિલ્મ નિર્દેશન બાજુ ખેંચાયા હતા.. રાયે પોતાના જીવનમાં અલગ અલગ થીમ આધારીત ૩૬ ફિલ્મોનુ નિર્દેશન કર્યુ, જેમા ફીચર ફિલ્મો, વૃત્ત ચિત્ર અને લઘુ ફિલ્મો પણ છે.1955માં એમની પહેલી ફિલ્મ પથેર પાંચાલી (પથેર પાઁચાલી એટલે રસ્તા નુ ગીત) ને કાન્સ ફિલ્મોત્સવમાં મળેલ "સર્વોત્તમ માનવીય પ્રલેખ" પુરસ્કારને ગણીને કુલ અગિયાર આંતરરાષ્ટ્રીય પુરસ્કારો મળ્યા. હતા.

રે કે રાય ફિલ્મ નિર્માણ સંબંધીત કેટલાય કામો જાતે કરાતા હતા – પટકથા , અભિનેતાની શોધ, પાર્શ્વ સંગીત લખાણ, ચલચિત્રણ, કલા નિર્દેશન, સંપાદન અને પ્રચાર સામગ્રીની રચના કરવી. ફિલ્મો બનાવવા ઉપરોક્ત તેઓ વાર્તાકાર, પ્રકાશક, ચિત્રકાર અને ફિલ્મ સમીક્ષક પણ હતા. રાય ને એમના જીવનકાળ દરમિયાન મળેલા પુરસ્કારો પૈકી , ઓસ્કાર અકાદમી પુરસ્કાર અને ભારત રત્નનો પણ સમાવેશ થાય છે. તેઓ તેમના માનવતાવાદ, તેમની બહુમુખી પ્રતિભા અને તેમની ફિલ્મો અને તેમના સંગીત પરના તેમના વિગતવાર નિયંત્રણ માટે જાણીતા હતા. 20મી સદીના મહાન ફિલ્મ નિર્માતાઓમાંના એક હતા.

પ્રારંભિક જીવનમા ડોક્યુ કરીએ તો તેઓ 3 વર્ષના હતા ત્યારે પિતાનું 1923માં અવસાન થયું હતું. તેમના દાદા લેખક અને ચિત્રકાર હતા અને તેમના પિતા પણ સુકુમાર રે, બંગાળી લેખક અને ચિત્રકાર હતા,. એમ કહી શકાય કે લલિતકળા-ફાઈન આર્ટસ- તેમને ગળથુથીમાં મળી હતી. જે તેમને પોતાની ઉત્કૃષ્ઠ ફિલ્મોના નિર્માણમાં કામ આવ્યું.

1943માં રેને બ્રિટિશ માલિકીની જાહેરાત એજન્સીમાં નોકરી મળી, થોડા વર્ષોમાં તે તેના આર્ટ ડાયરેક્ટર બન્યા, અને એક અગ્રણી ભારતીય ટાઈપોગ્રાફર અને બુક-જેકેટ ડિઝાઈનર બનીને કોમર્શિયલ ઈલસ્ટ્રેટર તરીકે પ્રકાશન ગૃહ માટે પણ કામ કર્યું. તેમણે ચિત્રિત કરેલા પુસ્તકોમાં (1944) નવલકથા હતી પાથેર પંચાલી. જે બિભૂતિ ભૂષણ બેનર્જી દ્વારા લખવામાં આવી હતી. તેના પરથી ફિલ્મ બનાવવા તરફ તેમનુ મન ખેંચાવા લાગ્યુ હતું. અને આખરે તેના પરથી ફિલ્મ બનાવી ત્યારે તે આંતરરાષ્ટ્રીય સ્તરે લોકપ્રિય બની હતી.

રે બંગાળી નિર્માતાઓ પાસેથી પોતાની પહેલી ફિલ્મ પથેર પાંચાલી માટે નાણાં એકત્ર કરવામાં અસમર્થ હતા, જેમણે આવા બિનપરંપરાગત વિચારો સાથે પ્રથમ વખત નિર્દેશક પર અવિશ્વાસ કર્યો હતો. રેએ પથેર પાંચાલી માટે પોતાની તમામ સંપત્તિ વેચી નાંખી હતી. અને પોતાના પૈસાનો ઉપયોગ કરીને ફિલ્મ શરૂ કરી પણ 1952ના અંત સુધી શૂટિંગ શરૂ થઈ શક્યું ન હતું, બાકીના પૈસા આખરે પશ્ચિમ બંગાળ સરકાર તરફથી આવ્યા. આ ફિલ્મને પૂર્ણ થવામાં અઢી વર્ષનો સમય લાગ્યો, તેમની પહેલી ફિલ્મમાં સાથે કામ કરનારાઓમાં મોટા ભાગનાને અવેતન ધોરણે કામ કરતા હતા અને મોશન પિક્ચર્સમાં કોઈપણ અનુભવ ધરાવતા નહોતા..

પાથેર પાંચાલી 1955માં પૂર્ણ થઈ હતી અને તે 1956ના કાન્સ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં મુખ્ય પુરસ્કાર બાદ બંગાળમાં અને પછી પશ્ચિમમાં વ્યાપારી અને જબરદસ્ત વિવેચનાત્મક બંને રીતે સફળ બની હતી . આનાથી રેને ટ્રાયોલોજીની અન્ય બે ફિલ્મો બનાવવા માટે જરૂરી નાણાકીય પીઠબળની ખાતરી મળી:અપરાજિતો

(અનુસંધાન પેજ નં. 8 પર)

## ધર્મ

## અખાત્રીજ પર 50 વર્ષ બાદ ગ્રહોનો અદભુત સંયોગ, બની રહ્યા છે ત્રણ રાજયોગ

વૈશાખ માસના શુક્લ પક્ષની ત્રીજ અક્ષય તૃતીયા તરીકે પ્રસિદ્ધ છે. તેને અખાત્રીજ પણ કહેવામાં આવે છે. આ વર્ષે અક્ષય તૃતીયા 3 મેના દિવસે મંગળવારે મનાવવામાં આવશે. આ દિવસે અબૂઝ મુહૂર્ત હોય છે, આ દિવસે તમે કોઈપણ શુભ કાર્ય મુહૂર્ત જોયા વગર કરી શકો છો. આ વર્ષે અક્ષય તૃતીયા મંગળ રોહિણી નક્ષત્રના શોભન યોગમાં છે, જે તૈતિલ કરણ અને વૃષભ રાશિના ચંદ્રમા સાથે આવી રહી છે. આ અવસર પર મંગળવાર અને રોહિણી નક્ષત્રના કારણે મંગળ રોહિણી યોગ બની રહ્યો છે. આ દિવસે શોભન યોગ અક્ષય તૃતીયાને શુભ બનાવી રહ્યો છે, તો 50 વર્ષ બાદ ગ્રહોના વિશેષ યોગથી અદ્ભુત સંયોગ પણ બની રહ્યો છે. 30 વર્ષ બાદ અક્ષય તૃતીયા પર બની રહેલો શુભ યોગ પણ આ દિવસનું મહત્વ વધારી રહ્યો છે. શ્રી કલ્લાજી વૈદિક વિશ્વવિદ્યાલયના જ્યોતિષ વિભાગના અધ્યક્ષ ડૉ. મૃત્યુંજય તિવારી પાસેથી જાણીએ અક્ષય તૃતીયા પર બનવા જઈ રહેલા રાજયોગ અને તેના મહત્વ વિશે.

### અક્ષય તૃતીયા પર 3 રાજયોગ

■ અક્ષય તૃતીયાના દિવસે શુક્ર પોતાની ઉચ્ચ રાશિમાં હોવાને કારણે માલવ્ય રાજયોગ, ગુરુના મીન રાશિમાં હોવાથી હંસ રાજયોગ અને શનિ તેના ઘરમાં બિરાજમાન હોવાથી શશ રાજયોગ બની રહ્યો છે. તો આ દિવસે સૂર્ય અને ચંદ્ર તેમની ઉચ્ચ રાશિમાં રહેશે. લગભગ 50 વર્ષ બાદ એવો સંયોગ બન્યો છે કે બે ગ્રહ ઉચ્ચ રાશિમાં અને બે પ્રમુખ ગ્રહ સ્વરાશિમાં હશે.

■ અક્ષય તૃતીયા પર આ ગ્રહોના યોગથી બનેલા અદ્ભુત સંયોગમાં દાન કરવું ખૂબ જ પુણ્યકારી હશે.

■ આ દિવસે ચાર ગ્રહોનું અનુકૂળ સ્થિતિમાં હોવું અક્ષય તૃતીયાને વધુ ખાસ બનાવે છે. આ દિવસે કોઈપણ શુભ કાર્ય કરવાથી ઉત્તમ ફળ મળશે. આ દિવસે શુભ કાર્ય માટે મુહૂર્ત જોવાની જરૂર નથી.

### અક્ષય તૃતીયાનું મહત્ત્વ

■ અક્ષય તૃતીયાના અવસર પર પ્રસિદ્ધ તીર્થસ્થળ બદ્રીનારાયણના કપાટ ખુલે છે અને ત્યાં પૂજા અર્ચના શરૂ થાય છે.

■ અક્ષય તૃતીયાના દિવસે વૃંદાવનના શ્રી બાંકે બિહારીજી મંદિરમાં શ્રી વિગ્રહના ચરણ દર્શન કરી શકાય છે. વર્ષભરમાં આ માત્ર એક જ અવસર હોય છે, જે દિવસે તમે આવા દર્શન કરી શકો છો.


■ અક્ષય તૃતીયા પર પરશુરામ જયંતિ ઉજવવામાં આવે છે. ભગવાન વિષ્ણુએ વૈશાખ માસના શુક્લ પક્ષની ત્રીજના દિવસે પરશુરામ અવતાર ધારણ કર્યો હતો.

■ અક્ષય તૃતીયા ખૂબ જ શુભ માનવામાં આવે છે, તેથી આ દિવસે લગ્ન, સગાઈ કરવા ઉપરાંત મકાન, વાહન, કપડાં, ઘરેણાં વગેરેની ખરીદી કરવી પણ શુભ માનવામાં આવે છે.

# ઊઠો, એક માણસને ઉગાડીએ....

## ઉર્જા ઉજાસની

નટવર ગોહેલ





ચાંદ-સૂરજનું ઉગવું અને આથમવું તે પ્રક્રિયા નૈસર્ગિક છે. તેમાં માણસનો જાણે-અજાણે કોઈ હાથ નથી. બીજ વાવી તેને વૃક્ષમાં રૂપાંતરિત કરવું તે માણસના હાથની વાત, ઉગીને ઘટાદાર થયેલા વૃક્ષને મૂળ સોતુ ઉખાડી એનું બળતણ કરી દેવું એ પણ માણસની વાત.

માણસ પોતે બીજમાંથી વૃક્ષ બનાવી શકે તો તેનું છેલ્લા શ્વાસ સુધી જતન શું કામ ના કરી શકે ? જિંદગીભર પાણી સિંચી એણે વૃક્ષ ઉગાડ્યું તો તેનો રખોપિયો પણ બની શકે ને..? વૃક્ષનું જતન કરનાર ખુદ વૃક્ષ સાથે ઉગી નિકળે છે. ઉગી નીકળવાની વાત સમજવી અઘરી નથી. ઉગવું એટલે વિસ્તરવું, વિકસવું ને સાંગોપાંગ વૃદ્ધિ તરફની દિશાનું પ્રયાણ.

એક માણસ બીજા માણસને ઉગાડી શકે છે, સાચી સમજ, પ્રેરણા કે જ્ઞાન આપીને, સાચી કેડીએ ચડાવીને, તેનામાં આત્મબળ જગાડીને અને વધુને વધુ સફળ બનવાના દ્વારે પહોંચાડીને. એક માણસ, આ રીતે બીજા માણસને ઉગાડી શકે છે.

કોઈ માણસ 'માણસાઈના દીવા' પ્રગટાવી શકે, માનવતાની જ્યોત ચેતવી શકે, પણ આતો આખે આખા માણસને ઉગાડવાની વાત છે. આજના સમયના વિશ્વ પ્રસિદ્ધ ઉદ્યોગપતિ એરપોર્ટ પરથી મુખ્ય રસ્તે આવ્યા ત્યારે એમને ઉગાડવાનો શ્રમ એક છાપાવાળાએ કરેલો. તમને નવાઈ લાગીને..? પ્રશ્ન પણ થશેઃ એ કેવી રીતે...?

એ વખતે નવા સવા ઉદ્યોગપતિને છાપું વાચવાની ઈચ્છા થઈ, ખિસ્સામાં છૂટું પરચુરણ નહીં, છાપાવાળાએ ઉધાર છાપું આપ્યું. આવી રીતે બીજી વખત પણ બનેલું. બબ્બે વખત એમણે ઉધાર છાપું લીધું, વખત જતાં ખૂબ મજબૂત પગવાળા બનેલા એ ઉદ્યોગપતિની અંદર ઉગેલા માણસને થયું મારે એ છાપાવાળાને શોધી કાઢી બે છાપાના જે થાય તે ટોટલ રકમનું કર્જ ચુકવવું જોઈએ. ખૂબ જ શોધખોળ પછી છાપાવાળો માણસ મળ્યો. પણ તેણે ઉદ્યોગપતિ પાસેથી પૈસા લીધા નહીં, 'તમે આટલા વર્ષે યાદ રાખી આવ્યા એ મારી કિંમત' એમ કહી એણે રાષ્ટ્રપ્રમુખને પણ ભોંઠા પાડે તેવું સ્મિત ફરકાવી દીધું.

પેલા ઉદ્યોગપતિએ, અથવા તેની અંદર ઉગી નીકળેલા માણસે સારો બદલો આપવાની વાત જણાવી તોય છાપાવાળાએ ધરાર ઈન્કાર કર્યો. એ ઉદ્યોગપતિ એટલે બિલગેટ્સ.

હા, આ છાપાવાળાએ આ રીતે એક માણસને ઉગાડ્યો હતો. કોઈ કંપનીમાં જોડાયેલા માણસને 'ઓફિસ વર્ક'થી ઘડવા અને પલોટવામાં સિનિયર માણસ મદદ કરે ત્યારે તે એક માણસને ઉગાડવાનું કામ કરે છે, જો એનામાં દૈવત હોય કે એવા વૃદ્ધિપોષક તત્વો અર્થાત્ સમજ હોય તો તે અવશ્ય ઉગી શકે છે. નહીં તો તેના માટે તે જમીન ઉપકારક નથી એમ માની એણે નવા માણસ તરફ અગ્રેસર થવું પડે છે.

શિક્ષક અને માતા બાળકની અંદરના ભાવિ માણસને ઉગાડવાનો સંસ્કાર લક્ષી ઉદ્યમ કરે છે. આજના જમાનામાં તો એવા અનેક ઈર્ષાળુ, દાઝેલા, ઘમંડી લોકો વિદ્યમાન છે. એ પોતે તો માણસ નથી પણ ઉગવા ઈચ્છતા માણસને ઉગતો જ ધરાશાયી બનાવી દે છે. એક દુષ્ટ માણસ મૂળ સોતો માણસ ઉખાડી ફેંકી દે છે.

કોઈ પણ ક્ષેત્રમાં નવો માણસ પ્રવેશ કરે છે ત્યારે તેની અંદરના રુચિભાવ ધરાવતા માણસને, સાચા માણસને બહાર લાવવાનું અર્થાત્ ઉગાડવાનું કામ સિનિયરને સોપાય છેઃ એની અંદરના માણસને બહાર લાવો. સાચી સમજ આપી તૈયાર કરો.

આજનો જમાનો સ્પર્ધાનો છે. કોઈ બની બેઠેલો, તૈયાર થયેલો નવા સ્પર્ધકને જગ્યા નહીં આપે, તેને ખુદને પોતાનું સિંહાસન ડોલતું થાય તે સ્વીકાર્ય નથી. સાચા માણસને શોધવાનો ઉદ્યમ કરવાનો છે. ભાગ્યમાં હશે તો તમારૂ પદ કોઈ છીનવી શકશે નહીં. પણ, અન્ય વ્યક્તિની અંદરના માણસને સાચા અર્થમાં સાંગોપાંગ માણસ તરીકે ઉગાડવાનું કામ કરવું ખુબ જરૂરી છે.

કોઈ શીખીને આવ્યું નથી હોતું, પણ દરેક પ્રકારના હુન્નરમાં માણસે ક્ષમતા મુજબ રસ-રૂચિ દાખવી ઉગી નીકળવા પ્રતિબંધ બનવું આવશ્યક છે. કોઈ તમને ઉંચકીને એક જગ્યાથી બીજી જગ્યાએ મુકે છે ત્યારે તે નવી જગ્યાએ ઉગી નીકળવા માટે પ્રતિબદ્ધતા કેળવી જોઈએ.

કોઈ જણ કોઈ એક વિષયમાં પારંગત હોય તો તેણે તેની એ કળાનું તત્વ બીજામાં નિરૂપવું જોઈએ, એ રીતે તેને ઉગાડવામાં મદદ કરવી જોઈએ. તમને જ્યાં મુકવામાં આવે ત્યાં ઉગી નીકળો, નહીંતર તરત જમીન બદલી નાથો. આંગળી ચીંધનાર માનવ તમને ઉગવા માટેની દિશા જ બતાવે છે.

ખિસ્સામાં જાતજાતની પેનો ભરાવી દિલ્હીના ચાંદની ચોકમાં ધંધો કરતા ગુલશન નંદા નામના માણસની અંદર કોઈકે પ્રેરણાનું ઝરણું વહાવ્યું અને તે ગુલશન નંદા તરીકે ભડભાદર લેખક બનીને ઉગી નીકળ્યા. બે ચાર યુવાનોએ જતિનને પ્રેરણા આપી, તારામાં એક્ટરને સાજે એવું મટીરીયલ છે, ને એ માણસ 'રાજેશ ખન્ના' તરીકે ઉગી નીકળ્યા.

સુનિલ દત્તે પોતાના બંગલાની પરશાળમાં સૂતેલા રાજેન્દ્રને ચિઠ્ઠી લખી આપી, કહ્યું : જા નિર્માતાને મળ! તને કામ આપશે,અને જુઓ એ માણસ જ્યુબિલી સ્ટાર રાજેન્દ્ર કુમાર બનીને ઉગી નીકળ્યા. એટલે સાચા માણસે માણસ વાવવાનું કામ કરવું જોઈએ. વાત અઘરી લાગી ? નહીં ને..? તો તમેય પણ ઊઠો માણસને ઉગાડવા!

# "માળો" માસ્તરની નજર સામે ગોખલામાં પડી, તો ચકલા ચકલીનો માળો પવનમાં ઉડી ગયો

સાપ્તાહિક ગુજરાત વંદન

જીવન વહેણ

અશોકસિંહ એ. ટાંક

હિચકે બેઠા બેઠા માસ્તર સામેના ગોખલામાં માળો કરતા ચકલી અને ચકલાને જોઈ રહ્યા હતાં. ચકલો મહામહેનતે તણખલું ગોખલામાં ગોઠવે છે. તણખલુ નીચે પડી જાય છે. ફરી ચકલો તણખલું ઉઠાવે છે, ને ફરી ફરી પડી જાય છે. માંડ માંડ કરી ચકલો તણખલુ માળામાં ગોઠવે છે. ચકલો થાકીને માળામાં બેસી ગયો. તે ગોખલામાંથી ચાંચ બહાર કાઢી હાંફી રહ્યો હતો. ને સંતોષ ભરી નજરે માસ્તર સામે તાંકી રહ્યો હતો.

માસ્તર મકાન બનાવવાના રૂપિયા ભેગા થાય પછી પ્લોટ લઈને મકાન બનાવવાની વાટે ને વાટે ઉંમરના એક પછી એક સ્ટેશન વટાવીને અડધી મંજિલે પહોંચી ગયા હતાં.

શરૂવાતમાં રૂપિયા ભેગા થયા પ્લોટનું પાકુ થયુ, ત્યાં અચાનક તેની પત્નીની બીમારીમાં ખર્ચાઈ ગયા.

વળી, પૈસો પૈસો બચાવીને મકાન લેવાની તૈયારી કરી ત્યાં દિકરીનાં લગ્ન આવ્યા. તેમાં પૈસા વપરાઈ ગયાં. વળી થોડા વર્ષ પછી પોતાની બચત જી.પી એફ. નાં પૈસા ઉપાડી મકાન લેવાની તૈયારી કરી ત્યાં, છોકરાના ભણવાના ડોનેશનમાં વપરાઈ ગયા. આમને આમ સમય હાથમાં રહેલી જીણી રેતીની માફક સરી ગયો. હવે તો પ્લોટ, મકાન એટલા મોંઘા થઈ ગયા હતા કે માસ્તરની બચતમાંથી તો આખી જિંદગી પૂરી થાય તો પણ લઈ શકાય તેમ નહોતા.

માસ્તરે બેંક લોન કરી મકાન લેવાનું વિચાર્યું. કેટલાંય કાગળિયા ભેગાં કર્યાં. આજે અઠવાડિયાથી બેંક લોન માટેની દોડાદોડ કરી, જાતભાતના ડોક્યુમેન્ટ ભરેલી જાડી ફાઈલ ઉપાડી બેંકે ગયા. તો ફાઈલ જોઈ બેંક મેનેજરે કહ્યુ, "સાહેબ તમારે નોકરીના હવે આઠ વર્ષ જ રહ્યા છે. તેથી તમને લોન નહીં મળે, સોરી"

માસ્તર બેંકેથી પાછા આવી નિરાશ થઈ પોતાના ભાડાના મકાનમાં કટાઈ ગયેલા હીચકામાં બેસીને પગના ઠેલાં મારી હિચકતા હિચક્તા નસીબને કોચી રહ્યાં હતા.

ચોમાસાની શરૂઆત હતી, આકાશ કાળા વાદળોથી ગોરંભાયું હતું. અચાનક ધૂળની ડમરી ચડી. જોરદાર પવન ફૂંકાવા લાગ્યો. વંટોળની એક આંટી આવી. વાદળો ખેંચાઈ આવ્યા.

**ચકલો મહામહેનતે તણખલું ગોખલામાં ગોઠવે છે, નીચે પડી જાય છે, ફરી તણખલું ઉઠાવે છે, ને ફરી ફરી પડી જાય છે**

ચારે બાજુ બધુ ઊડવા લાગ્યું. ઘડીક કશું દેખાય નહિ તેવી વાવળ ચડી. પછી ધીમે ધીમે પવન થંભી ગયો. ધૂળની ડમરી બેસી ગઈ.

માસ્તરની નજર સામે ગોખલામાં પડી, તો ચકલા ચકલીનો માળો પવનમાં ઉડી ગયો હતો. ચકલી ચક..ચક.. કરી રહી હતી. ચકલો પાંખો ઢીલી કરીને માસ્તર સાહેબ સામું જોઈને બેઠો હતો. ધીમે ધીમે વરસાદ વરસવા લાગ્યો. માસ્તર સાહેબ અને ચકલો બંને ભીંજાવા લાગ્યા.



Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

# નવરંગપુરામાં ચાલકનું ધ્યાન ભટકાવી ગઠીયો કારમાંથી 26 લાખ તફડાવી ફરાર

### મારી એક્ટિવા સાથે ગાડી કેમ અથડાવી તેમ કહીને ગઠીયાએ ઝઘડો કર્યો હતો

ગુજરાત | વંદન

તમારી ગાડી તમે મારી એક્ટિવા સાથે કેમ અથડાવી તેમ કહીને ગઠીયાઓએ ગાડી ચાલક સાથે તકરાર કરી 26 લાખથી વધારેની રકમ લઇને ફરાર થઇ ગયો હતો. જ્યારે માથાકુટ પુરી કરીને વેપારી ગાડીમાં આવ્યો ત્યારે તેને ખબર પડી હતી કે, તેને આ નાનકડો અકસ્માત લાખો રૂપિયામાં પડ્યો છે. નિકોલમાં રહેતા અને દરિયાપુર હાર્ડવેર ટ્રેડિંગની ઓફીસ ધરાવતા પ્રવીણભાઈ પટેલ આર.કે આંગડીયા પેઢીમાંથી 26.70 લાખ રૂપિયા એક બેગમાં મુકીને ડ્રાઈવર સીટની બાજુમાં મુકીને સ્વસ્તિક ચાર રસ્તા નવરંગપુરા ચાર રસ્તા તરફ જઈ રહ્યા હતા.



આ દરમિયાન હરિઓમ રેસ્ટોરન્ટ પાસે સાંજના સાતેક વાગ્યાની આસપાસ એક એક્ટિવ ચાલક ડ્રાઈવર સાઈડથી અચાનક આગળ આવી ગયો હતો.

તમે મારી એક્ટિવા સાથે ગાડી કેમ અથડાવી તેમ કહીને ઝગડો શરૂ કર્યો હતો. આમ કહીને તેણે ઉગ્ર રીતે બોલાચાલી શરૂ કરી હતી. જો કે તે ત્યાં વ્યસ્ત હતા તેટલા સમયમાં જ બીજી તરફથી આવેલા બે ગઢીયાઓ દ્વારા બાજુમાં પડેલો લાખોની રૂપિયાની કિંમતનો થેલો લઈને ફરાર થઈ ગયા હતા. જો કે આનો અંદેશો વેપારીને ખુબ જ મોડો આવ્યો હતો.

વેપારીએ આ અંગેની ખબર પડતા આ ગઠીયાઓનો પીછો કરવાનો પણ પ્રયાસ કર્યો હતો. સ્વસ્તિક ચાર રસ્તાથી સ્ટેડિયમ છ રસ્તા સુધી તેમણે આ ગઠીયાની ગાડીનો પીછો પણ કર્યો હતો. જો કે ત્યાર બાદ ટ્રાફીકના કારણે ગઠીયાઓ ફરાર થવામાં સફળ રહ્યા હતા.

વેપારીએ આખરે પોલીસ સ્ટેશનમાં આ અંગેની ફરિયાદ દાખલ કરાવી હતી. જેના પગલે પોલીસ પણ આટલી મોટી ચોરીની ઘટનાથી દોડતી થઈ છે. હાલ તો પોલીસે સમગ્ર મામલે ફરિયાદ દાખલ કરીને તપાસ આદરી છે

## માણેકચોકમાં ભીડનો લાભ લઈ 5.90 લાખનું સોનું ભરેલો થેલો લૂંટી ફરાર

ગુજરાત | વંદન

સાણંદમાં રહેતા હિરેનકુમાર ગોરાવાલ (ઉં.41) રતનપોળ હાથીખાના સુરતી બિલ્ડિંગમાં દુકાન ધરાવીને સોના-ચાંદીના દાગીનાનો ધંધો કરે છે. 30 માર્ચે હિરેનકુમાર સાણંદથી થેલામાં રૂ.5.90 લાખની કિંમતનું 117.990 ગ્રામ સોનું લઈને અમદાવાદ આવ્યા હતા. હિરેનકુમાર માણેકચોક એમ.કે. જવેલર્સ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક લુટારુ તેમના હાથમાંથી થેલો લૂંટીને ભીડમાં ગુમ થઈ ગયો હતો.

આ અંગે હિરેનકુમારે ખાડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને લુટારુની શોધખોળ શરૂ કરી છે.

# ખાડિયાના કોર્પોરેટર દ્વારા દસ હજાર ઘરોમાં મચ્છરના પોરા નાશક દવાનો છંટકાવ કરાયો

### વોર્ડમાં રાઉન્ડ દરમ્યાન રહીશોને મચ્છરજન્ય રોગ સામે જાગૃત કરે છે



ગુજરાત | વંદન

મ્યુનિ.ના હેલ્થ -મેલેરિયા વિભાગ તરફથી કરવામાં આવતી કામગીરી ઉપરાંત ખાડિયા વોર્ડના ભાજપના કોર્પોરેટર પણ તેમના મત વિસ્તારમાં મચ્છરજન્ય રોગ સામે રહીશોને રક્ષણ માટે સતત કામગીરી કરે છે. વોર્ડમાં રાઉન્ડ દરમ્યાન અત્યાર સુધીમાં તેમણે દસ હજાર ઘરોમાં મચ્છરના પોરાનો નાશ કરવા દવાનો છંટકાવ કરવાની સાથે રહીશોને મચ્છરજન્ય રોગ સામે જાગૃત કર્યા છે.

ખાડિયા વોર્ડના કોર્પોરેટર પંકજ.બી.ભટ્ટ એક વર્ષ પહેલા ચૂંટાઈને કોર્પોરેટર બન્યા એ સમયથી તેમના વોર્ડમાં આવેલી વિવિધ પોળ અને અન્ય વિસ્તારમાં નિયમિત રાઉન્ડ લે છે. સ્થાનિક રહીશોની વચ્ચે જઈ રોજ સવારે છ થી નવ સુધી પહોંચી પાણીના લીકેજીસ બંધ કરાવવા ઉપરાંત મચ્છરજન્ય બીમારી સામે રહીશોને રક્ષણ મળે એ હેતુથી તેને લગતી દવા સાથે લઈ જઈ લોકોના ઘરોમાં આવેલા પાણીના ટાંકા સહિતના પાણી ભરવા માટેના અન્ય સાધનોમાં દવા નાંખી રહીશોને મચ્છરજન્ય રોગ સામે કયા પ્રકારે રક્ષણ મેળવી શકાય એ અંગેની પત્રિકાનું પણ વિતરણ કરે છે. આ એક એવા કોર્પોરેટર છે જેમણે તેમના વોર્ડમાં આવેલી નાની ગટરના ઢાંકણા જો તુટેલી હાલતમાં જોવા મળ્યા હોય તો તે પણ બદલાવ્યા છે.

## મેટ્રોના 28 લાખની કેબલ ચોરીની ફરિયાદ પોલીસે ન લેતા આખરે કોર્ટમાં જવું પડ્યું



ગુજરાત | વંદન

સાબરમતીમાંથી 4 મહિના પહેલાં મેટ્રો ટ્રેન પ્રોજેકટના રૂ.28.50 લાખના કોપરના વાયર ભરેલા ડ્રમની ચોરી થતાં તેની ફરિયાદ નોંધાવવા મેટ્રો ટ્રેન પ્રોજેક્ટના એન્જિનિયર વારંવાર સાબરમતી પોલીસ સ્ટેશન જવા છતાં પોલીસે તેમની ફરિયાદ લીધી નહોતી. જેથી તેમણે પોલીસ કમિશનરને લેખિત ફરિયાદ કરી છતાં સાબરમતી પોલીસે ફરિયાદ નહીં નોંધતા આખરે એન્જિનિયરે કોર્ટમાં ફરિયાદ કરતા કોર્ટના આદેશથી સાબરમતી પોલીસે ફરિયાદ નોંધી હતી.

# અમદાવાદમાં વિકાસ કાર્યો હેઠળ 5 હજાર જેટલા વૃક્ષો કપાયા

### પ્લાન્ટેશન પાછળ એક વર્ષમાં તંત્રએ 44.45 કરોડનો ખર્ચ કર્યો



ગુજરાત | વંદન

અમદાવાદમાં ગ્રીન કવર વધારવા માટે તંત્ર પ્રયાસો કરી રહ્યું છે. શહેરના ગ્રીન કવર એરિયા 10 ટકા થયો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. તો બીજી બાજુ અમદાવાદમાં વિકાસ કાર્યો હેઠળ 5 હજાર જેટલા વૃક્ષો કપાયા હોવાની માહિતી સામે આવી છે.

વિપક્ષનેતા શહેજાદખાન પઠાણે માંગેલી માહિતીના જવાબમાં તંત્રએ આપેલા જવાબ મુજબ, 3 વર્ષમાં રોડ પહોળા કરવા સહિતના અન્ય પ્રોજેક્ટ હેઠળ મ્યુનિ. તંત્રએ વિવિધ વિસ્તારમાં આવેલા 5 હજાર જેટલા વૃક્ષો કાપ્યા છે. કપાયેલા વૃક્ષોના લાકડાના વેચાણ પેટે 19.52 લાખની આવક થવા પામી છે.

અમદાવાદમાં એક વર્ષમાં બગીચાઓના ડેવલપમેન્ટ તથા વિવિધ વિસ્તારમાં વૃક્ષોના પ્લાન્ટેશન કરવા પાછળ મ્યુનિ. ના બગીચા ખાતાએ રેવન્યુ અને કેપિટલ બજેટમાંથી 41.92 કરોડ તથા કોર્પોરેટરના બજેટમાંથી 2.29 કરોડ એમ કુલ મળીને 44.45 કરોડનો ખર્ચ કર્યો છે.

મહત્વનું છે કે, 2012માં અમદાવાદ શહેરનો ગ્રીન કવર એરિયા 4.66 ટકા હતો. જે 2021માં વધીને 10 ટકા સુધી પહોંચ્યો હોવાની તત્કાલીન મ્યુનિ. કમિશનરે જાહેરાત કરી હતી. શહેરમાં કુલ 283 નાના મોટા બગીચા અને દસ અર્બન ફોરેસ્ટ આવેલા છે.

વર્ષ 2020-21માં મ્યુનિ. દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારોમાં કુલ 10.13 લાખ રોપા રોપવામાં આવ્યા હતા. વર્ષ 2021-22માં 13.40 લાખ રોપા રોપવાનો લક્ષ્યાંક હતો. જે સામે ફેબ્રુઆરી-2022 સુધીમાં બગીચા વિભાગે 12.82 લાખ રોપા રોપ્યા હતા. એક વર્ષમાં તંત્રએ 12.82 લાખ રોપા રોપવા તેમજ મફતમાં રોપા વિતરણ કરવા પાછળ 7.39 કરોડનો ખર્ચ કર્યો છે.

## અમદાવાદમાં ગરમીનો પ્રકોપ, રોડ સુમસામ બન્યા, લૂ લાગવાના કિસ્સા વધ્યા



ગુજરાત | વંદન

અમદાવાદમાં ગરમીનો પારો આગામી ગુરૂવાર, શુક્રવાર સુધીમાં ૪૪ ડિગ્રી સુધી પહોંચી શકે છે. ઉનાળું સિઝન છે તેથી ગરમી વધતી રહેશે, ઉત્તર અને ઉત્તર-પશ્ચિમ દિશામાંથી સુકા પવનો ફૂંકાઇ રહ્યા છેજેના કારણે ગરમીનો પારો વધશે. અમદાવાદમાં ૪૨ ડિગ્રી પારો રહ્યો હતો. એપ્રિલ માસમાં અંત સુધીમાં ગરમી તેની ચરમસીમાએ હશે તેવું હવામાન ખાતાનું અનુમાન છે. અમદાવાદમાં ૪૨ ડિગ્રી તાપમાન વચ્ચે શહેરીજનો રીતસરના ગરમીમાં શેકાયા હતા. એટલું જ નહીં રસ્તાઓ સુમસામ ભણી રહ્યા હતો, તો બપોરે કરફ્યું જેવો માહોલ શહેરના રોડ પર જોવા મળ્યો હતો.

## આંધ્ર પ્રદેશનાં કેટલાંક જ્વેલર્સને કરોડોમાં નવડાવી ફરાર પિતા-પુત્ર બાપુનગરમાંથી ઝડપાયા

ગુજરાત | વંદન

આંધ્ર પ્રદેશના વિજયવાડામાં રહેતા પિતા-પુત્રએ અનેક જ્વેલર્સ પાસેથી કરોડો રુપિયાની કિંમતનું સોનું ખરીદીને છેતરપિંડી આચરી હતી. આ મામલે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

અનેક જ્વેલર્સને કરોડો રુપિયામાં સૂવડાવી દેનારા પિતા-પુત્ર ફરાર થયા બાદ અમદાવાદના બાપુનગર વિસ્તારમાં છૂપાયા હતા. આ વાતની જાણ અમદાવાદ ક્રાઈમ બ્રાંચને થતા ટીમે દરોડા પાડીને છેલ્લાં કેટલાંય સમયથી ફરાર પિતા-પુત્રને ઝડપી પાડીને વિજયવાડા પોલીસને સોંપ્યા હતા. પોલીસ તપાસમાં આ મામલે અનેક ખુલાસા થવાની સંભાવના છે.

મૂળ આંધ્ર પ્રદેશમાં રહેતા આરોપી પિતા-પુત્રએ વિજયવાડાના અનેક જ્વેલર્સ પાસેથી કરોડો રુપિયાની કિંમતનું સોનું ખરીદ્યું હતું. બાદમાં તેમની સાથે છેતરપિંડી




આચરીને ત્યાંથી ફરાર થઈ ગયા હતા. એ પછી પોલીસથી બચવા માટે આરોપી દિવેશ મનોજકુમાર જૈન અને તેના પિતા મનોજકુમર જૈન અમદાવાદના બાપુનગરમાં અનિલ સ્ટાર્ચ મીલ રોડ પર આવેલી તપોવન સોસાયટીમાં આવીને છૂપાયા હતા. અમદાવાદ ક્રાઈમ બ્રાંચને બાતમી મળતાં પોલીસની ટીમે દરોડા પાડીને આરોપી પિતા-પુત્રને ઝડપી પાડ્યા હતા.

### સોલા પોલીસે દુષ્કર્મ અને બ્લેકમેઇલની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી

# ઉદ્યોગપતિએ ઈન્ટિરીયલ ડિઝાઈનર યુવતીને હોટલમાં બોલાવી દુષ્કર્મ આચર્યાની ફરીયાદ

ગુજરાત | વંદન

સોલાના ઉદ્યોગપતિ હિમાંશુ પટેલે ઈન્ટિરીયલ ડિઝાઇનર યુવતીને પોતાની હોટલ ડિઝાઇન કરવાનું કહીને દુષ્કર્મ આચર્યું હોવાનો આરોપ લાગ્યો છે. બાદમાં તેનો વીડિયો ઉતારી તેને બ્લેકમેઇલ કરી વારંવાર દુષ્કર્મ આચરતો હતો. આ અંગે સોલા પોલીસે આરોપી સામે દુષ્કર્મ અને બ્લેકમેઇલની કલમો હેઠળ ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

આ બનાવની મળતી માહિતી પ્રમાણે, ગત 14 મી જુલાઇના રોજ યુવતીનો જન્મ દિવસ હતો. જેથી હિમાંશુ સતિષ પટેલે જન્મ દિવસની ઉજવણી માટે બોલાવી હતી. ભાડજ ગામ તરફ આવતા એક કેફે પર બર્થ ડે ઉજવણી કરી હતી. જ્યા મોબાઈલ નંબરની આપ-લે થઇ હતી. દરમિયાનમાં 20 ઓગસ્ટ માસમાં હિમાંશુનો યુવતી પર મેસેજ આવ્યો હતો અને તેને મળવા માટે બોલાવી હતી. જેથી બંને સાયન્સ સીટી રોડ પર મળ્યા હતા.

હિમાંશુંએ યુવતીને જણાવ્યું કે, નજીકમાં મારી હોટલ છે તેનું ઈન્ટીરીયલ બાકી છે જેથી તે હોટલ પર જઈએ અને તમે તેનું મેજરમેન્ટ લઇ લેજો. યુવતી પોતે ઈન્ટીરીયલ ડિઝાઇનર હોવાથી તેણે હા પાડી અને ત્યા આવેલી સન સાઈન હોટલ ખાતે પહોચ્યા હતા. હોટલના એક રુમમાં યુવતીને બેસાડી હિમાંશુ પાણી લેવાના બહાને બહાર ગયો હતો અને તેણે આવી યુવતીને નીચે પાડી દીધી હતી. યુવતીને ત્રણ ચાર લાફા મારી દુષ્કર્મ આચર્યું હતુ. યુવતી આ દુષ્કર્મ અને લાફા માર્યા હોવાથી ડરના કારણે કશું બોલી શકી ન હતી.

બાદમાં બે દિવસ પછી ફરી હિમાંશુ પટેલનો મેસેજ આવ્યો કે, મારે બે મીનીટ વાત કરી છે તારા ઘરની બહાર આવ. જેથી યુવતી ઘટની બહાર ગઇ હતી. આ દરમિયાન તારી સાથે મને પ્રેમ છે મારે લગ્ન કરવા છે તેમ કહી મિત્રતા કેળવી હતી. બાદમાં ફરી તેની ઓફિસે લઇ ગયો અને આપણે લગ્ન કરવાના છે. બાદમાં ફરી એક દિવસ યુવતી તેની ઓફિસે ગઇ ત્યારે તેની સાથે દુષ્કર્મ આચર્યું હતુ.

બાદમાં મારી પાસે તારો વીડિયો છે તુ શરીર સબંધ બાંધવા નહી દે તો આ વિડીયો વાઇરલ કરી દઇશ. ત્યાર બાદ વારંવાર ધમકી આપી દુષ્કર્મ આચરતો હતો. આખરે કંટાળી પરિવારને વાત કરી આ અંગે પોલીસ ફરિયાદ કરી હતી. સોલા પોલીસે દુષ્કર્મ અને બ્લેકમેઇલનો ગુનો નોધી આરોપી હિમાંશું સતિષ પટેલની શોધખોળ હાથ ધરી છે.

# ગુજરાતના માથે સફેદ કલંક, કચ્છ બાદ અમદાવાદમાંથી ઝડપાયું ડ્રગ્સ

### ■ સોનીની ચાલી નજીકથી 24 લાખના MD ડ્રગ્સના જથ્થા સાથે બે ઝડપાયા

ગુજરાત | વંદન

રાજ્યમાં અવાર-નવાર ડ્રગ્સ સાથે વ્યક્તિઓ પકડાતા રહે છે. કચ્છમાં જખૌના દરિયાકાંઠા નજીક ગુજરાત એટીએસ અને કોસ્ટ ગાર્ડની ટીમે એક ઓપરેશનમાં 280 કરોડની કિંમતનું 56 કિલો હેરોઈન પકડી પાડ્યું હતું. ત્યારે મંગળવારે ફરી એક વખત અમદાવાદમાંથી 2 ઈસમો ડ્રગ્સ સાથે પકડાયા છે. અમદાવાદ SOG ક્રાઈમ બ્રાન્ચે સોનીની ચાલી નજીકથી 24 લાખના MD ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ગતરોજ કચ્છની સરહદ નજીક કોસ્ટગાર્ડ અને ગુજરાત ATSએ સંયુક્ત ઓપરેશન હાથ ધરી મધદરિયેથી 9 પાકિસ્તાની ડ્રગ્સ માફિયાઓને ઝડપી પાડ્યા છે. અને તેઓની પાસેથી ડ્રગ્સના 56 પેકેટ જપ્ત કર્યા છે. જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત 280 કરોડ થાય છે. મહત્વનું છે કે,





પાકિસ્તાન 9 ડ્રગ્સ માફિયાઓને જખૌ ખાતે લાવવામાં આવશે.

રાજ્યના ડીજીપી આશિષ ભાટિયાએ આ ઓપરેશન વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે પાકિસ્તાની માછીમારો લાલપરી માછલી પકડવા ગુજરાતના કાંઠા સુધી આવતા હોય છે. માછીમારીના ઓઠા હેઠળ ડ્રગ્સમાફિયાઓ રાજ્યમાં ડ્રગ્સ ઘુસાડવાનો પ્રયાસ કરે છે. આ જ રીતે પાકિસ્તાનના ડ્રગમાફિયા મુસ્તુફાએ ઉત્તર ભારતમાં મોકલવા માટે હેરોઈનનું એક કન્સાઈન્મેન્ટ પાકિસ્તાનથી રવાના કર્યું હતું, જે વિશે મળેલી બાતમીના આધારે કોસ્ટ ગાર્ડ અને એટીએસની ટીમે રવિવારે મોડી રાતે વોચ ગોઠવી હતી.

### નાગરિકોને વિશ્વાસમાં લઈને પૈસા પડાવતા, બે ઝડપાયા

## ઝૂંડાલ સર્કલ નજીક ચાલતા કોલ સેન્ટરમાં સાયબર ક્રાઈમના દરોડા




ગુજરાત | વંદન

અમદાવાદ સાયબર ક્રાઇમની ટીમે ઝૂંડાલ સર્કલ નજીક શરણ સર્કમાં ચાલતા કોલ સેન્ટર પર દરોડા પાડીને કોલ સેન્ટરનો પર્દાફાશ કર્યો હતો. જ્યારે કોલ સેન્ટર ચલાવતા સૌરભ મહેશકુમાર વર્મા અને ટીકમ કનૈયાલાલ વૈષ્ણવને ઝડપી લીધા હતા. તેમણે કેટલા અમેરિકાના નાગરિકો સાથે કેટલા રૂપિયા પડાવ્યા હતા. તેની તપાસ ચાલી રહી છે. પુછપરછમાં જાણવા મળ્યું હતું કે, ઝડપાયેલા બન્ને આરોપીઓ રાત્રે અમેરિકન નાગરિકોને લેન્ડિંગ ક્લબ નામની લોન આપતી કંપનીના કર્મચારી તરીકે ઓળખાણ આપી વાત કરતા હતા. જેવો અમેરિકન નાગરિક વિશ્વાસમાં આવી જાય એટલે તેના ખાતામાં લોન જમા કરાવવા માટ થોડા પોઇન્ટ ખૂટતા હોવાનું કહી તેને અમરેકામાંથી જ ઈબે, વોલમાર્ટ, ગુગલ પ્લે કાર્ડના ગિફ્ટ કાર્ડ ખરીદી કરાવતા હતા અને તેનો નંબર મેળવી પૈસા પડાવતા હતા.

## તસવીર સમાચાર

(તસ્વીરો-મૌર્ય ભાગ્યવાન)



**વિઘ્નહર્તા ખૂદ વિઘ્નમાં :** શહેરના ગુલબાઇ ટેકરા વિસ્તારમાં દેવી દેવતાઓની મૂર્તિઓ બનાવીને વાર તહેવારે વહેંચવામાં આવે છે. ગણપતિ વિસર્જન વખતે વિઘ્નહર્તાની ઘણી મૂર્તિઓ લાવીને મૂકવામાં આવે છે. આવી જ એક ગણપતિ દાદાની મૂર્તિ રસ્તાની વચ્ચે મૂકવામાં આવી છે. આ પ્રકારની ખંડિત મૂર્તિઓ જાહેર સ્થળે મૂકવાને બદલે તેને કોઇ યોગ્ય સ્થળે મૂકાય તો ભક્તજનોની લાગણી ન દુભાય.



અમદાવાદ શહેરમાં ટ્રાફિક નિયમન માટે ચાર રસ્તે ઊભા રહેનાર ટ્રાફિક પોલીસને ગરમી, તડકો, ચોમાસામાં વરસાદથી રક્ષણ આપવા ટ્રાફિક બુથ બનાવવામાં આવ્યા છે. પરંતુ તસવીરમાં જણાય છે તેમ એક બુથ પર ટ્રાફિક પોલીસમેનના બદલે તૂટેલી-ફૂટેલી ખુરસીઓ અને અન્ય સર સામાન મૂકી દેવામાં આવ્યો છે. તેની સામે જ સામે જ પોલીસ ચોકી છે પણ તે બંધ દેખાઈ રહી છે.



સામાન્ય રીતે ભૂગર્ભ ગટરની પાઇપલાઇન એ રીતે નાખવામાં આવે છે કે, ગટરના બે ઢાંકણા વચ્ચે ખાસ્સુ અંતર રહે જેથી રાહદારીઓ કે વાહન ચાલકોને મુશ્કેલી ન પડે. પરંતુ શહેરમાં કેટલાંક વિસ્તારોમાં એ રીતે ગટરની પાઇપલાઇન નાંખવામાં આવી છે કે, નજીક નજીકના અંતરે ગટરના ઢાંકણા જોવા મળે છે. શું તેનો અર્થ એવો કરીએ કે ટૂંકા પાઇપલાઇન નાંખવામાં આવ્યા છે ? કે પછી કોઇ ઇજનેરી 'કળા'નો નમુનો છે ?



દેશ અને દુનિયાને જળવાયુ પરિવર્તન નડી રહ્યું છે, અમદાવાદ જેવા મોટા શહેરોમાં લીલોતરી, હરિયાળી ખૂબ ઓછી છે. ચારેય તરફ ચાલી, મહોલ્લા, સોસાયટી, એપાર્ટમેન્ટ વગેરેમાં પેવર બ્લોક બનાવીને વરસાદનું પાણી જમીનમાં ઉતરતું અટક્યું છે. શહેર સત્તાવાળાઓએ હરિયાળી અને લીલોતરી માટે એક નવતર આઇડિયા અપનાવ્યો છે. જેમાં મોટા કાણાવાળા પેવર બ્લોક લગાવવામાં આવ્યા છે.


### જેના નામે લોન લીધી તે શિક્ષકે ફરિયાદ કરતા ભાંડો ફૂટ્યો, તપાસ શરૂ

# ત્રિપદા સ્કૂલ શિક્ષકોના નામે મસમોટી લોન લઈ બની આત્મનિર્ભર..!

ગુજરાત | વંદન

અમદાવાદના ઘાટલોડિયામાં આવેલી ત્રિપદા સ્કૂલ ફરી એકવાર વિવાદમાં આવી હતી. સ્કૂલ દ્વારા શિક્ષકોના નામે સંચાલક દ્વારા બરોબર આત્મનિર્ભર લોન લઈ લેવાતા ફરિયાદ કરાઈ હતી. શિક્ષકોના નામે લોન લેવા મામલે શિક્ષકે વિરોધ કરાતા સંચાલકે શિક્ષકને સ્કૂલમાંથી કાઢી મૂક્યો હતો. ત્યારે વિનોદ ચાવડા નામના શિક્ષકને સ્કૂલમાંથી કાઢી મુકાતા તેમણે CMO માં ફરિયાદ કરતા CM તરફથી તપાસના આદેશ અપાયા છે.

સ્કૂલના સંચાલક અર્ચિત ભટ્ટ વિરુદ્ધ CM કાર્યાલયે શિક્ષકોના નામે આત્મનિર્ભર લોન લેવા મામલે તપાસના આદેશ આપ્યા છે. ઉલ્લેખનીય છે કે, કોરોનાકાળ દરમિયાન સ્કૂલ દ્વારા શિક્ષકોને પગાર ના ચૂકવવો, તેમજ ભૂતકાળમાં ફી મામલે મનમાની કરાતી હોવાની અનેક ફરિયાદો ત્રિપદા



સ્કૂલ સામે થતી રહી છે. શિક્ષક વિનોદ ચાવડાએ સ્કૂલના કૌભાંડ મામલે કહ્યુ કે, જે લોન માટે રાજ્યભરમાં લાઈનો લાગતી હતી તે લોન અમને સરળતાથી માત્ર 4 દિવસમાં જ મળી ગઈ. અમને આચાર્ય દ્વારા કહેવામાં આવ્યું હતું કે તમારો પગાર કરવા માટે લોન લેવાની જરૂર છે. અમારી પાસેથી કોરા ચેક પર સહી કરાવી લેવાઈ હતી, ખાતામાં લોનના રૂપિયા આવ્યા એટલે એ રકમ શાળાએ કાઢી લીધી હતી, આ લોન અમારી જાણ બહાર લેવામાં આવી હતી.

તેમણે વધુમાં કહ્યુ કે, અમારી સ્કૂલ ત્રિપદામાં આત્મનિર્ભર યોજના અંતર્ગત લોન માટે કેમ્પ લગાવવામાં આવ્યો હતો. GCS બેંક દ્વારા ત્રિપદા સ્કૂલના તમામ કર્મચારીઓને લોન આપવા માટે તમામ સુવિધા ઊભી કરવામાં આવી હતી. ત્રિપદા સ્કૂલના સંચાલકે શાળાના 70 થી 80 જેટલા લોકોના નામે છેતરપિંડી કરી લોન લીધી છે, જેમને લોન મળવી જોઈએ એમના બદલે શિક્ષકોના નામે લોન લઈ લીધી.

ત્રિપદા સ્કૂલના સંચાલકોએ અંદાજે 80 લાખનું કૌભાંડ આચરી લોન લીધાનો શિક્ષકે આક્ષેપ મૂક્યો છે. તેમણે કહ્યુ કે, હું પોલીસ સ્ટેશન ગયો હતો પણ એમણે મારી ફરિયાદ ના લેતા મેં સીએમ ઓફિસમાં ન્યાય માટે ગુહાર લગાવી હતી. શાળા સંચાલકોએ GSC બેંક સાથે મળીને કૌભાંડ આચર્યાની મેં ફરિયાદ કરી છે. સરકારને શિક્ષક તરીકે અપીલ કરું છું કે સાચી દિશામાં તપાસ થાય અને ત્રિપદા સહિત અન્ય કેટલી શાળાઓમાં આવા કેમ્પ કરીને લોન આપવામાં આવી છે.

# મહિલા કોન્સ્ટેબલ વર્ષા પર વરસી અભિનંદન 'વર્ષા'



## રણવિસ્તારમાં ભીષણ ગરમીમાં વૃદ્ધાને પીઠે બેસાડી પાંચ કિમી ચાલી



ગુજરાત | વંદન

કચ્છના ખદીર દ્વીપમાં આવેલાં ભંજડા દાદાના મંદિરે મોરારિબાપુની રામકથા સાંભળવા માટે 86 વર્ષીય વૃદ્ધા ડુંગર ચઢી રહ્યા હતા, તે સમયે ચક્કર ખાઈને તેઓ પડી ગયા હતા. આ વાતની જાણ બંદોબસ્તમાં ઉભેલાં મહિલા કોન્સ્ટેબલ વર્ષાબહેન પરમારને થતાં તેઓ રણમાં આકરી ગરમી વચ્ચે 5 કિમી સુધી ચાલીને વૃદ્ધ મહિલાની પાસે પહોંચ્યા હતા અને તેઓને પાણી તેમજ પ્રાથમિક સારવાર આપી હતી. એટલું જ નહીં, પણ મહિલા કોન્સ્ટેબલ વૃદ્ધાને પીઠ પર ઊંચકી 5 કિમી સુધી ચાલીને તેમને સહીસલામત પરત ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પણ બિરદાવી છે.

કચ્છના ખડીર દ્વીપમાં ધોળાવીરાથી 10 કિમી દૂર નવા ભંજડા દાદાનું મંદિર આવેલું છે. અહીં મોરારિબાપુની રામકથાનું આયોજન કરવામાં આવ્યું હતું. રામકથા સાંભળવા માટે એક 86 વર્ષના વૃદ્ધા પણ અહીં પહોંચ્યા હતા. નવા ભંજડા દાદાના મંદિરથી 5 કિમી દૂર સફેદ રણમાં જૂના ભંજડા દાદાનું મંદિર આવેલું છે. નવા ભંજડા દાદા મંદિરે પહોંચેલાં વૃદ્ધાને જૂના ભંજડા દાદા મંદિરના દર્શનની ઈચ્છા થતાં તેઓએ ચાલતી પકડી હતી.

નવા ભંજડા દાદા મંદિરથી પાંચ કિમી દૂર આવેલાં ડુંગર સુધી વૃદ્ધા પહોંચી ગયા હતા અને ડુંગર ચઢવાની પણ શરૂઆત કારણે વૃદ્ધા ડુંગર અડધો ચઢ્યા હતા, ત્યાં જ તેમને ચક્કર આવી ગયા હતા અને તેઓ પડી ગયા હતા. જો કે, આ વાતની જાણ નવા ભંજડા દાદાના મંદિરે પોલીસ બંદોબસ્તમાં રહેલાં મહિલા કોન્સ્ટેબલ વર્ષાબહેન પરમારને થઈ હતી.

જે બાદ વર્ષાબહેન તાત્કાલિક સફેદ રણમાં આકરી ગરમી વચ્ચે પાંચ કિમી ચાલીન વૃદ્ધા પાસે પહોંચ્યા હતા. ત્યાં તેઓએ બેભાન પડેલાં વૃદ્ધાના ચહેરા પર પાણી છાંટી તેમને ભાનમાં લાવ્યા હતા અને બાદમાં તેઓની પ્રાથમિક સારવાર આપી હતી. વૃદ્ધા ભાનમાં આવતાં અને અગાઉ કરતાં તબિયત થોડી સ્વસ્થ લાગતાં જ મહિલા કોન્સ્ટેબલે વૃદ્ધાને પીઠ પર ભંજડા દાદાના મંદિરે લાવવામાં આવ્યા હતા.

મહિલા કોન્સ્ટેબલના આ કિસ્સાને કારણે પૂર્વ કચ્છ પોલીસ સહિત સમગ્ર રાજ્યની પોલીસે ગર્વની લાગણી અનુભવી હતી, સાથે જ મહિલા કોન્સ્ટેબલરના આ જુસ્સાના વખાણ પણ કર્યા હતા. રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ વર્ષાબહેન પરમારના વખાણ કર્યા હતા અને ખાખીની માનવતાં કહી મહિલા કોન્સ્ટેબલે શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું હોવાનું જણાવ્યું હતું.

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ) આપના પ્રયત્નના મધુર ફળ ચાખી શકાય. તમારી દિનચર્યામાં સામાન્ય બદલાવ જરૂરી લાગે છે , આર્થિક રોકાણમાં સાચવવું. નવી યોજનાનું આયોજન સંભવ બને તેમ જ પડતર પ્રશ્નોનું નિરાકરણ જણાય, મંગળવારે દિવસભર શારીરિક ઊર્જા સારી જણાય.

**વૃષભ** (બ.વ.ઉ) આ સપ્તાહ દરમિયાન ઉતાવળિયું પગલું ભરવું હિતાવહ નથી. કળાજગત સાથે સંકળાયેલા વ્યક્તિ માટે નવી તકનું નિર્માણ થાય, પરંતુ બોલવામાં સંયમ રાખવો જોઈએ. આર્થિક પ્રશ્નોનું નિરાકરણ આવતું જણાય સાથે જ નવા બંધો રચાય, બિનજરૂરી આર્થિક સાહસ ટાળવું હિતાવહ.

**મિથુન** (ક.છ.ઘ) આ સપ્તાહે અણધાર્યા લાભની શક્યતા રહે, દામ્પત્યજીવનમાં સુગમતા જણાય, આધ્યાત્મિક કાર્યોમાં સમય વધારે પસાર થાય. પારિવારિક ટેકાના કારણે મહત્ત્વના કાર્યમાં પ્રગતિ જણાય તથા નવા આર્થિક માર્ગ જણાય, તંદુરસ્તી સચવાય.

**કર્ક** (ડ.હ) સ્થાવર સંપત્તિ લેવાની આશા પૂર્ણ થતી જણાય. આ માટે વાણી-સંયમ જાળવવો જરૂરી છે , ગુરૂવારે દિવસભર સ્ફુર્તિનું પ્રમાણ સારું જણાય. શનિવારે મનોકામના સાકાર કરવાની તક-મદદ મળે અને યાત્રા પ્રવાસ સંભવ બને, નવસર્જનના વિચાર આવે.

**સિંહ** (મ.ટ) જમીન સંબંધી કાર્યમાં સાનુકૂળતા જણાય, માનસિક ચિંતા દૂર થતી જણાય. અંગત સંબંધોમાં સમર્પણની ભાવના રાખવી અને નાણાકીય નવો માર્ગ જણાય, યાત્રા-પ્રવાસ સાનુકૂળ રહે. હોસ્પિટલમાં દાખલ થયેલા સ્વજનો ના સારા સમાચાર મળે. વેપારના પ્રોબ્લેમનું નિરાકરણ થતું જાય.

**કન્યા** (પ.ઠ.ણ) આપની વહાદારીનું ઉત્તમ ફળ ચાખવા મળે સાથે વિચાર સકારાત્મક રાખવા હિતાવહ, આર્થિક ઉતાર ચઢાવસંભવ, કાર્ય ફળ ધર્યા કરતા ઓછું મળતું જણાય તથા મનભેદ મતભેદ ટાળવા, પ્રિયજન સાથે ગાળેલો સમય યાદગાર બની રહેશે.

**તુલા** (ર.ત) આ સપ્તાહે અવિચારી નિર્ણય તમારા માટે કેટલીક મુશ્કેલી સર્જી શકે છે, જોકે પારિવારિક વાતાવરણ ઉલ્લાસમય રહેશે, ધર્મ કાર્ય સંભવ. નવા સાહસો વિચારીને કરવા, ગૃહજીવનમાં સાનુકૂળતા જણાય, મંગળવારે દિવસના અંતે સારા સમાચારની પ્રાપ્તિ સંભવ.

**વૃશ્ચિક** (ન.ય) મંગળવારે દિવસ દરમ્યાન કામમાં વ્યસ્ત રહેવાનું બને. કેટલીક અનિવાર્ય પરિસ્થિતિ આપને બેચેન કરી શકે છે તથા યાત્રા પ્રવાસ ટાળવા હિતાવહ, બુધવારે ઋતુગત બીમારીથી સચેત રહેવું. પરદેશના કામમાં સાનુકૂળતા જણાય. ધંધામાં નવી કોઈ વાતચીત કે ઓફર આવે.

**ધન** (ભ.ધ.ફ) વાહનથી સંભાળીને મંગળવારે શાંતિથી દિવસ પસાર કરી લેવો. બુધવારે વાદ-વિવાદ મનદુ:ખથી સંભાળવું પડે. આર્થિક મહત્ત્વના નિર્ણય લેવાના હોય તો લઈ શકાય. રાજકીય - સરકારી કામમાં ધ્યાન રાખવું. ગુરુવારે ખોટી ઉતાવળ કરવી નહીં.

**મકર** (ખ.જ) આપને કામ કરવાનો ઉત્સાહ જણાય. સીઝનલ ધંધામાં આકસ્મિક ઘરાકી આવી જાય. આ સાથે, નોકરી-ધંધાના કાર્યમાં કોઈ ને કોઈ રૂકાવટ રહે. સંયુક્ત ધંધામાં પિતા કે વડીલ સાથે મતભેદ ઊભા થાય. શનિવારે નોકર-ચાકરવર્ગના સહકારથી આપના કામનો ઉકેલ લાવી શકો.

**કુંભ** (ગ.સ.શ.ષ) કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ સંભવ થાય તેમ જ અટકેલા કાર્યો પૂર્ણ થતા જણાય, આર્થિક પ્રશ્નો ઉકેલાય. એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ હળવી થતી જણાય તથા નાણાકીય વ્યય જણાય તો તરત સંભાળી લેવું , મુસાફરીમાં સાચવવું.

**મીન** (દ.ચ.ઝ) આપના વીમા કંપનીના, શેરોના કામમાં સાનુકૂળતા જણાય. હર્ષ-લાભ રહે. આપના કામ અંગે સતત ચિંતા રહે. પરંતુ કામનો ઉકેલ આવવાથી રાહત થતી જાય. મિલન-મુલાકાતમાં સફળતા મળી રહે. થોડો માનસિક પરિતાપ-વ્યગ્રતા રહે.

# ગીરની પ્રખ્યાત કેસર કેરીનો અજાણ્યો ઈતિહાસ!

ગુજરાત | વંદન

ગીરની કેસર કેરીનો રસપ્રદ ઈતિહાસ રહ્યો છે. નવાબીકાળમાં જેના મંડાણ થયા હતા તે કેસર કેરી આજે લોકોની દાઢે વળગી છે. જૂનાગઢના નવાબ મહાબત ખાન - બીજાના વખતમાં 'સાલેભાઈની આંબડી' તરીકે ઓળખાતી કેરી મહાબતખાન -ત્રીજાના વખતમાં કેવી રીતે 'કેસર'બની એની કહાની પણ કેસર જેવી જ રસાળ છે. કેસર કેરીનાં મૂળ (એટલે કે કલમો) નવાબી કાળમાં નખાયાં હતાં. જેનો સ્વાદ દાઢે વળગ્યો છે એ કેસર કેરી માટે જૂનાગઢના નવાબનો આભાર માનવો રહ્યો. 1850ના દાયકાથી કેસર કેરીનું વાવેતર અને વિકાસ સોરઠમાં થયો છે.

### ■ નવાબ મહાબતખાન-બીજા અને સાલેભાઈની આંબડી

17 ઓગષ્ટ 2009ના રોજ કેસર કેરીના જિઓગ્રોફીકલ ઈન્ડિકેશનના રજીસ્ટ્રેશન માટે જૂનાગઢની કૃષિ યુનિવર્સિટીએ એક અરજી કરી હતી. 185 નંબરની એ અરજીમાં કેસરના ઈતિહાસ વિશે રજૂ કરવામાં આવેલી વિગતો અનુસાર, "1851થી 1882 સુધી જૂનાગઢમાં નવાબ મહાબતખાન - બીજાનું શાસન હતું.

"એ વખતે સાલેભાઈ નામના એક ખેડૂત માંગરોળ વિસ્તારમાં હતા. તેમણે પોતાના બગીચામાં મોટા કદની કેરીઓ જોઈ. "આ કેરીઓ રાબેતા મુજબની કેરી કરતાં ખાસ્સી અલગ હતી. આ વિશિષ્ટ કેરી પાકીને ઝાડ પરથી નીચે પડી ત્યારે સાલેભાઈએ તેનો સ્વાદ ચાખ્યો.

"સાલેભાઈને એ કેરીનો સ્વાદ અન્ય કેરીના સ્વાદ કરતાં વધુ બહેતર લાગ્યો. તેમણે એ કેરી નવાબ મહાબતખાન બીજાને ભેટમાં આપી. નવાબે તેના દરબારીઓ સાથે કેરીનો સ્વાદ માણ્યો. નવાબને તે કેરી અત્યંત મધુર, સોડમદાર અને રેસા વગરની લાગી. "સ્વાદ-સુગંધમાં આ કેરી અન્ય કેરીઓ કરતાં ચઢિયાતી હતી. એ કેરીને સૌ પ્રથમ જૂનાગઢના નવાબ મહાબતખાન - બીજા દ્વારા સરાહના મળી હતી. "તેમણે એ કેરીને 'સાલેભાઈની આંબડી 'નામ આપ્યું હતું. નવાબને કેરી પસંદ પડી એટલે તેની કલમો



મંગાવી અને જૂનાગઢમાં રોપાવી.

1887થી 1909 દરમ્યાન જૂનાગઢના દીવાન હરપ્રસાદ ઉદયશંકર દેસાઈએ માંગરોળ અને ચોરવાડના વિસ્તારોમાં સાલેભાઈની આંબડીનું વાવેતર કર્યું હતું." ટૂંકમાં, નવાબ મહાબતખાન - બીજાના સમયમાં જ કેસર કેરીનો સ્વાદ મશહૂર થઈ ગયો હતો. એ વખતે તે 'કેસર' તરીકે નહીં પણ 'સાલેભાઈની આંબડી' તરીકે જ પ્રચલિત હતી.

### ■ તો પછી કેસર નામ કેવી રીતે પડ્યું ?

મહાબત ખાન - બીજાના વખતમાં મશહુર થયેલી સાલેભાઈની આંબડીની સોડમ મહાબત ખાન-ત્રીજાના વખતમાં વધુ વિસ્તરે છે. કેસર કેરીના જિઓગ્રોફીકલ ઈન્ડિકેશનના રજીસ્ટ્રેશન માટેની એ અરજીમાં જણાવાયું છે કે "નવાબ મહાબતખાન-ત્રીજાના સમયગાળામાં એટલે કે 1920થી 1947 દરમ્યાન એ.એસ.કે. આયંગર જૂનાગઢ સ્ટેટના ગાર્ડન સુપરિન્ટેન્ડન્ટ હતા.

''તેમણે 'સાલેભાઈની આંબડીનો વૈજ્ઞાનિક ઢબે ઉછેર કર્યો. તેના કદ, રસ, સુગંધમાં થતાં ફેરફાર નોંધ્યા. કેરીના કેસરીયાળા ગરને ધ્યાનમાં રાખીને તેમણે સાલેભાઈની આંબડીને 'કેસર' નામ આપ્યું." તેમણે કેસરની વિવિધ જાતોને ગિરનારની તળેટીમાં દુધેશ્વર ખાતેના આંબાવનમાં ઉછેરી. જૂનાગઢના સક્કરબાગ અને લાલઘોરી બગીચામાં પણ તેમણે કેસરની કલમો ઉછેરી.

"તેમણે ઉછેરેલી કેસરની વિવિધ જાતો કાઠિયાવાડના વિવિધ રજવાડાઓને પણ પસંદ પડી. એ પછી કાઠિયાવાડમાં વિવિધ રજવાડાઓએ પણ કેસરની જાતોનું વાવેતર કર્યું હતું."

### ■ કેસર કેરીનું અધિકારીક નામ ક્યારે અપાયું

જૂનાગઢની કૃષિ યુનીવર્સીટીના એસોસિયેટ ડિરેક્ટર ઈસ્માઈલ ધૃત જણાવે છે કે "કેરીને કેસર એવું નામ મહાબત ખાન-ત્રીજાએ આપ્યું હતું. "25 મે 1934ના રોજ જૂનાગઢ નવાબે કેરીને 'કેસર' નામ આપ્યું હતું. કેરીનો કેસરી રંગ તેમજ લહેજતદાર સ્વાદને ધ્યાનમાં રાખીને તેને 'કેસર' નામ આપ્યું હતું.

"15 મે પછી તમે ગીરની કેસર કેરી ખાશો તો એના ગરનો રંગ કેસરી હશે અને તેની સુગંધ મઘમઘતી હશે. નવાબને કેરી 25 મેના રોજ પિરસાઈ હતી."

ઈસ્માઈલભાઈ ધૃતનું કહેવું છે, "સાલેભાઈની વાડી વંથલીમાં હતી. કેસર કેરી સૌ પ્રથમ ત્યાં જોવા મળી હતી. સાલેભાઈ માંગરોળના શેખ હુસેન મિયાંના મિત્ર હતા.

સાલેભાઈએ શેખ હુસેન મિયાંને કેરી આપી હતી. હુસેન મિયાંને પણ એ કેરીનો સ્વાદ ખૂબ પસંદ પડ્યો હતો. હુસેન મિયાં દ્વારા જ એ કેરીની વિગત જૂનાગઢના ગાર્ડન સુપરિન્ટેન્ડન્ટ એ. એસ. કે. આયંગર પાસે પહોંચી હતી. "ત્યાર પછી આયંગરસાહેબ 25 કલમો વંથલીથી લાવ્યા હતા અને જૂનાગઢના તળેટી વિસ્તારમાં તેનું વાવેતર કર્યું હતું.

ત્રણેક વર્ષ પછી એટલે કે 1934માં જે ફાલ ઉતર્યો તે કેરી મહાબતખાન - ત્રીજાને પીરસાઈ હતી. તેનો કેસરીયાળો રંગ તેમજ કેસરની જેમ ઊઘડતી મબલખ સુગંધ જોઈને નવાબે તેને 'કેસર' નામ આપ્યું હતું."

### ■ કેસર પહોંચી કચ્છ

કેસર કેરીની લોકપ્રિયતા એટલી છે કે હવે તો રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ તેનું ઉત્પાદન થાય છે. ઈસ્માઈલભાઈ ધૃત કહે છે, "સ્વાદ,રંગ અને સુગંધમાં તાલાળા-ગીરની કેસરનો જોટો જડે તેમ નથી. કેસરનું ઉત્પાદન હવે દક્ષિણ ગુજરાત અને કચ્છમાં પણ થાય છે." "કચ્છમાં છેલ્લા બે દાયકામાં કેસર કેરીના ઉત્પાદનમાં નોંધપાત્ર કામ થયું છે. કચ્છમાં પણ કેસરની કલમો તાલાળા-ગીરમાંથી જ ગઈ હતી."

"સૂકી આબોહવાને લીધે કચ્છની કેસર તાલાળા-ગીરની કેસર કરતાં મોડેથી આવે છે." જોકે, નિષ્ણાતો માને છે કે તમામ કેસર કેરીઓમાં તાલાળા-ગીરની કેસર બિનહરીફ છે. તાલાળા- ગીર એપીએમસી(એગ્રીકલ્ચર પ્રોડ્યુસ માર્કેટ કમિટી)ના સેક્રેટરી હરસુખભાઈ જારસાણીયા કહે છે, "તાલાળા-ગીરની કેસર કેરી પાક્યા પછી વધુ મીઠી થાય છે અને માવાનું પ્રમાણ પણ અન્ય કેસર કરતાં વધુ હોય છે."

### ■ 'ક' કેસરનો 'ક'

કેસર કેરીની માગ એવી છે કે સૌરાષ્ટ્રમાં તો કેરી એટલે 'કેસર' એવું જ કહેવાય છે. જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં એકસમયે કેરીની સો જેટલી જાતનું ઉત્પાદન થતું હતું. હવે મોટેભાગે ખેડૂતો કેસરનું જ ઉત્પાદન વધુ લે છે. કેસર કેરીની ઉત્પાદન પદ્ધતિમાં પણ અવનવા પ્રયોગો થવા માંડ્યા છે. ટપક સિંચાઈ પદ્ધતિ અનુસાર પણ ખેડૂતો કેસરનો પાક લેવા માંડ્યા છે. કેસર કેરીનું વાવેતર ગીર-સોમનાથ, જૂનાગઢ, અમરેલી જિલ્લાના ગામોમાં થાય છે. વીસ હજાર હેક્ટરમાં દર વર્ષે કેસર કેરીનું ઉત્પાદન થાય છે.

### ■ કેસરનો કારોબાર સાત સમંદર પાર

તાલાળા-ગીરની કેસરની સોડમ સરહદો વટાવીને સાત સમંદર પાર પહોંચી છે. કેસરની નિકાસના આંકડા જ તેની સાબીતી છે. તાલાળા-ગીર એપીએમસીના સેક્રેટરી હરસુખભાઈ જારસાણીયા જણાવે છે કે "વર્ષ 2017-18માં 281 મેટ્રિક ટન (1 મેટ્રિક ટન = 1000 કિલોગ્રામ) કેસર કેરી યુરોપિય દેશોમાં નિકાસ થઈ હતી."

**કોરોનાગ્રસ્ત માતાને આપ્યું હતું વચન - દીકરીના કરાવીશ ધામધૂમથી લગ્ન**

## આ મહિલા ધારાસભ્યએ જે કહ્યું તે વચન પાળી બતાવ્યું



ગુજરાત | વંદન

સામાન્ય રીતે સામાન્ય લોકોમાં રાજકારણીઓ અને નેતાઓના વચનો પોકળ હોય છે, એવી એક માન્યતા છે. પરંતુ કોંગ્રેસના મહિલા ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે આ માન્યતાને ખોટી પાડીને તેમણે એક કોરોનાગ્રસ્ત માતાને આપેલા વચન મુજબ તેની દિકરીના ધામધૂમથી લગ્ન યોજ્યા હતા. દીકરીની કોરોનાગ્રસ્ત માતાનું નિધન થઇ ગયું છે, પરંતુ તે વખતે દીકરીની માતાએ ગેનીબેન સમક્ષ એવી વિનંતી કરી હતી કે, જો તેને કંઇ થાય તો મારી દીકરીના લગ્ન સારી રીતે કરાવ જે. ગેનીબેને મૃત્યુશૈયા પર પડેલી એ માતાને વચન આપ્યું હતું. અને 23 એપ્રિલના રોજ સ્વર્ગસ્થ હંસાબેન ઠાકોરના દીકરી સંગીતાના લગ્ન યોજાયા હતા.

ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે જણાવ્યું હતું કે કોરોનાનો ભોગ બની જીવન મરણ વચ્ચે ઝોલ ખાતી સુઈગામ તાલુકાના ઉચોસણ ગામના હંસાબેન બળવંતજી ઠાકોરને મૃત્યુ ભય કરતા પોતાની દીકરીને પરણાવવાની ચિંતા મારી સમક્ષ રજુ કરેલી. મેં હંસાબેનને વચન આપ્યું હતું અને એટલે મેં આપેલ વચન મુજબ હંસાબેનને જન્મ આપેલ પરંતુ મારા વચન થકી દત્તક દીકરી સંગીતાબેનના લગ્ન તારીખ 23 એપ્રિલ શનિવારે ધૂમધામથી કરાવી મારો સંકલ્પ પૂરો કર્યો.

## અમરનાથયાત્રા રજિસ્ટ્રેશનમાં ધસારો : વારંવાર સાઈટ ક્રેશ


ગુજરાત | વંદન



ભારત સહિત વિશ્વભરના શિવભક્તોની શ્રધ્ધા અને આસ્થા જેઓની સાથે જોડાયેલ છે તેવા બર્ફાની બાબા અમરનાથની યાત્રા કોરોના કાળમાં સતત બે વર્ષ સુધી બંધ રહ્યા બાદ ચાલુ વર્ષે આગામી તા. 30 જૂનથી આ યાત્રાનો પ્રારંભ થનાર છે. બાબા અમરનાથની યાત્રાએ માટે દેશભરમાંથી દરરોજ 24000 જેટલા યાત્રાળુઓ રજિસ્ટ્રેશન કરાવી રહ્યા છે.

આ વખતે અમરનાથ યાત્રાના રજિસ્ટ્રેશનાં ભારે ધસારો રહેતો હોય રજિસ્ટ્રેશન માટેની વેબસાઈટ વારંવાર ક્રેશ થતી રહે છે જેના કારણે યાત્રાળુઓને રજિસ્ટ્રેશનમાં ભારે મુશ્કેલી પડી રહી છે. બર્ફાની બાબાની આ યાત્રા માટે પ્રતિદિન પહેલગામ અને બાલતાલથી 10,000-10,000, તેમજ પહેલગામથી હેલિકોપ્ટર યાત્રા માટે 4,000 એમ પ્રતિદિન 24,000 યાત્રાળુઓના રજિસ્ટ્રેશન કરાઈ છે.

## શબ્દોની સંતાકૂકડી 07 સાપ્તાહિક ગુજરાત વંદન



**ઊભી ચાવી**

(1) પ્રેમનું અંગ્રેજી [2]
(2) કોઈ વાર (સંભવ બતાવવા) [3]
(3) કોઈ પણ પ્રકારનું વાહન [2]
(4) બાજુ, પક્ષ [3]
(5) બેશરમ [3]
(7) આછું આછું ખોદવું [4]
(8) ગુજરાતી વર્ષનો પ્રથમ મહિનો [4]
(9) ગુંદર [2]
(11) પ્રશ્ન [3]
(12) ન ખાવા જેવી વસ્તુ [3]

**આડી ચાવી**

(1) થોડા વાળની સેર [2]
(2) મરણ બાદ ખુદા આગળ ઊભા થઈને જવાબ આપવાનો દિવસ [4]
(5) અણસમજુ, મૂર્ખ [3]
(6) વાળ વિનાનું, બોડું [3]
(7) ડર, ભય [2]
(9) વીતી ચૂકેલું [2]
(10) આસ્વાદ [2]
(12) અમૃત, અમી [4]
(13) ઈતિહાસ [4]
(14) ...... આજ ઔર ...... [2]
(15) રકઝક, પંચાત અ [2]
(16) સંગીતનો પ્રથમ સ્વર [1]

**શબ્દોની સંતાકૂકડી-6 નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 વિ | ન | 2 ય | ■ | 3 કે | 4 સ | ર |
| રો | ■ | 5 ક્ષ | 6 મા | ■ | ળ | ■ |
| 7 ધ | 8 ડ | ■ | 9 વ | ડ | ■ | 10 ન |
| ■ | 11 મ | ગ | જ | ■ | 12 લ | વ |
| 13 વા | ડ | ■ | 14 ત | 15 ખ | ટ | રા |
| 16 ર | મ | 17 ત | ■ | મ | ■ | શ |
| સ | ■ | 18 જ | ન | ણ | ગ | ■ |

**શબ્દોની સંતાકૂકડી-07નો ઉકેલ આવતા અંકે**

## કોયડો નં. 09 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 6 | 2 | | | | | |
| | | | | | 8 | | 7 | 2 |
| 1 | | | | | | 3 | | |
| 5 | | 7 | | | | | | |
| | | | | | 6 | | | 8 |
| | | 1 | | | | 2 | 3 | 7 |
| 7 | | | | 2 | | 4 | 6 | |
| | 6 | | | | 1 | | | |
| | 5 | | | | | | 2 | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-09નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 7 | 6 | 2 | 5 | 3 | 9 | 1 | 4 |
| 9 | 4 | 3 | 6 | 1 | 8 | 5 | 7 | 2 |
| 1 | 2 | 5 | 9 | 4 | 7 | 3 | 8 | 6 |
| 5 | 8 | 7 | 1 | 3 | 2 | 6 | 4 | 9 |
| 2 | 3 | 4 | 7 | 9 | 6 | 1 | 5 | 8 |
| 6 | 9 | 1 | 5 | 8 | 4 | 2 | 3 | 7 |
| 7 | 1 | 9 | 8 | 2 | 5 | 4 | 6 | 3 |
| 4 | 6 | 2 | 3 | 7 | 1 | 8 | 9 | 5 |
| 3 | 5 | 8 | 4 | 6 | 9 | 7 | 2 | 1 |

# ગૌતમ અદાણીની મોટી સિદ્ધિ, વિશ્વના સૌથી ધનિક વૉરેન બફેટને પણ પાછળ છોડ્યા



ગુજરાત | વંદન

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી વિશ્વના સૌથી અમીર લોકોની યાદીમાં પાંચમા ક્રમાંકે પહોંચી ગયા છે. અદાણીની કુલ નેટવર્થ 123.1 અરબ ડૉલર હોવાનો અંદાજ આંકવામાં આવ્યો છે. તેઓએ વોરેન બફેટને પાછળ છોડી આ સ્થાન હાંસલ કર્યું. એટલે કે, હવે બફેટ 121.7 અરબ ડૉલરની કુલ અંદાજિત નેટવર્થ સાથે છઠ્ઠા સ્થાને આવી ગયા છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી ફોર્બ્સની દુનિયાના સૌથી ધનિક લોકોની યાદીમાં આઠમા ક્રમાંકે છે. આ રીતે, વિશ્વના 10 સૌથી અમીર લોકોમાં બે ભારતીયોનો સમાવેશ થાય છે. અંબાણીની કુલ નેટ વર્થ (મુકેશ અંબાણી નેટવર્થ) 103.70 અરબ ડૉલર આંકવામાં આવી.

## એલોન મસ્ક ટોપ પર યથાવત



ટેસ્લા અને સ્પેસએક્સના પ્રમુખ એલન મસ્ક આ યાદીમાં પ્રથમ સ્થાને છે. તેઓની કુલ નેટવર્થ 269.70 અરબ ડૉલર હોવાનો અંદાજ છે. જેફ બેઝોસ 170.2 અરબ ડૉલરની કુલ સંપત્તિ સાથે બીજા ક્રમાંકે છે. ફ્રાન્સના બર્નાર્ડ આર્નોલ્ટ અને તેમના પરિવારની કુલ સંપત્તિ અંદાજે 166.8 અરબ ડૉલર આંકવામાં આવી છે અને તેઓ આ યાદીમાં ત્રીજા સ્થાને છે.


## બિલ ગેટ્સનું સ્થાન ચોથા ક્રમાંકે



દુનિયાના સૌથી અમીર લોકોની ફોર્બ્સની યાદીમાં બિલ ગેટ્સ ચોથા નંબર પર છે. તેઓની કુલ સંપત્તિ 130.2 અરબ ડૉલર હોવાનો અંદાજ છે. કુલ નેટવર્થ 107.6 અરબ ડૉલર હોવાનો અંદાજ છે. લેરી પેજની કુલ સંપત્તિ 102.4 બિલિયન ડોલર અંદાજવામાં આવી છે અને તેઓ આ યાદીમાં નવમાં સ્થાને છે. આ સાથે જ સર્ગેઈ બ્રિન 98.5 અરબ ડૉલરની કુલ સંપત્તિ સાથે 10માં ક્રમાંકે છે.

# એચસીએલ ટેકનોલોજી કંપનીની પ્રોત્સાહક કામગીરી

ગુજરાત | વંદન



ઈન્ફર્મેશન ટેકનોલોજી ક્ષેત્રની .વિખ્યાત કંપની એચસીએલ ટેકનોલોજી લિમિટેડે ૩૧મી માર્ચ ૨૦૨૨માં પૂરા થયેલ ત્રિમાસિક ગાળામાં રૂ. ૬૫૮૩ કરોડનો નફો કર્યો છે. આગલા વર્ષના ત્રિમાસિક ગાળામાં જે રૂ. ૧૧૦૨ કરોડનો ચોખ્ખો નફો કર્યો હતો. કંપનીની ૩૧ માર્ચ ૨૦૨૨ના ત્રિમાસિક સમયગાળામાં આવક ૨૨૫૯૭ કરોડ થવા પામી છે. જે આગલા વર્ષના તુલનાત્મક ત્રિમાસિક સમયગાળાની સરખામણીમાં ૧૫ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. ૨૦૨૧-૨૨ના વર્ષમાં કંપનીની આવક ૧૩૪૯૯ કરોડ થવા પામ્યો છે. જોકે કંપનીનો કરવેરા પછીનો નફો રૂ. ૫૭૫ કરોડ રહેવા પામ્યો છે. જે આગલા વર્ષની તુલનામાં ઘટાડો દર્શાવે છે. આ માટેનું કારણ જણાવ્યું હતું કે કંપનીએ ૧૨૨૨ કરોડની ડિપર્ડ ટેક્ષની જવાબદારી અદા કરી છે. કંપનીના ડાયરેકટરોએ શેરદીઠ રૂ. ૧૮ ડિવિડન્ડ જાહેર કર્યું છે.

## બજારોના અંતરંગ

### કુદકે ભૂસકે વધતી મોંઘવારી સામાન્ય વર્ગના લોકોનું દુષ્કર બનેલું જીવન, આ પરિસ્થિતિ મહામંદીને નોંતરશે

રશિયા યુક્રેન વચ્ચેના યુદ્ધતાંડવની સવિશેષ અસર સમગ્ર વિશ્વના સંખ્યાબંધ દેશોના અર્થતંત્ર ઉપર પડવા પામી છે. દરેક દેશને ફુગાવાના વિષચક્રનો સામનો કરવો પડ્યો છે. ભારતમાં પણ એના ગંભીર પ્રત્યાઘાતો પડ્યા છે. જીવન આવશ્યક ચીજવસ્તુઓના ભાવો સતત વધતા રહેવાથી મોંઘવારી ભીંસ દિનપ્રતિદિન વધતી જાય છે. સામાન્ય વર્ગના માનવીએ આ કૂદકે ભૂસકે મોંઘવારી વધતી જાય છે. તેથી જીવન જરૂરીયાતની આવશ્યક ચીજવસ્તુઓ સંપાદન કરવામાં લખલૂંટ કરવાથી અસામાન્ય પરીસ્થિતિનો સામનો કરવો પડે છે.
સવિશેષ કરીને આવશ્યક ખાધાખોરાકીની ચીજો - દૂધની માંડીને ખાદ્યતેલ, ઘઉંથી માંડીને કઠોળ, પેટ્રોલથી માંડીને સીએનજી ગેસની પ્રાપ્તી માટે સતત ઊંચા ભાવો ચૂકવવાનો સામનો કરવો પડે છે. આની સ્વાભાવિક અસર રૂપે સામાન્ય વર્ગના લોકોની ખરીદશક્તિ ઘટવાના સંજોગો સર્જાઈ રહ્યા છે.
લગ્નસરાની મોસમ શરૂ થઈ છે. હવે ગણતરીના દિવસોમાં કાપડ, તૈયાર વસ્થત્રો, સોનાચાંદીના અલંકારો, પર્સનલ હેલ્થકેરની પ્રોડકટો તેમજ વાહન વ્યવહાર પાછળ વધુ ખર્ચ કરવાની પરિસ્થિતિનો સામનો કરવો પડશે. આ સંજોગોમાં સામાન્ય વર્ગના બાંધી આવકના ગ્રાહકોને પ્રતિકાર કરવાની પરિસ્થિતિ અનુભવવી પડશે.

### કપાસ-રૂ-સૂતર-મેનમેઇડ ફાઇબર મોંઘા થયા

કાપડના ઉત્પાદનમાં વપરાતા કપાસ રૂના ભાવની તેજીએ ગજબની પરિસ્થિતિ સર્જી છે. આની અસરે સુતર અને મેનમેઈડ ફાઈબર ૪૦થી ૬૦ ટકાનો વધારો થવાથી કાપડ અને તૈયાર વસ્ત્રો મોંઘા બન્યા છે. જથ્થાબંધ કાપડ બજારમાં તહેવારો પૂર્વેની માગ ખૂબ ધીમી છે. કાપડના વધતા જતા ભાવોને કારણે દેશાવરોના વેપારીઓની ખરીદીની ખોટ આવી છે અને પરિણામે સુતરાઉ કાપડ હવે લકઝુરિયસ આઈટમ બની જવા પામી છે. જ્યારે મેનમેઈડ ફાઈબરનું કાપડ સાડી, વસ્ત્રો અને અન્ય વપરાશનું કાપડ ખૂબ મોંઘું થવા પામ્યું છે તેના કારણે જ રિટેલર વેપારીઓની નવી ખરીદી ધીમી પડી છે. નાણાભીડના સંજોગો વધવાથી પરિસ્થિતિ કાપડ બજારને મુશ્કેલી તરફ ધસડી જશે તેવું વેપારીઓનું કહેવું છે. આની અસરથી જથ્થાબંધ કાપડના ટર્નઓવરમાં તેમજ નફામાં ગ્રાફ નીચી ઊતરશે.

### લગ્નસરાની મોસમમાં વસ્ત્રો મોંઘા થતાં ઘરાકીમાં ઓટ

લગ્નસરાની મોસમની ખરીદી માટે શર્ટ, ટ્રાઉઝર, કુર્તા, શેરવાની તેમજ સૂટના કાપડના ભાવો અસામાન્ય સપાટીએ પહોંચ્યા છે. આને કારણે લોકોની ખરીદીમાં ઘટાડાનું વલણ દેખાય છે. સામાન્ય વર્ગના લોકો મોલ અથવા સેલના સ્થળોએ સસ્તુ ખરીદવા મુલાકાત લઈ રહ્યા છે. મોટા સહુના લોકોને જંગી મૂડીરોકાણ કરીને સ્ટોક કરી બેઠેલા સ્ટોર્સના માલિકોનું કહેવું છે કે ગ્રાહકોની ખરીદીમાં નોંધાયેલ ઘટાડાથી આ વર્ષ તેમના માટે ભારે વિપરીત પુરવાર થશે.

### સોના-ચાંદીના ભાવોની તેજીની અસરે ઘરેણાં બજારમાં માંગનો અભાવ

સોના-ચાંદીના ઘરેણા અને વિવિધ આઈટમોના અલંકારો ફેશનેબલ જ્વેલરીના ભાવો સોના-ચાંદીના ભાવોની તેજીને કારણે ખૂબ વધવા પામે છે. આથી સ્વભાવિક રીતે ગ્રાહકો ઓછા વજનના અને ૧૪ તેમજ ૨૨ કેરેટના અલંકારો ખરીદવાનો વિકલ્પ પસંદ કરી રહ્યા છે. દીકરીને દહેજમાં આપવા પડતા અલંકારોની બાબતમાં પણ આ ટ્રેડ જોવા મળે છે. મોટા શોરૂમના જ્વેલર્સ દ્વારા સોનાચાંદીના દાગીનાની મેકીંગ ચાર્જ (ઘડાઈ)માં તેમના દ્વારા મોટું ડિસ્કાઉન્ટ અપાઈ રહ્યું છે. જે ગ્રાહકોને આકર્ષવા માટેનો રસ્તો છે. પણ મોટા ભાગના ગ્રાહકો મોટી ખરીદીથી આઘા રહેવાનું પસંદ કરે છે અને કેટલાક ગ્રાહકો ખરીદી માટે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ મોટા પાયે કરવામાં માંડ્યા છે.

### લગ્નસરા માટે મોંઘા ડીનર-લંચ પાર્ટીઓમાં ઓટ

લગ્નસમારંભોમાં મેરેજ રિસેપ્શન વખતે આમંત્રિતોને ઓફર કરાતી અવનવી વાનગી બનાવતા કેટર્સના ધંધા ઉપર પણ અસર થવા પામી છે. અગાઉ જે મોટી સંખ્યા માટે ઓર્ડર મેળવતા હતા તેમાં ઘટાડો દેખાય છે એટલું જ નહીં લગ્નપ્રસંગને અનુરૂપ બેથી ત્રણ લંચડીનર આમંત્રિત માટે ઓફર કરાતા હતા તેમાં પણ કાપકૂપ મૂકવાની પરિસ્થિતિ જોવા મળે છે. આ માટેનું કારણે ખાદ્ય ખોરાકીની ચીજવસ્તુના સતત વધતા જતા ભાવોને કારણે મોંઘી બનેલી વાનગીઓની ડિશો કારણભૂત પરિબળ છે.

### માણેકચોક-રતનપોળના બજારોમાં ઘટેલા ગ્રાહકો

અમદાવાદના રતનપોળ-માણેકચોકના સોનાચાંદી બજારમાં ગ્રામ્ય વિસ્તારના ગ્રાહકોની લગ્નસરા માટેની માંગ સામાન્યતઃ રહેતી હતી. ઘણા વખતે કૃષિ ઉત્પાદકોને કમોસમી વરસાદ ઓછા પાકની ઓછી ઉપજને કારણે પ્રતિકૂળ સમયનો સામનો કરવો પડ્યો છે.

# યશ બેંક સાથે રાણા કપૂર અને વઢવાણ દ્વારા ગજબની છેતરપિંડી

■ બંને જણા જેલના સળિયા પાછળ

ગુજરાત | વંદન



યશ બેંકના સહસંસ્થાપક રાણા કપૂર અને દીવાન હાઉસિંગના પ્રમોટર કપિલ અને ધીરજ વધવાણે રૂ. ૫૦૫૦ કરોડના સ્પેશ્યિલ ટ્રાન્જેક્શન કર્યાનો આક્ષેપ એન્ફોર્સમેન્ટ ડાયરેકટર દ્વારા કરવામાં આવ્યો છે. સ્પેશિયલ કોર્ટમાં ફાઈલ કરવામાં આવેલ ચાર્જશીટમાં આનો ઉલ્લેખ કરાયો છે. હકીકતમાં રાણા કપૂર દ્વારા ઓવરસીઝ ધોરણે મની લોન્ડરીંગનું કાર્યકરવામાં આવ્યું હતું જે ક્રિમીનલ બાબત બની છે. યશ બેંક દ્વારા ૩૭૦૦ કરોડની કિંમતના ડિબેન્ચર ૨૦૧૮ અને ૨૦૧૯માં દીવાન હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ પાસેથી ખરીદ્યા હતા. તેની ચૂકવણીની રકમ દીવાન હાઉસિંગ ફાઈનાન્સના ખાતામાં જમા કરાવી હતી. દીવાન હાંઉસિંગ ફાઈનાન્સ કંપની લિ. દ્વારા ૬૦૦ કરોડની લોન રાણા કપૂરની માલિકીની ડીઓએફટી અર્બન બેન્ચર નામની કંપનીને આપવામાં આવી હતી. આમ યશ બેંક પબ્લિક મનીનો દુરુપયોગ આવી અયોગ્ય ખરીદી પાછળ વેડફી નાખ્યો હતો.

દીવાન હાઉસિંગ ફાઈનાન્સના ડિબેન્ચર માટે ટૂંકી મુદતનું ધિરાણ કરાયું હતું. આ ડિબેન્ચર હજુ સુધી રીડીમ થયા નથી. હકીકતમાં દીવાન હાઉસિંગ ફાઈનાન્સ લિ.એ રાણા કપૂરને ૬૦૦ કરોડ ચૂકવ્યા હતા તેને કારણે આ ડિબેન્ચરના નાણા ચૂકવવ્યા નથી. હકીકતમાં રાણા કપૂરની આ કંપની કોઈ ધંધાકીય પ્રવૃત્તિ કરતી નથી. આવી જ રીતે યશ બેંકના ૭૫૦ કરોડ મેસર્સ એસી બ્રેટેલર્સ લિ. નામની કંપનીને ચૂકવ્યા હતા. જેની માલિક્ વઢવાણ ગ્રુપની હતી. આ કંપની બાંદ્રા રિકલેમેશન પ્રોજેક્ટ માટે ચૂકવાયા હતા. પણ તેણે પ્રાપ્ત કરેલી રકમ ક્યાં વાપરી તેનો કોઈ ઉલ્લેખ નથી. આ ગુનાઓ પાછળ રાણા કપૂર હાલ જ્યુડીશિયલ કસ્ટડીમાં પૂરાયેલ છે અને વઢવાણ બંધુઓ જેલની કસ્ટડીમાં પૂરાયા છે.

ઈન્ડસઈન્ડ બેન્ક, એમએન્ડએમ, સન ફાર્માના શેર વધ્યા

# શેરબજારમાં પરત આવી તેજી, સેન્સેક્સમાં 776 પોઈન્ટ વધ્યો

ગુજરાત | વંદન

વૈશ્વિક બજારના નબળા સંકેત વચ્ચે સપ્તાહના બીજા દિવસે (મંગળવારે) ભારતીય શેરબજારની શરૂઆત મજબૂતી સાથે થઈ હતી. સવારે 9.16 વાગ્યે સેન્સેક્સ 534.23 પોઈન્ટ અને નિફ્ટી 168.30 પોઈન્ટના ઉછાળા સાથે કારોબાર કરતા જોવા મળ્યું હતું. સેન્સેક્સ પર ઈન્ડસઈન્ડ બેન્ક, એમએન્ડએમ, સન ફાર્મા, બજાજ ફાઈનાન્સ, HUL સહિતના શેરમાં વધારો જોવા મળ્યો હતો. કારોબાર દરમિયાન નિફ્ટીએ 17,223.85 સુધી પહોંચ્યું તો સેન્સેક્સ 57,991.53 સુધી પહોંચ્યો હતો.
બીએસઈના મિડકેપ ઈન્ડેક્સ 1.62 ટકા વધીને 24,630.25 ના સ્તર પર બંધ થયા. જ્યારે બીએસઈના સ્મૉલકેપ ઈન્ડેક્સ 0.76 ટકા વધારાની સાથે 28,918.83 પર બંધ થયા હતા. બીએસઈના 30 શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ 776.72 અંક, 1.37% ની મજબૂતીની સાથે 57,356.61 ના સ્તર પર બંધ થયા છે. તો એનએસઈના 50 શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ નિફ્ટી 246.80 અંક એટલે કે 1.46% ની તેજીની સાથે 17200.80 ના સ્તર પર બંધ થયા.




**સૌથી વધુ ઉંચકાયેલા શેર્સ**
અદાણી પોર્ટ્સ 5.81 ટકા, બજાજ ઓટો 5.73 ટકા, હીરો મોટોકોર્પ 5.05 ટકા, પાવરગ્રિડ કોર્પ 4.11 ટકા, ટાઈટન કંપની 3.86 ટકા.

**સૌથી વધુ ગગડેલા શેર્સ**
ઓએનજીસી 2.03 ટકા, એપોલો હોસ્પિટલ -1.16 ટકા, એક્સિસ બેન્ક -0.58 ટકા, મારુતિ સુઝૂકી -0.41 ટકા, હિન્દલ્કો -0.38 ટકા.

શેરબજારમાં પરત આવી તેજી | 2 સેશનના ઘટાડા સાથે ભારતીય શેરબજારમાં સારી તેજી જોવા મળી છે. નિફ્ટી 17,150 અને બેન્ક નિફ્ટી 36,500 પોઈન્ટની ઉપર ટકવામાં સફળ થયો છે. બેન્ક નિફ્ટીએ સતત બીજા દિવસે પણ સારું પર્ફોર્મન્સ બતાવ્યું છે. નિફ્ટીમાં 17,000ના કોલમાં અનવાઈંડિંગ જોવા મળી રહી છે.

અદાણીની પોર્ટ હાર્બર નામની કંપનીની ડીલ ફાઇનલ

# વિશ્વવિખ્યાત ઓશન સ્પાર્કલ ગ્રુપ સાથે ૧૭૦૦ કરોડના ખર્ચે સંયુકત સાહસ કરવાનું નક્કી કર્યું

ગુજરાત | વંદન

Ocean Sparkle Limited

અદાણી ગ્રુપ પ્રગતિના પંથે હરણફાળ ગતિએ આગળ વધી રહી છે. ઔદ્યોગિક ક્ષેત્રની નવી ક્ષિતિજો તરફ તેની પ્રવૃત્તિ કેન્દ્રિત થઈ રહી છે. તાજેતરમાં સાંપડતા સમાચાર મુજબ અદાણી ગ્રુપની કંપની અદાણી પોર્ટે રૂ. ૧૭૦૦ કરોડના રોકાણથી આ વિશ્વવિખ્યાત ઓશન સ્પાર્કલ ગ્રુપ સાથે સંયુક્ત સાહસનો સહયોગ કરાર કર્યો છે. અદાણી ગ્રુપને વિખ્યાત આંતરરાષ્ટ્રીય ગ્રુપની આ કંપની જે ૯૪ વેસલ્સ (સ્ટીમરો) ની માલિકી ધરાવે છે. આ ઉપરાંત ૧૩ જેટલા થર્ડ પાર્ટીની માલિકીની વેસલ્સની પણ કામગીરી બજાવે છે. અદાણી ગ્રુપ આ કંપનીને થર્ડ પાર્ટી મરીન સર્વિસીસ તરીકે સેવા માટે રૂ. ૧૭૦૦ કરોડ સંપાદન કરનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઓશન પાર્કલ (ટનેજ) પાયલોટ અને એજીંગ પ્રવૃત્તિમાં ખૂબ વિશાળ અનુભવ ધરાવે છે.
આ કંપનીના સહયોગથી અદાણી ગ્રુપની સબસિડી કંપની અદાણી હાર્મર સર્વિસીસ તાજેતરમાં એગ્રીમેન્ટ ઉપર સહીસિક્કા કર્યા છે. આગામી પાંચ વર્ષમાં લગભગ તેની કામગીરી બમણી થશે તેમ અદાણી હાર્બરના સીઈઓ શ્રી કરણ અદાણીએ જણાવ્યું હતું. આ સંયુકત સાહસથી અદાણી ગ્રુપને મરીન સર્વિસીસ માર્કેટમાં મહત્વપૂર્ણ પદાર્પણ કરી શકશે અને ૨૦૩૦ સુધીમાં આ સંયુકત સાહસની કંપની પોર્ટ ઓપરેટરની કામગીરી વૈશ્વીક સ્તરે હાથ ધરશે. સહયોગી કંપની વિશાળ કક્ષાના બંદરો ઉપરાંત ૧૫ નાના બંદરોનું અને ત્રણ એલએનજી ટર્મિનલો માટે સેવા આપે છે. ૩૧ માર્ચ ૨૦૨૧ સુધીમાં આ સહયોગી કંપનીએ રૂ. ૬૨૨ કરોડની કોન્સ્યુલેટ આવક પ્રાપ્ત કરી છે.

# ICICI બેંકની સુંદર પ્રગતિ : ધિરાણમાં 17% અને ડિપોઝીટમાં 14%ની વૃદ્ધિ

ગુજરાત | વંદન



આઈસીઆઈસીઆઈ બેંકનો ત્રિમાસિક ચોથા તબક્કામાં ચોખ્ખો નફો ૫૯.૪૨ ટકા વધીને ૭૦૯.૭૧ કરોડની નવી ઊંચી સપાટીએ પહોંચ્યો છે જે આગલા વર્ષના તુલનાત્મક ગાળામાં ૪૪૦૨.૬૧ કરોડ હતો.
વર્ષ ૨૦૨૧-૨૨ના સમગ્ર વર્ષમાં બેંકની વ્યાજની આવક ૨૧ ટકા વૃદ્ધિ પામીને ૧૨૬૦૫ કરોડની સપાટીએ પહોંચી છે જે આગલા વર્ષે ૧૦૪૩૧ કરોડ હતી. બેંકની ગ્રોસ એનપીએનો રેશિયો ૩.૬૦ ટકાની સપાટીએ રહ્યો છે જે આગલા વર્ષના ચોથા ત્રિમાસિક સમયગાળામાં ૪.૧૩ ટકાનો હતો. બેંકનું કુલ ધિરાણ ૧૭ ટકા વધીને ૮૫૯૦૨૦ કરોડની સપાટીએ પહોંચ્યું છે. જે આગલા વર્ષની તુલનામાં ૧૭ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. બેંકનું ડોમેસ્ટિક એડવાન્સીસ ૬ ટકાની દરે વૃદ્ધિ પામ્યું છે. ૩૧મી માર્ચ ૨૦૨૨ના રોજ પૂરા થયેલ વર્ષમાં બેંકની કુલ ડિપોઝીટ કુલ ૧૪ ટકા વૃદ્ધિ પામીને ૧૦૬૪૫૭૨ કરોડની સપાટીએ પહોંચી છે.

# HDFC બેંક દ્વારા શેરદીઠ રૂ.15.50 ડિવિડન્ડની જાહેરાત

ગુજરાત | વંદન

ભારતની ખાનગી ક્ષેત્રની મોટી બેંક એચડીએફસી બેંકના ડાયરેકટરોએ શેરદીઠ રૂ. ૧૫.૫૦ ડિવિડન્ડ જાહેરાત કરી છે. તેના ઈક્વિટી શેરની મૂળ કિંમત રૂ. ૧ છે. આમ ઈક્વિટી શેર ઉપર આ બેન્કીંગ કંપનીએ ૧૫૫૦ ટકા ડિવિડન્ડની જાહેરાત કરી છે. આ ડિવિડન્ડની જાહેરાત શેરહોલ્ડરોની વાર્ષિક સભામાં મંજૂરીના આધિન રહેશે. આ માટે રેકોર્ડ ડેટ ૧૩ મે ૨૦૨૨ નક્કી કરાઈ છે. તાજેતરમાં કંપનીએ ૨૦૨૧-૨૨ના વર્ષમાં રૂ. ૧૦૦૫૫.૨૦ કરોડનો ચોખ્ખો જાહેર કર્યો છે. જે ૨૩ ટકાની વૃદ્ધિ આગલા વર્ષની સરખામણીમાં દર્શાવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ ચોખ્ખો નફો રૂ. ૨૯૮૯.૫૦ કરોડની કરવેરા જોગવાઈ પછીનો છે. બેંકે ગયા વર્ષે રૂ. ૮૧.૮૭ કરોડનો ચોખ્ખો નફો દર્શાવ્યો હતો.




ભારત અર્થતંત્ર રીકવરીના માર્ગે છે : બ્લુમબર્ગ સાથે વાતચીત

# ફુગાવો 'મેનેજ' થઈ જશે: નિર્મલા સીતારામનનો વિશ્વાસ

ગુજરાત | વંદન



કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે અમેરિકાના પ્રવાસ દરમિયાન તેમણે દેશના અર્થતંત્ર અંગે બ્લૂમબર્ગને આપેલી એક ખાસ મુલાકાતમાં એમ કહ્યું છે કે ભારતનું અર્થતંત્ર મજબૂત સ્થિતિમાં જ છે અને ફુગાવો નિયંત્રણમાં છે. તેમણે કહ્યું છે કે ફુગાવો આમ તો વિશ્વના અનેક દેશોમાં ચિંતાજનક બન્યો છે પરંતુ ભારતમાં ફુગાવાને કન્ટ્રોલમાં લાવી શકાય છે અને અમે તેને કંટ્રોલ કરી રહ્યા છીએ પરંતુ અર્થતંત્ર ની પરિસ્થિતિ મજબૂત છે અને લગભગ દરેક સેક્ટરમાં વિકાસ અને વૃદ્ધિ થઈ રહ્યા છે.
નિર્મલા એ અર્થતંત્રની પરિસ્થિતિ અંગે છણાવટ કરીને કહ્યું હતું કે વાસ્તવમાં કોરોના મહામારી પહેલાથી જ બેંકિંગ સેકટરમાં કટોકટી ઊભી થવાને કારણે અર્થતંત્ર માં થોડી નરમી આવી ગઈ હતી અને તેમાં કોરોનાવાયરસ મહામારી ફેલાઈ ગઈ હતી અને તેને લીધે અર્થતંત્રમાં ઘણી નબળાઈ આવી ગઈ હતી જોકે વિશ્વના બધા જ દેશોમાં તેનો અનુભવ થયો હતો. નાણામંત્રીએ ભારપૂર્વક કહ્યું હતું કે અત્યારે પણ દેશનું અર્થતંત્ર મજબૂત પરિસ્થિતિમાં છે અને કોઈ ચિંતાની વાત નથી જ્યારે ફુગાવો ચિંતાજનક છે પરંતુ તે નિયંત્રણમાં છે અને આગામી દિવસોમાં પણ અમે તેને નિયંત્રિત કરી શકીએ છીએ.

# સુમન બેરી નીતિ આયોગના નવા ઉપાધ્યક્ષ હશે

ગુજરાત | વંદન



નીતિ આયોગના ઉપાધ્યક્ષ રાજીવ કુમારે તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે, તેમનું સ્થાન સુમન બેરી લેશે. રાજીવ કુમાર ઓગસ્ટ 2017માં નીતિ આયોગના ઉપાધ્યક્ષ તરીકે જોડાયા હતા, જ્યારે અરવિંદ પનાગરિયાએ નીતિ આયોગ છોડીને શૈક્ષણિક ક્ષેત્રે પાછા ફર્યા હતા. કર્મચારી મંત્રાલયે જાહેરાત કરી છે કે, કેબિનેટ નિમણૂક સમિતિએ રાજીવ કુમારનું રાજીનામું સ્વીકારી લીધું છે અને સુમન બેરીને નીતિ આયોગના નવા સભ્ય અને વાઈસ-ચેરપર્સન તરીકે ચૂંટવામાં આવ્યા છે. રાજીવ કુમારને તેમના પદ પરથી 30 એપ્રિલે મુક્ત કરવામાં આવશે. અને સુમન બેરી 1 મેથી તેમના પદનો કાર્યભાર સંભાળશે. કુમારે તેમના કાર્યકાળ દરમિયાન કૃષિ, સંપત્તિ મુદ્રીકરણ, ડિસઈન્વેસ્ટમેન્ટ, મહત્વાકાંક્ષી જિલ્લા કાર્યક્રમ અને ઈલેક્ટ્રિક વાહનો વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરીને નીતિ નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. રાજીવ કુમાર ભૂતકાળમાં કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ (CII)ના મુખ્ય અર્થશાસ્ત્રી અને ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI)ના સેક્રેટરી જનરલ હતા.સુમન બેરી, જેઓ કુમારના અનુગામી બનશે.

આઈપીઓ | આઈપીઓની ઓપન ઓફર આગામી સમયમાં નિર્ણય કરવામાં આવશે

# એલઆઇસીનો મેગા આઇપીઓ કેન્દ્ર સરકાર માટે ભારે નાણાકીય દ્રષ્ટિએ ભારે પડકારરૂપ પરિબળ

ગુજરાત | વંદન




કેન્દ્ર સરકારને પ્રવર્તમાન રાજકીય ખાદને પહોંચી વળવા માટે ૬૫૦ બિલિયન રૂપિયાની માતબર રકમની જરૂરિયાત છે. લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાની ઈક્વિટી શેરમૂડીમાં સરકારનું શેરહોલ્ડીંગ ઘટાડવાની યોજના એક યા બીજા કારણે વિલંબમાં પડતાં નાણાકીય મંત્રાલય ભારે દ્વિધા અનુભવી રહી છે. દેશની જીડીપીના ધોરણે રાજકોષીય ખાદને પૂરવા માટે સરકાર ખૂબ ચિંતિત છે. હકીકતમાં નરેન્દ્ર મોદીની સરકાર ૧.૭૫ બિલિયન રૂપિયાના નાણાકીય સાધનોની મહત્વની આવશ્યકતા માટે ખૂબ પ્રયત્નશીલ છે.
મળતી માહિતી મુજબ એલઆઈસીની ઓફર અત્યાર સુધીના આઈપીઓમાં સૌથી મોટો મેગા ઈશ્યુ છે. તેનું વેલ્યુએશન ૬ લાખ કરોડ અંદાજાયું છે. તે માટે આઈપીઓની ઓપન ઓફર મે ૨૦૨૨ના પ્રથમ સપ્તાહમાં લાવવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આઈપીઓના ઈશ્યુ પ્રાઈઝ અને ઈશ્યુના કદની બાબતમાં તેમજ તેની તારીખ નક્કી કરવા માટે આગામી બુધવારે નિર્ણય કરવામાં આવશે.
આ મેગા ઈશ્યુ વારંવાર કોવિડનાવાઈરસના કારણે સંજોગોવશાત ખૂબ વિલંબમાં પડ્યો હતો. હવે સરકારને વધુ વિલંબ કરવાનું પરવડે તેમ નથી તેવું નાણા મંત્રાલયના સૂત્રો દર્શાવે છે. સરકારી તંત્ર આ મેગા ઈશ્યુ માટે વિશાળ કદના ખરીદનાર ઈન્વેસ્ટરોની તપાસ હાથ ધરી રહ્યું છે.

# ડેકોરેશન અને ફલાવર ડેકોરેશનના ધંધામાં પણ મંદી

ગુજરાત | વંદન

લગ્ન સમારંભમાં મેરેજ માટેની જગ્યાનું ડેકોરેશન કરવા પાછળ અગાઉ ખૂબ મોટો ખર્ચ કરવામાં આવતો હતો તેમાં ફલાવર ડેકોરેશનથી લગ્નસ્થળને વધુ સુશોભિત કરવા માટે આયોજન થતું હતું. પણ આમ સમગ્રપણે મોંઘવારીને કારણે આ ધંધા ઉપર પણ મંદીની અસર થવા પામી છે અને આ ધંધાથી સર્વિસ આપતા સામાન્ય વર્ગના લોકોની આવક ઉપર ખૂબ માઠી અસર થઈ છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

આંખે અતીતના તોરણ
સ્નેહલ નિમાવત

# સાચો રસ્તો એણે પોતાની જાતને પ્રશ્ન કર્યો....

## પરીક્ષા વગર આગળના ધોરણમાં નથી જવાતું, જિંદગીમાં પણ પરીક્ષા વગર આગળ ક્યાં જવાય છે?

ગુજરાત | વંદન

ગરમી ધીરે ધીરે તીવ્રતા પકડી રહી હતી. નેહા તેના ઘરમાં બપોરે આરામ કરી રહી હતી. તેના બાળકો સ્મિતા અને વિહાનની પરીક્ષા પણ પુરી થઇ ચૂકી હતી. નિરાંતે પલંગ પર લંબાવીને એ.સી ચાલુ કરી ઠંડા હવામાનમાં તે મનમાં ઉદ્વેગને શાંત કરવા મથી રહી.મન વિચારોના ચકરાવે ચડ્યું હતું. તે વિચારતીઃ હું મારા નાના બાળકો પર ભણવાનું બિનજરુરી દબાણ તો નથી કરી રહી ને ? બાળકો ભણશે નહીં તો સ્કુલની રેસમાં આગળ રહી શકશે ખરા? શું તેમની પ્રગતિ રુંધાઇ તો નહીં જાય ને? જિંદગીના કઠીન તડકા છાંયામાં તેઓનો વિકાસ રુંધાશે તો નહીં ને?

એણે પોતાની જાતને પ્રશ્ન કર્યો શું આ જ સાચું શિક્ષણ છે જે હું બાળકોને આપવા માંગતી હતી? આવા કેટલાયે વિચારોએ તેને વિચારતી કરી દીધી હતી. નાના બાળકોનું બાળપણ છીનવાઇ રહ્યું છે પણ એ ભણશે નહીં તો કરશે શું? આમ નેહા આવા ઘણાબધા વિચારોથી ઘેરાઈ વળી હતી.થાકના કારણે ઊંઘ આતી ન હતી વિચારો ઉંઘવા દેતા જ નહતા. જીવનમાં તેણે ઘણી મુશ્કેલીનો સામનો કર્યો હતો.બાળકોને મોટા કરવામાં તે ખૂબ સમય આપતી.બાળકો સાચુ શિક્ષણ મેળવે એ માટે હંમેશા પ્રયત્નો કરતી પણ ક્યાંક ને ક્યાંક પોતાને નિષ્ફળ માનતી.

ઉંઘ ન આવતી હોવાથી પોતાના કબાટને સાફસૂફ કરવા લાગી.એમાં એક આલ્બમ તેના હાથમાં આવ્યો. પોતાના બાળપણના ફોટા જોઇને તે ખુશ થઇ ગઇ. નાનપણમાં કેવી મજા હતી એ વિચારવા લાગી. તેને માતા પિતા બંને સાચવતા .તેની જીદ પુરી કરતા. ભણાવતા,રમાડતા,અને જીવનના પાઠ શીખવતા.એમાંથી એક ફોટો તેના સ્કૂલનો જોયો અને તે પોતાના નાનપણની યાદોમાં ખોવાઇ ગઇ..

સ્કૂલમાં ટીચરો તેના બેસ્ટ ફ્રેન્ડ જેવા હતા. તેને ક્યારેય ગોખવું ગમતું નહીં.દરેક વિષય તે



સમજતી અને ટીચરો સાથે ન સમજાય ત્યાં સુધી દલીલો કરતી.તેના માર્કસ ઓછા આવતા પણ તેને દરેક વિષયમાં જ્ઞાન પુરેપુરું હતું. કોઇને કંઇપણ સમસ્યા હોય તો તે નેહા પાસે આવતા અને નેહા દરેકની મદદ કરતી.ભણવામાં તેને રસ હતો.આ રસ તેનામાં તેના પિતાજીએ સિંચેલો.

તેનું ભણવાનું શરુ થાય વેકેશનથી જ. વેકેશનમાં જૂના પુસ્તકો તેના પપ્પા લઇ આવે નેહા પાસે વંચાવે. નેહા વાર્તાની જેમ એ પુસ્તકો વાંચતી. તેને મજા પડતી. સાંજે તે બેનપણીઓ સાથે રમવા જતી અને મોડી સાંજ સુધી રમતી. તેના પિતાએ તેને શિખવાડેલું કે વેકેશનમાં જ મોટાભાગનું વાંચી લેવું. ટીચર જ્યારે ક્લાસમાં સમજાવે ત્યારે તેને મોટાભાગનું સમજાઇ જતું. જે ન સમજાય તે ટીચર વારંવાર શીખવાડતા. રોજ ઘરે આવીને તે હોમવર્ક કરી લેતી.હોમવર્ક કરીને જ રમવા જતી.

દર રવિવારે તે રીવીઝન કરતી. પરીક્ષા સમયે જ્યારે તે વાંચવા બેસતી ત્યારે મોટાભાગનું તેને યાદ જ રહેતું. આરામથી પિકનિકમાં જતી હોય એમ એ પરીક્ષા આપવા જતી. તેને મનમાં કોઇ ચિંતા નહતી. એકવાર તે નપાસ થયેલી ત્યારે તેના પિતાએ તેને કંઇ જ નહોતું કહ્યું.તેને પાસે બોલાવીને તેને સમજાવેલી. બેટા ચિંતા નહીં કરવાની પરીક્ષા આવતી જ રહેશે પણ ક્યારેય ગભરાઇશ નહીં.જીવનમાં તો મોટી મોટી પરીક્ષા આવશે ત્યારે ગભરાવાનું નહીં અને આગળ વધતું જ રહેવાનું. જીવનમાં તો એવી પરીક્ષા આવશે કે જેનો કોર્સ પણ નહીં હોય. જીવનમાં બધા પડે છે પણ જે પડીને ફરી દોડે છે જિત હંમેશા તેની જ થાય છે. તેના માતા રમિલા અને પિતા દેવજીભાઇની શીખ તેને યાદ આવી. તે સમયે તેણે હિંમત ન હારી અને ફરી પરીક્ષા આપી તો તે આજે સફળ એકાઉન્ટન્ટ બની શકી.

જીવી લીધેલા પોતાના જીવન પરથી જે સાર પ્રાપ્ત થયો હતો તેનું સિંચન હવે બાળકોમાં કરી નવો રાહ કંડારવાનો હતો.એને જાણે સાચી જિંદગી તરફનો રસ્તો મળી ગયો હતો. બીજી જ પળે બાળકોને નજીક બોલાવી પોતાના અનુભવનો સાકાર સ્વરુપ મૂર્તિમંત કરવા તેણે બાળકોને કહ્યુંઃ દિકરાઓ શાળાની પરીક્ષા તો પછી પણ જીવનની પરીક્ષાનો સાચો આનંદ હમણાં જ લૂંટી લઇએ.નેહા બાળકો સાથે રમવા લાગી.

અનુસંધાન પેજ 3 પરથી...

### શું રવિશંકરને નમન...

માંગે છે. પણ કોઇ ટીવી એન્કરની ભાષામાં કહીએ તો- ક્યા ઐસા હોગા...?તેરે મન કી ગંગા..ઔર મેરે મન કી જમના, અરે બોલ રાધા બોલ સંગમ હોગા...?
ભાઇ કેજરીવાલ, આ ગુજરાત છે, પંજાબ નથી. ગુજરાતમાં બે જ ચાલે. એક પંજો અને એક કમળ. ઝાડુને લોકો કેટલા સ્વીકારશે એ તો પરિણામ કહેશે પણ સત્તા મળશે એમ જો મનમાં હરખ હવે તું હિન્દુસ્તાન..ની જેમ યુટ્યુબ પર ડાલ દો..વાળી ક્રૂર હસીમજાકમાં મહાલતા હોવ તો ગુજરાતનો સંદેશો સાંભળી લેજો- મેરે તો કમલમ ગીરધારી..દુજો ન કોઇ..આયેગા તો....! સત્તા માટે મહેનત કરજો..ઉમેદવારોને દોડાવજો અને વિધાનસભામાં વિપક્ષની પાટલી પર બેસવાની તૈયારી રાખજો. તેની સાથે ગરવી ગુજરાતના 62માં વર્ષે એક નવો રાજકિય ઈતિહાસ સર્જાશે કે એક હજાર કિમી. દૂરથી આવીને કેજરીવાલ એન્ડ કંપની વિપક્ષમાં બિરાજમાન છે અને પછી તો કેજરીવાલ પણ ખમણ-પાતરાં અને ઢોકળાં-ઢોકળી ખાતા ખાતા કહી રહ્યાં ડ્સે...ગાઇ રહ્યાં હશે- ગુજરાત મોરી રે મોરી...
62 વર્ષમાં ગુજરાતે ઘણુ જોઇ નાંખ્યું, ઘણુ ગુમાવ્યુ અને ઘણુ મેળવ્યું. ગુજરાત હવે એક મોડેલ સ્ટેટ બની ગયું છે. બીજા રાજ્યોને સલાહ આપવામાં આવે છે કે જો પ્રગતિ કરવી હોય તો ગતિશીલ ગુજરાતમાંથી શીખો...62મા વર્ષે પ્રવેશ ટાણે સરકારી રાહે મોજે દરિયાની જેમ ઉત્સવભેર ઉજવણી થશે...સ્થાપના દિને વિવિધ કાર્યક્રમો યોજાશે...ગુણગાન ગવાશે..ઓવારણાં લેવાશે.. જુગ જુગ જીવો...ના આશિર્વાદ અપાશે..પણ શું 62મા સ્થાપના દિને શું એવુ ન કરાય કે હવે પછી ગાંધીનગરમાં જે નવી સરકાર બને એ સરકારના ભાવિ મુખ્યમંત્રી અને મંત્રીઓ શપથવિધિના સ્થળે બિરાજમાન મૂકસેવક રવિશંકર મહારાજની પ્રતિમાને નમન કરીને ત્યારબાદ હોદ્દો અને ગુપ્તતાના સોગંદ.....?!.કૌન કહેતા હૈ ઐસમાન મેં છેદ નહીં હો શકતા... એક પથ્થર તો તબિયત સે ઉછાલો યારોં...ભલે દાળ-ભાત ખાઇએ પણ ચાલો એક નવી શરૂઆત કરીએ...નમન મૂકસેવકને... નમન ગરવી ગુજરાતને...નમન ગરવા સૌ ગુજરાતીઓને....

### મોંઘવારીનો વધુ ...

દરો ઘટાડવામાં આવ્યા હતા. હવે ફરીથી વધારો કરવાનો પ્રસ્તાવ આપવામાં આવ્યો છે.

આ જ પ્રકારે ડિસેમ્બર 2018ની બેઠકમાં કલર ટીવી સેટ અને મોનિટર (32 ઈંચથી ઓછા), ડિજિટલ અને વિડિયો કેમેરા રેકોર્ડર, પાવર બેંક જેવી વસ્તુઓ માટેના GST દરમાં ઘટાડો કરવામાં આવ્યો હતો અને હવે ફરીથી વધારો કરવામાં આવી શકે છે.

પાપડ અને ગોળ જેવી ચીજવસ્તુઓ પર જીએસટીનો દર ઘટાડીને 0 થી 5 ટકા ટેક્સ સ્લેબ કરવામાં આવી શકે છે. ચામડાનાં કપડાં અને એસેસરીઝ, હેન્ડ વેર, રેઝર, પરફ્યુમ, પ્રી-શેવ/આફ્ટર-શેવ, ડેન્ટલ ફ્લોસ, ચોકલેટ, વેફલ્સ, કોકો પાઉડર, કોફી અર્ક અને કોન્સન્ટ્રેટ્સ, નોન-આલ્કોહોલિક વેબરેજેજ, હેન્ડબેગ/શોપિંગ બેગ ઘરની સાથે સિરામિક સિંક, વૉશ બેસિન, પ્લાયવુડ, દરવાજા, બારીઓ, ઇલેક્ટ્રિકલ ઉપકરણો (સ્વીચો, સોકેટ્સ વગેરે)ની નિર્માણ વસ્તુઓ પર જીએસટીનો દર 18 ટકાથી વધીને 28 ટકા થઈ શકે છે.

અખરોટ માટે GST દર 5 ટકાથી વધારીને 12 ટકા, કસ્ટર્ડ પાવડર માટે 5 ટકાથી વધારીને 18 ટકા અને લાકડાના ટેબલ અને વાસણો માટે 12 ટકાથી વધારીને 18 ટકા કરવામાં આવી શકે છે.

### છેલ્લાં ત્રણ દિવસથી...

3 રાજ્યોમાં હતો. ત્યાર બાદ અનેક રાજ્યોએ ફરીથી નવા નિયંત્રણો લાદવાનું શરૂ કરી દીધું છે. સ્થિતિની ગંભીરતાને જોતા બુધવારે પીએમ નરેન્દ્ર મોદી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા તમામ મુખ્યમંત્રીઓ અને સ્વાસ્થ્ય મંત્રીઓ સાથે બેઠક યોજી રહ્યા છે.

### કોંગ્રેસમાં હલચલઃ...

તેવી શક્યતાઓ જોવામાં આવી રહી છે.

તમને જણાવી દઈએ કે, ગત બુધવારે મુખ્યમંત્રી અશોક ગેહલોતે સોનિયા ગાંધી સાથે મુલાકાત કરી હતી. ગુરુવારે સચિન પાયલટે સોનિયા સાથે લગભગ એક કલાક સુધી મુલાકાત કરી હતી. આ પહેલા પાયલોટે પ્રિયંકા ગાંધી વાડ્રા અને રાહુલ ગાંધી સાથે પણ મુલાકાત કરી હતી.

સોનિયા ગાંધી સાથેની મુલકાત બાદ અશોક ગહેલોત ખુદ એવી સ્પષ્ટતા કરી ચુક્યા છે કે પોતાનો રાજીનામા પત્ર કાયમી ધોરણે સોનિયા ગાંધી પાસે પડ્યો છે. તેઓ ઈચ્છે ત્યારે તેના ઉપર નિર્ણય લઈ શકે છે. તેમજ અશોક ગહેલોત પહેલાથી સત્તા કરતા સંગઠનને વધુ મહત્વ આપવાની વાત કરતા આવ્યા છે. તેમના જ કહેવાતી ડૉ. રઘુ શર્મા રાજસ્થાન સરકારમાં આરોગ્ય મંત્રીના પદેથી રાજીનામું આપી ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રભારી બનવા તૈયાર થયા હતા.

### 'બાળકોને નાની...

મોકલવા જોઈએ ન હીં. માતા-પિતા ઈચ્છે છે કે, બાળક બે વર્ષ થતાં તેને શાળાએ મોકલવા જોઈએ, પણ તેનાથી તેમના સ્વાસ્થ્ય પર ખરાબ અસર પડે છે. જસ્ટિસ સંજય કિશન કૌલ અને એમએમ સુંદરેશની પીઠે તેના પર ટિપ્પણી કરી છે. પીઠે આગામી શૈક્ષણિક સત્ર માટે કેન્દ્રીય વિદ્યાલયમાં ધોરણ 1ના પ્રવેશ માટે છ વર્ષની ન્યૂનતમ આયુ માપદંડને પડકાર આપતા માતા-પિતાની અપલી પર સુનાવણી કરી હતી.

માતા-પિતાએ દિલ્હી હાઈકોર્ટના 11 એપ્રિલના આદેશને પડકાર આપતા દાવો કર્યો હતો કે, કેન્દ્રીય વિદ્યાલય સંગઠને માર્ચ 2022માં એડમિશન પ્રોસેસ શરૂ થવાના ચાર દિવસ પહેલા ધોરણ 1થી છ વર્ષ માટે અચાનક પ્રવેશ માપદંડ બદલી નાખ્યા. પાછલા માપદંડ પાંચ વર્ષના હતા. કોર્ટે સુનાવણી દરમિયાન કહ્યું કે, બાળકોને સ્કૂલે મોકલવાની યોગ્ય ઉંમર શું છે, તેને લઈને અધ્યયન કરવામાં આવ્યું છે. બાળકોને શાળાએ મોકલવામાં જબરદસ્તી ન કરવી જોઈએ, તેમના સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી શકે છે.

## "રેમ્બો" અને "રોકી"નું આલિશાન નિવાસસ્થાન અડધા ભાવે વેચાયું, કારણો અકબંધ

ગુજરાત | વંદન



બોલીવુડના જાણીતા મારફાડ કલાકારોમાં ટર્મિનેટરનો હીરો આર્નોલ્ડની સાથે રોકી ફિલ્મનો હીરો સિલ્વેસ્ટર સ્ટેલોન પણ ચાહકોમાં બેહદ લોકપ્રિય બન્યો હતો. તાજેતરમાં જ તેણે પોતાનું વિશાળ મેન્શન ટાઈપ બંગલો વેચ્યો ત્યારે ચર્ચામાં આવ્યો. ચર્ચામાં એટલા માટે છે કેમ કે તેમને પોતાના 21,000-સ્ક્વેર-ફૂટનો વિશાળ બંગલોઝની ઠરાવેલી કિંમત 110 મિલિયન ડોલરને બદલે ઘટાડો કરીને માત્ર 58 મિલિયન ડોલરમાં વેચવાની ફરજ પડી છે. તેના કારણો જો કે જાહેર થયા નથી કે અડધા ભાવે કેમ આલિશાન બંગલોઝ વેચવાની ફરજ પડી..!

હોલીવુડની સફળ ફિલ્મોમાં રોકી ઉપરાંત રેમ્બોમાં પણ સિલ્વેસ્ટર સ્ટેલોનની ભૂમિકા યાદગાર છે. લોસએન્જલ્સમાં તેમણે આલિશાન મેન્શન ખરીદ્યો હતો. તાજેતરમાં તેમણે પોતાનુ આ આલિશાન બંગ્લોઝ વેચવા કાઢ્યો ત્યારે ઘણાંને નવાઇ લાગી હતી. સિલ્વેસ્ટર સ્ટેલોને તેની વેચાણ કિંમત 110 મિલિયન ડોલર જાહેર કરી હતી.

પોતાનું વિશાળ અને આલિશાન ઘરને, અભિનેતાએ "રોકી" ને અંજલિઓથી ભરી દીધું હતું, તે હવે 58 મિલિયન ડોલરમાં વેચાઇ ગયુ. છે.,તેના સ્મૃતિચિહ્નોથી ભરેલા લોસ એન્જલસના કમ્પાઉન્ડને 110 મિલિયન ડોલરમાં સૂચિબદ્ધ કર્યાના એક વર્ષ કરતાં થોડો વધુ સમય પછી, સિલ્વેસ્ટર સ્ટેલોનના ભવ્ય નિવાસસ્થાનનો સોદો થયો. જે મૂળ સ્ટીકરની કિંમત કરતાં લગભગ અડધા ભાવે વેચાયો છે. 21,000-સ્ક્વેર-ફૂટ મેડિટેરેનિયન-શૈલીનો સ્પ્રેડ, ઉબેર એક્સક્લુઝિવ અને ગાર્ડ-ગેટેડ બેવર્લી પાર્ક લોકોની નજરથી દૂર છે.

અનુસંધાન પેજ 4 પરથી...

### એક મહાન...

(1956) અને અપુર સંસાર (1959;અપુની દુનિયા ).

પાથેર પાંચાલી અને તેની સિક્વલ્સ એક બ્રાહ્મણ પાદરીના ગરીબ પુત્ર અપુની વાર્તા કહે છે, કારણ કે તે એક નાનકડા ગામથી કલકત્તા શહેરમાં શિફ્ટ થતા બાળપણથી પુખતવય તરફ આગળ વધે છે. પાશ્ચાત્ય પ્રભાવો અપુ પર વધુને વધુ અસર કરે છે, જે ગામઠી પાદરી બનવાને બદલે સંતુષ્ટ થવાને બદલે નવલકથાકાર બનવાની ચિંતાજનક મહત્વાકાંક્ષાઓ ધરાવે છે. પરંપરા અને આધુનિકતા વચ્ચેનો સંઘર્ષ એ ત્રણેય ફિલ્મોમાં ફેલાયેલી મહાન થીમ છે, જે એક અર્થમાં 20મી સદીના પૂર્વાર્ધમાં ભારતના જાગૃતિનું ચિત્રણ કરે છે.

તેમની અનુગામી ફિલ્મો પરંપરાગત કથાને બદલે મનોવિજ્ઞાન પર ભાર મૂકવાની સાથે સમય સાથે વધુને વધુ કેન્દ્રિત બની રહી. તેણે સભાનપણે પોતાનું પુનરાવર્તન કરવાનું ટાળ્યું. પરિણામે, તેમની ફિલ્મોમાં કોમેડી, ટ્રેજેડી, રોમાંસ, મ્યુઝિકલ્સ અને ડિટેક્ટીવ વાર્તાઓ સાથે, 19મી સદીના મધ્યથી 20મી સદીના ઉત્તરાર્ધ સુધી બંગાળી સમાજના તમામ વર્ગોની સારવાર કરતી મૂડ, વાતાવરણ , સમયગાળો અને શૈલીનો અસામાન્ય રીતે વિશાળ વર્ગ ફેલાયેલો છે. રેના મોટાભાગના પાત્રો, જોકે, સરેરાશ ક્ષમતા અને પ્રતિભાના છે-તેમની દસ્તાવેજી ફિલ્મોના વિષયોથી વિપરીત, જેમાં રવીન્દ્રનાથ ટાગોર (1961) અને ધ ઇનર આઇનો સમાવેશ થાય છે.(1972). અંતઃકરણથી ત્રસ્ત વ્યક્તિનો આંતરિક સંઘર્ષ અને ભ્રષ્ટાચાર જ રેને આકર્ષિત કરે છે; તેમની ફિલ્મો મુખ્યત્વે એક્શન અને પ્લોટને બદલે વિચાર અને લાગણીની ચિંતા કરે છે

રેની કેટલીક શ્રેષ્ઠ ફિલ્મો નવલકથાઓ અથવા અન્ય કૃતિઓ રવીન્દ્રનાથ ટાગોર પર આધારિત હતી. આવી કૃતિઓમાં ચારુલતા (1964;ધ લોન્લી વાઈફ ), 1879માં એક શ્રીમંત, પશ્ચિમી પ્રભાવિત બંગાળી પરિવારમાં રચાયેલ દુઃખદ પ્રેમ ત્રિકોણ, કદાચ રેની સૌથી સિદ્ધ ફિલ્મ છે.તીન કન્યા (1961; "થ્રી ડોટર્સ," અંગ્રેજી-ભાષાનું શીર્ષક ટુ ડોટર્સ ) એ સ્ત્રીઓ વિશેની ટૂંકી ફિલ્મોની વૈવિધ્યસભર ટ્રાયોલોજી છે, જ્યારે ઘરે બાહિરે (1984; ધ હોમ એન્ડ ધ વર્લ્ડ ) એ બંગાળની પ્રથમ ક્રાંતિકારી ચળવળનો ગંભીર અભ્યાસ છે. જેમાં બ્રિટિશ શાસનના સમયગાળા દરમિયાન 1907-08ને આવરી લે છે..

રેની પ્રથમ મૂળ પટકથા અને પ્રથમ રંગીન ફિલ્મ, શ્રીમંત, પશ્ચિમી બંગાળીઓમાં ગોઠવાયેલા લગ્નની સૂક્ષ્મ શોધ વિષય વસ્તુ આધારીત ફિલ્મ કંચનજંઘા હતી. શતરંજ કે ખિલાડી (1977; ચેસ પ્લેયર્સ), રેની હિન્દી ભાષામાં બનેલી પ્રથમ ફિલ્મ હતી , તુલનાત્મક રીતે મોટા બજેટ સાથે, ભારત પર પશ્ચિમની અસરની વધુ સૂક્ષ્મ અસરકારક છે. 1856 માં લખનૌમાં , ભારતીય વિદ્રોહની બરાબર પહેલા , તે બ્રિટીશના હાથે શાસક વાજિદ અલીના પતનને ઉત્કૃષ્ટ અને કરુણતા સાથે દર્શાવે છે. આ ફિલ્મમાં સંજીવકુમાર અને અમજદખાન હતા. શતરંજની રમતમાં નવાબ એટલા ગળાડૂબ થઇ જાય છે કે અંગ્રેજો છેક તેના ઘરે આવીને ઉભા રહી ઝાય ત્યાં સુધી તે તેનો સામનો કરી શકતા નથી અને નવાબને કેદ કરી લેવાય છે.

મોશન-પિક્ચર ડિરેક્ટરે બંગાળમાં લેખક અને ચિત્રકાર તરીકે સમાંતર કારકિર્દીની સ્થાપના કરી, મુખ્યત્વે યુવાનો માટે. તેમણે બાળકોના મેગેઝિન સંદેશ (જે તેમના દાદાએ 1913માં શરૂ કર્યું હતું) પુનઃજીવિત કર્યું અને 1992માં તેમના મૃત્યુ સુધી તેનું સંપાદન કર્યું હતું. રે અસંખ્ય ટૂંકી વાર્તાઓ અને નવલકથાઓના લેખક હતા અને હકીકતમાં ફિલ્મ નિર્માણને બદલે લેખન તેમની આવકનો મુખ્ય સ્ત્રોત બની ગયું હતું. . તેમની વાર્તાઓ યુરોપ, યુનાઈટેડ સ્ટેટ્સ અને અન્ય સ્થળોએ અનુવાદિત અને પ્રકાશિત કરવામાં આવી છે. સિનેમા પર રેના કેટલાક લખાણો અવર ફિલ્મ્સ, ધેર ફિલ્મ્સ (1976) માં એકત્રિત કરવામાં આવ્યા છે. તેમના અન્ય કાર્યોમાં સંસ્મરણોનું આલેખ યખાના છોટા ચિલામા (1982) છે જેમાં બાળપણના દિવસોનો સમાવેશ થાય છે.

અનુસંધાન પેજ 12 પરથી...

### 'ભલે જૂનમાં ...

ભાજપ જૂનમાં ચૂંટણી યોજી શકે છે.

જોકે, આ ડર સારો છે. જો ભાજપ વહેલી ચૂંટણી યોજશે તો અમે આપના એક-એક સૈનિક તરીકે તે માટે પણ તૈયાર છીએ, અમે મજબૂતીથી લડીશું.

ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે જનતા ભાજપને પૂછી રહી છે કે અમે તમને પાંચ વર્ષનો મેન્ડેટ આપ્યો છે. શું તમને એટલો બધો ડર લાગી રહ્યો છે કે તમારે વહેલી ચૂંટણી યોજવી પડી રહી છે. તેમણે કહ્યું હતું કે, ગુજરાતમાં આમ આદમી પાર્ટી આવી ત્યારે શિક્ષણના મુદ્દે ચર્ચાઓ થવા લાગી છે, તે મુદ્દે ડિબેટ થઈ રહી છે. રાજ્યના એક-એક નાગરિક અને વાલીઓને આનંદ છે કે રાજનીતિમાં આમ આદમી પાર્ટીની એન્ટ્રી થતા આ મુદ્દાઓ સામે આવ્યા છે. તેથી ભાજપ વહેલી ચૂંટણી યોજવાની તૈયારીઓ કરી રહી છે તેવા સમચાર મળી રહ્યા છે.

નોંધનીય છે કે આમ આદમી પાર્ટીએ ગુજરાતના શિક્ષણ અને સ્કૂલોની હાલત પર સવાલો ઉઠાવ્યા હતા. જેના જવાબમાં ભાજપના શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું હતું કે જે લોકોને ગુજરાતનું શિક્ષણ સારું લાગતું ન હોય તે તો જ્યાં સારું લાગે તે રાજ્ય કે દેશમાં જઈ શકે છે. આ નિવેદન બાદ મોટો વિવાદ થયો હતો. બાદમાં આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા ગુજરાતની મુલાકાતે આવ્યા હતા અને રાજ્યની સરકારી શાળાઓની મુલાકાત લીધી હતી.

## થ્રેટ ડિફેન્સની મદદથી સાયબર હુમલાઓથી બચી શકાય

ગુજરાત | વંદન



તેજ દફતરી
(સાઈબર સિક્યુરિટી એન્ડ ડિઝીટલ ફોરેન્સીક્સ એક્સપર્ટ)

ગયા લેખમાં આપણે જોયું કે કેવી રીતે કોઈ પણ બેંક વિષેની માહિતી આપ્યા વગર આપના બેંકનું એકાઉન્ટ ખાલી કરી નાખવા માં આવે છે. હવે આપણે આ લેખ માં જોઈશું કે કેવી રીતે 5G સાયબર હુમલાને અટકાવવા ચેકપોઇંટ્સ સમજીએ. માનવજાતી હવે એક બીજાની સાથે દુનિયાના એક છેડે થી બીજા છેડે ઘણી ઝડપથી જોડાયેલી છે તે 5G માં જોવા મળશે. દરેક સેકન્ડે કરોડો લોકો એક બીજાની સાથે માહિતી ની આપલે દ્વારા જોડાઈ એક બીજાને જોઈતી માહિતી આપે છે. આ બહોળી માહિતીની આપલે દ્વારા ઘણો વિકાસ સધાયો છે તેની સાથે સાથે ૧૯૮૦ ના માહિતી તકનીકના વિકાસથી આ માહિતીઓની ચોરી કરવાની શક્યતા પણ ઘણી વધારી દીધી છે. આનાથી નવી જેનરેશનની માહિતી ચોરવાની ધમકીઓ પણ ઉભી થાય છે. આનાથી સાયબર ઉપર થતી ધમકીઓ જેવીકે નવા પ્રકારના વાયરસીસ, ઈન્ટરનેટ ઉપર થતા હુમલાઓ, વિવિધ પ્રકારની મોબાઇલની એપ્લિકેશન ( વેબ એપ્લિકેશન પણ શામેલ છે) દ્વારા થતી ચોરીઓ, અને ઝીરો ડે હુમલાઓ પણ સામેલ છે.

આજના સમયમાં આપણે ઘણા મોટા હુમલાઓ અનુભવી રહ્યા છીએ. આ હુમલાઓ તમામ ઉદ્યોગોને પણ આની માંથી અસર જોવામાં આવી રહી છે. અને આપણી રોજિંદી જીંદગીમાં પણ આ હુમલાઓની અસર જોવા મળે છે. અને નવા પ્રકારના માલવેર જે આપણા મોબાઈલ ઉપર પણ હુમલા કરી રહ્યા છે. જેનાથી આપના મોબાઈલમાં રહેલા નેટવર્ક અને કલાઉડમાં રાખેલો ડેટા પર પણ હુમલો કરવામાં આવી રહ્યો છે. આ નવા પ્રકારના સાયબર અને માલવેર હુમલાઓ જે 5મી જેનરેશનના છે. આપણે સૌએ વધારે મજબૂત અને વધારે સલામતી વાળી થ્રેટ ડિફેન્સ સિસ્ટમ નો ઉપયોગ કરવો જરૂરી છે. લેખક આવા તમામ હુમલાઓ જે ગમે ત્યારે ગમે તે ઘડીયે અને ગમે તે જગ્યાએ laptop, desktop, અને mobile ( Android, iPhone) પર થઇ શકે છે તેને રોકવા ગુજરાત વંદનના તમામ વાચકોને મદદ કરી શકશે* (શરતોને આધીન).

આ થ્રેટ ડિફેન્સ ઘણી રીતે થઈ શકે છે. આ થ્રેટ ડિફેન્સથી થતા ફાયદાઓ હવે આપણે સમજીએ:
1. આ થ્રેટ ડિફેન્સની મદદથી સાયબર હુમલાઓથી ઘણી સારી રીતે બચી શકાય છે.
2. આ થ્રેટ ડિફેન્સથી તમારા તમામ માહિતી તકનીક(IT) ના સાધનોને તે બચાવી લે છે, જેથી ભવિષ્યમાં થતા સાયબર હુમલાઓથી તમારા સાધનોને બચાવી શકાય છે.
3. આ થ્રેટ ડિફેન્સ દ્વારા તમારા સિસ્ટમ માં રહેલી ખામીઓ ઘણી વાર જે આપણને દેખાતી નથી તેના દ્વારા જે હુમલા થાય છે તેનાથી બચી શકાય છે. કારણકે તે ખામીને ત્યાંજ ખતમ કરી નાખવામાં આવે છે.
4. આ થ્રેટ ડિફેન્સ તમારા માહિતી તકનીક(IT) ના નેટવર્ક તથા Wi-Fi ને બચાવવામાં મદદ રૂપ થાય છે.
5. આ થ્રેટ ડિફેન્સ દ્વારા તમારો ડેટા સુરક્ષિત રહે છે.
6. આ થ્રેટ ડિફેન્સથી ઘણા બધા રૂપિયા બચે છે. અને ભવિષ્યમાં ઘણા બધા રૂપિયાને બચાવી શકાય છે (મોટા નુકશાન થી બચી શકાય છે).
7. આ થ્રેટ ડિફેન્સ દ્વારા તમે તમારું કામ સહેલાઈથી કરી શકો છો.
8. આ થ્રેટ ડિફેન્સ દ્વારા થતું કામ કોઈપણ સાયબર હુમલાને રોકી શકાય છે.
9. આ થ્રેટ ડિફેન્સની મદદ થી તમે તમારા ધંધાને આગળ વધારી શકો છો.
10. આ થ્રેટ ડિફેન્સ ની મદદ થી તમે તરતજ થતા સાયબર હુમલાને રોકી શકો છો.

## હવે ભારતમાં રાશનની દુકાને લાંબી લાઇનો નહીં લાગે



### ઉમંગ એપ દ્વારા ઘરેબેઠા રાશન સરકારી ભાવે સરળતાથી મંગાવી શકાશે

ગુજરાત | વંદન

ઉમંગ ભારત સરકાર દ્વારા લોન્ચ કરવામાં આવેલી એક મોબાઇલ એપ્લિકેશન છે. જે કોઈપણ એંડ્રોઇડ ફોનના પ્લેસ્ટોર પરથી સરળતાથી ઉપલબ્ધ છે. આ એપ પર સરકારી સુવિધાઓ સાથે જોડાયેલા સામાન્ય લોકો માટે ગેસ કનેક્શનથી માંડીને પેંશન, ઈપીએફઓ સહિત ૧૨૭ વિભાગોની ૮૪૧ થી વધુ સેવાઓ ઉપલબ્ધ છે. તમે તેને ભારતની મુખય ૧૨ ભાષાઓમાં ઉપયોગ કરી શકો છો. તમને જલદી જ રાશનની દુકાનો સામે લાંબી લાંબી લાઇનો જોવા નહી મળશે. રાશન કાર્ડ ધારકોને જલદી જ આ લાંબી લાઇનોમાંથી મુક્તિ મળી જશે. કેન્દ્ર સરકારે 'રાશન સર્વિસની સુવિધા હવે ઉમંગ એપ પર શરૂ કરી દીધી છે. ઉમંગ એપ દ્રાર ઘરે બેઠા મહિનાનું રાશન સરકારી ભાવે સરળતાથી મંગાવી શકાશે. સુવિધા ભારતના ૨૨ રાજ્યોમાં શરૂ કરવામાં આવશે. આ એપ પર રાશન બુક કરાવવાની સાથે-સાથે નજીકની દુકાનને શોધી પણ શકાશે. સાથે જ સામાનની કિંમત પણ ચેક કરી શકો છો. તેના પર રાશનની દુકાન પર મળનાર તમામ વસ્તુઓના ભાવ પણ ઉપલબ્ધ હશે. કેન્દ્ર સરકાર દ્વારા લોન્ચ કરવામાં આવેલી આ સેવા સામાન્ય લોકો સુધી સીધી અને યોગ્ય ભાવે સામાન પહોંચાડવા માટે શરૂ કરવામાં આવી છે. ઉમંગ એપની આ સર્વિસ દ્વારા ગ્રાહક પોતાની સુવિધા અનુસાર સામાન સરકારી ભાવે ખરીદી શકશે. કાર્ડ ધારક રાશનની દુકાનની સચોટ જાણકારી પણ લઇ શકે છે. કાર્ડ ધારક આ સુવિધાનો ઉપયોગ કરી પોતાની ખરીદીના ૬ મહિનાનો રેકોર્ડ પણ જોઇ શકે છે. મેરા રાશન સર્વિસ હેઠળ હિંદી-અંગ્રેજી સાથે ભારતમાં બોલાતી ૧૨ ભાષાઓ જેમ કે તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ, પંજાબી, અસ્મિ, ઓડિયા, બંગાળી, ઉર્દૂ, ગુજરાતી અને મરાઠી ભાષામાં જાણકારી લઇ શકાશે.

# મોદી સ્ટેડિયમમાં પ્લેઓફ 100 ટકા કેપેસિટી સાથે દર્શકોને એન્ટ્રી

ગુજરાત | વંદન

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ તથા કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં પ્લેઓફ મેચનું આયોજન કરાશે. આ મેચમાં 100 ટકા દર્શકોને પ્રવેશ મળશે. તે જ સમયે, લખનઉના ભારત રત્ન અટલ બિહારી વાજપેયી સ્ટેડિયમમાં મહિલા ચેલેન્જર્સનું આયોજન કરવામાં આવશે. આ અંગેની જાહેરાત BCCI પ્રમુખ ગાંગુલીએ કરી હતી. IPL 2022ની પ્રથમ પ્લેઓફ 24 મે અને એલિમિનેટર 26 મે કોલકાતાના ઈડન ગાર્ડન ગ્રાઉન્ડ ખાતે યોજાશે, જ્યારે બીજી પ્લેઓફ 27 મે અને અંતિમ 29 મે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. મહિલા ચેલેન્જર્સ સિરીઝ 24-28 મે દરમિયાન લખનઉના એકાના સ્ટેડિયમમાં રમાશે. જ્યાં સુધી પુરુષોની IPL નોક-આઉટ તબક્કાની મેચોની વાત છે તો તે કોલકાતા અને અમદાવાદમાં યોજાશે. વળી મે મહિનામાં લીગ રાઉન્ડના સમાપન પછી રમાતી મેચો માટે 100% દર્શકોને પ્રવેશ કરવાની મંજૂરી અપવામાં આવી છે.



# IPLની ફાઈનલ મેચ અમદાવાદમાં રમાશે



## 2008થી 2021 સુધી કઈ કઈ ટીમોએ IPL ટાઇટલ જીત્યું

### IPL 2021- ચેન્નઈ સુપર કિંગ્સ

એમએસ ધોનીની કેપ્ટનશિપ હેઠળ ચેન્નઈ સુપર કિંગ્સ (CSK)એ 2021માં ચોથી વખત ટાઈટલ જીત્યું હતું.

### IPL 2020- મુંબઈ ઈન્ડિયન્સ

આઈપીએલ 2020નું ટાઇટલ મુંબઈ ઈંડિયન્સે પોતાને નામે કર્યું હતું. મુંબઈએ ફાઈનલ મેચમાં દિલ્હી કેપિટલ્સને 5 વિકેટે હરાવીને આ ટાઈટલ જીત્યું હતું.

### IPL 2019- મુંબઈ ઈન્ડિયન્સ

IPL 2019ની ફાઇનલ મેચમાં મુંબઈ ઈંડિયન્સે ચેન્નઈ સુપર કિંગ્સને 1 રનથી હરાવીને ચોથી વખત IPL ટાઇટલ પોતાને નામે કર્યું હતું. આ મેચમાં મુંબઈ ઈંડિયન્સે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતાં 8 વિકેટ પર 148 રન બનાવ્યા હતા, જવાબમાં ચેન્નઈની ટીમે 20 ઓવરમાં 7 વિકેટે 147 રન બનાવ્યા હતા.

### IPL 2018- ચેન્નઈ સુપર કિંગ્સ

આઈપીએલ 2018ની ફાઇનલ ચેન્નઈ સુપર કિંગ્સે જીતી હતી. ચેન્નઈએ સનરાઇઝર્સ હૈદરાબાદને 8 વિકેટે હરાવ્યું હતું. સુનીલ નરેન મેન ઓફ ધ સિરીઝ રહ્યો હતો.

### IPL 2017- મુંબઈ ઈન્ડિયન્સ

IPL 2017માં મુંબઈ ઈન્ડિયન્સ ફરીથી ચેમ્પિયન બન્યું હતું. મુંબઈએ ફાઇનલ મેચમાં રાઈઝિંગ પુણે સુપર જાયંટ્સને 1 રનથી હરાવ્યું હતું. બેન સ્ટોક્સ મેન ઓફ ધ સિરીઝ રહ્યો હતો.

### IPL 2016- સનરાઇઝર્સ હૈદરાબાદ

આઈપીએલની નવમી સીઝન વર્ષ 2016માં સનરાઈઝર્સ હૈદરાબાદે પ્રથમ વખત ટાઇટલ પોતાને નામે કર્યું હતું. હૈદરાબાદે બેંગલોરને આઠ રને હરાવ્યું હતું. આ ત્રીજી વખત હતું, જ્યારે રોયલ ચેલેંજર બેંગલોર ફાઈનલમાં આવીને હારી ગઈ હતી.

### IPL 2015- મુંબઈ ઈન્ડિયન્સ

આઈપીએલ 2015માં મુંબઈ ઈન્ડિયન્સ ફરી એક વખત ચેમ્પિયન બની. મુંબઈએ ફરી એક વખત ચેન્નઈને 41 રને હરાવીને ટાઈટલ જીત્યું હતું. આન્દ્રે રસેલ મેન ઓફ ધ સિરીઝ રહ્યો હતો.

### IPL 2014- કોલકાતા નાઈટ રાઈડર્સ

આઈપીએલ 2014માં કોલકાતા નાઈટ રાઈડર્સે ટાઇટલ પોતાને નામે કરી લીધું હતું. કોલકાતાએ ફાઈનલમાં કિંગ્સ ઈલેવન પંજાબને 3 વિકેથી હરાવ્યું હતું. ગ્લેન મેક્સવેલ મેન ઓફ ધ સિરીઝ રહ્યો હતો.

### IPL 2013- મુંબઈ ઈન્ડિયન્સ

આઈપીએલ 2013માં મુંબઈ ઈન્ડિયન્સે ટાઇટલ પોતાને નામે કર્યું હતું. મુંબઈએ ચેન્નઈ સુપર કિંગ્સને ફાઈનલમાં 23 રનથી હરાવી હતી. શેન વોટસન મેન ઓફ ધ સિરીઝ પસંદગી પામ્યો હતો.

### IPL 2012- કોલકાતા નાઈટ રાઈડર્સ

આઈપીએલની પાંચમી સીઝન એટલે કે 2012માં કોલકાતા નાઈટ રાઈડર્સ ચેમ્પિયન બની હતી. કેકેઆરે ચેન્નઈને 5 વિકેટે હરાવીને ટાઇટલ જીતી હતી. સુનીલ નરેન મેન ઓફ ધ સિરીઝ રહ્યો હતો.

### IPL 2011- ચેન્નઈ સુપર કિંગ્સ

આઈપીએલ 2011માં પણ એમએસ ધોનીની ટીમ ચેન્નઈ સુપર કિંગ્સ ચેમ્પિયન બની હતી. તેણે રોયલ ચેલેન્જર્સ બેંગલોરને ફાઇનલમાં 58 રનથી હરાવીને ટાઈટલ જીત્યું હતું. ક્રિસ ગેલ મેન ઓફ ધ સિરીઝ રહ્યો હતો.

### IPL 2010- ચેન્નઈ સુપર કિંગ્સ

આઈપીએલ 2010માં ધોનીની ટીમ ચેન્નઈ સુપર કિંગ્સ ચેમ્પિયન બની હતી. ચેન્નઈએ મુંબઈને 22 રનથી હરાવીને ટાઇટલ જીત્યું હતું. સચિન તેંડુલકર મેન ઓફ ધ સિરીઝ રહ્યો હતો.

### IPL 2009- ડેક્કન ચાર્જર્સ હૈદરાબાદ

ડેક્કન ચાર્જર્સ હૈદરાબાદે આઈપીએલની બીજી સીઝન પોતાને નામે કરી હતી. આઈપીએલ 2009માં હૈદરાબાદે રોયલ ચેલેન્જર્સ બેંગલોરને 6 રનથી હરાવી હતી. એડમ ગિલક્રિસ્ટ મેન ઓફ ધ સિરીઝ રહ્યો હતો.

### IPL 2008- રાજસ્થાન રોયલ્સ

આઈપીએલ 2008માં ઈતિહાસનું પ્રથમ ટાઇટલ જીતનારી ટીમ રાજસ્થાન રોયલ્સ છે. રાજસ્થાન રોયલ્સે ચેન્નઈ સુપર કિંગ્સને ફાઇનલમાં હરાવીને IPL 2008ની ટાઇટલ જીત્યું હતું. રાજસ્થાને ચેન્નઈને 3 વિકેટથી હરાવ્યું હતું.

# જોસ ધ બોસ! IPLમાં ત્રણ સેન્ચુરી ફટકારી

ગુજરાત | વંદન

રાજસ્થાન રોયલ્સના વિસ્ફોટક ઓપનર બેટર જોસ બટલરનું શાનદાર ફોર્મ યથાવત છે અને ઈંગ્લેન્ડના આ બેટ્સમેને આઈપીએલ 2022માં ત્રીજી સદી ફટકારી છે. આ સિઝનની પ્રથમ મેચથી જ બોલરો માટે આફત બની રહેલા જોસ બટલરને આ વખતે દિલ્હીએ નિશાન બનાવી વિરાટ કોહલી પછી બેથી વધુ સદી ફટકારનાર એકમાત્ર ખેલાડી બની ગયો છે.

મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં આ સિઝનમાં રનનો ઢગલો જોવા મળી રહ્યો છે અને આવી સ્થિતિમાં જબરદસ્ત ફોર્મમાં રહેલો બટલર આ તક કેવી રીતે ગુમાવી શકે

આ સદી સાથે બટલરે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના ભૂતપૂર્વ કેપ્ટન વિરાટ કોહલી જેવા કમાલ કરીને બતાવ્યો છે. IPLની એક સિઝનમાં 2થી વધુ સદી ફટકારનાર તે માત્ર બીજો બેટ્સમેન બન્યો છે. કોહલી આ મામલે સૌથી આગળ છે. તેણે 2016માં 4 સદી ફટકારી હતી. આટલું જ નહીં બટલરના નામે હવે આઈપીએલના નામે 4 સદી થઈ ગઈ છે અને ખાસ વાત એ છે કે આ ચારેય સદી છેલ્લા એક વર્ષમાં જ બની છે. તેણે છેલ્લી સિઝનમાં હૈદરાબાદ સામે આઈપીએલની પ્રથમ સદી ફટકારી હતી.



# હૈદરાબાદ અને ગુજરાત વચ્ચે જોરદાર ટક્કર




ગુજરાત | વંદન

ઈંડિયન પ્રીમિયર લીગની 15મી સીઝનમાં ટીમો વચ્ચે જોરદાર ટક્કર થઈ રહી છે. બુધવારે સનરાઈઝર્સ હૈદરાબાદ અને ગુજરાત ટાઈટન્સની ટીમ સામ-સામે હશે.

આ પહેલા પણ બંને ટીમો વચ્ચે એક વખત ટક્કર થઈ ચૂકી છે. જેમાં સનરાઇઝર્સ હૈદરાબાદનો વિજય થયો હતો. આ વખતે ગુજરાત ટાઈટન્સની ટીમ પોઈન્ટ ટેબલમાં ટોપ પર છે. બીજી તરફ સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમ પણ જોરદાર ફોર્મમાં છે. આથી બંને વચ્ચે કાંટાની સ્પર્ધા થશે.

સનરાઈઝર્સ હૈદરાબાદની સંભવિત પ્લેઈંગ ઈલેવન: અભિષેક શર્મા, કેન વિલિયમ્સન (કેપ્ટન), રાહુલ ત્રિપાઠી, એડન માર્કરામ, નિકોલસ પૂરન, શશાંક સિંહ, વોશિંગટન સુંદર, ભુવનેશ્વર કુમાર, માર્કો જાનસેન, ટી નટરાજન, ઉમરાન મલિક/કાર્તિક ત્યાગી.

ગુજરાત ટાઈટન્સની સંભવિત પ્લેઈંગ ઈલેવન: શુભમન ગિલ, મેથ્યુ વેડ (વિકેટકીપર), સાંઈ સુદર્શન, હાર્દિક પંડ્યા (કેપ્ટન), ડેવિડ મિલર, રાહુલ તેવતિયા, અભિનવ મનોહર, રાશિદ ખાન, લોકી ફર્ગ્યુસન, મોહમ્મદ શમી અને દર્શન નાલકાંડે.

## મુંબઈના વાનખેડે ખાતે રમાયેલી આઈપીએલની 38મી મેચમાં

# પંજાબ કિંગ્સની ચેન્નઈ સુપર કિંગ્સ સામે 11 રને ભવ્ય જીત

ગુજરાત | વંદન

મુંબઈના વાનખેડે ખાતે રમાયેલી IPL 2022ની 38મી મેચમાં પંજાબ કિંગ્સે ચેન્નાઈ સુપર કિંગ્સને 11 રનથી હરાવ્યું હતું. પંજાબની આઠ મેચોમાં આ ચોથી જીત છે. આ સાથે જ ચેન્નાઈની આઠ મેચોમાં આ છઠ્ઠી હાર છે.

પંજાબ કિંગ્સે પ્રથમ બેટિંગ કરતા 20 ઓવરમાં 4 વિકેટે 187 રન બનાવ્યા હતા. જવાબમાં ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમ નિર્ધારિત ઓવરમાં 176 રન જ બનાવી શકી હતી. એક સમયે એવું લાગતું હતું કે અંબાતી રાયડુ સરળતાથી ચેન્નાઈને જીત અપાવી દેશે, પરંતુ 18મી ઓવરમાં કાગિસો રબાડાએ માત્ર છ રન આપીને અને રાયડુને આઉટ કરીને પંજાબ કિંગ્સનો વિજય સુનિશ્ચિત કર્યો હતો.



# ચીનમાં કોરોનાના કેસ વધતા એશિયન ગેમ્સના આયોજન સામે પ્રશ્નાર્થ સર્જાયો

ગુજરાત | વંદન

ચીનના હાંગઝૂમાં ચાલુ વર્ષે સપ્ટેમ્બરમાં એશિયન ગેમ્સનું આયોજન થવાનું છે. જોકે હાલમાં બેઈજિંગમાં કોરોનાના કેસ વધ્યા છે અને એશિયન ગેમ્સનું યજમાન હાંગઝૂ શહેર તેની નજીક હોવાથી પરિસ્થિતિ વિકટ બની શકે છે. આવી હાલતમાં ઓલિમ્પિક કાઉન્સીલ ઓફ એશિયા ચિંતિત બની છે અને પરિસ્થિતિ પર નજર રાખી રહી છે. એક સિનિયર ઓફિશિઅલે કહ્યું છે કે, હાલની પરિસ્થિતિ જોતા એશિયન ગેમ્સને



એક વર્ષ માટે સ્થગિત કરવામાં આવે તેવી શક્યતાને નકારી શકાય તેમ નથી.

ઓલિમ્પિક પછીની સૌથી મોટી મલ્ટી સ્પોર્ટસ ઈવેન્ટ એશિયન ગેમ્સ છે. અલબત્ત, હાલની પરિસ્થિતિમાં તો એશિયન ગેમ્સ સામે પ્રશ્નાર્થ સર્જાયો છે. ઓલિમ્પિક કાઉન્સી ઓફ એશિયાના કુવૈતના હુસૈન અલ-મુસાલમે કહ્યું કે, હજુ સુધી તો કમિટિએ કોઈ સત્તાવાર નિર્ણય લીધો નથી. જોકે ગેમ્સ સ્થગિત થાય તેવી શક્યતાને નકારી ના શકાય.

કોરોના બાદ ચીનમાં મોટાભાગના આંતરરાષ્ટ્રીય રમતોત્સવ સ્થગિત કરવામાં આવ્યા છે. તાજેતરમાં જ ચીને વિન્ટર ઓલિમ્પિકનું આયોજન કર્યું હતુ. ચીનના સૌથી મોટા શહેર શાંઘાઈમાં કોરોના વિસ્ફોટ થયો છે અને કડક નિયંત્રણો લાદવામાં આવ્યા છે. આશરે ૨.૫ કરોડ લોકોને હાલ તેમના ઘરમાં જ રહેવા આદેશ આપવામાં આવ્યો છે. શાંઘાઈથી હાંગઝૂ ૨૦૦ કિલોમીટરથી ઓછા અંતરે છે.

# ભારતીય ટેસ્ટ ટીમ વાપસી માટે ચેતેશ્વર ઠોક્યો દાવો, ઈંગ્લેન્ડમાં બેવડી સદી બાદ ફટકારી બીજી સદી

ગુજરાત | વંદન

ચેતેશ્વર પુજારાએ ભારતીય ટેસ્ટ ટીમમાં વાપસીની દાવેદારી મજબૂત કરી છે. ભારતીય ટેસ્ટ ટીમના બેટ્સમેન ચેતેશ્વર પુજારાને ખરાબ ફોર્મના પગલે ટેસ્ટ ટીમમાંથી ડ્રોપ કરવામાં આવ્યો હતો. જોકે, ઈંગ્લિશ કાઉન્ટી ચેમ્પિયનશીપમાં ક્રિકેટર ચેતેશ્વર પૂજારા રનોનો ઢગલો કરી દીધો છે. પુજારાએ વોરસેસ્ટરશરની સામે સસેક્સ માટે સતત બીજી સેન્ચુરી ફટકારી પરંતુ ટીમને ફૉલો-ઑનથી બચાવી શક્યો નહીં. પુજારાએ 206 બોલમાં 109 રન બનાવીને તેની 52મી પ્રથમ શ્રેણી સદી ફટકારી. તેણે સત્રની પ્રથમ મેચમાં ડર્બીશરની સામે અણનમ 201 રન બનાવ્યાં હતા. ગુજરાતના ક્રિકેટર ચેતેશ્વર પૂજારા ફોર્મ પરત આવતા હવે ભારતીય ટીમમાં ફરીથી એન્ટ્રી માટે દાવેદારી નોંધાવી છે કેમ કે, ભારતે ઈંગ્લેન્ડ સામે શ્રેણીની પાંચમી અને આખરી ટેસ્ટ બાકી રહેલી મેચ રમવાની છે.

## ખરાબ ફોર્મના કારણે થઈ હતી ટીમ ઈન્ડિયામાં હકાલપટ્ટી



ખરાબ ફોર્મના કારણે પુજારાની ટીમ ઈન્ડિયામાંથી હકાલપટ્ટી કરવામાં આવી હતી. તેને શ્રીલંકા સામે ટેસ્ટ સીરિઝમાં મોકો આપવામાં આવ્યો નહોતો. સતત બે મોટી ઈનિંગ સાથે પુજારાએ વાપસી માટે દાવેદારી મજબૂત કરી છે. પુજારાએ આ પહેલા સસેક્સ તરફથી ડેબ્યૂ કરતાં ડર્બીશાયર સામે બેવડી સદી મારી હતી.

**પુજારાનું ટેસ્ટ ક્રિકેટમાં પ્રદર્શન** | ચેતેશ્વર પૂજારાએ 2010માં ટેસ્ટમાં ડેબ્યૂ કર્યુ હતું. અત્યાર સુધી 95 મેચોમાં 43.87ની એવરેજથી 6713 રન બનાવ્યા છે. આ દરમિયાન પૂજારાએ 18 સદી અને 32 અડધી સદી ફટકારી છે. તે જ સમયે, પૂજારાના નામે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં 17 હજારથી વધુ રન બનાવ્યા છે.



## ચિટીંગ | આવું તો IPLમાં પહેલા ક્યારેય નથી બન્યું!

# ...સ્ટેડિયમમાં બેઠેલા લોકોએ હુરિયો બોલાવ્યો, ચિટર ચિટરના નારા લાગ્યા

ગુજરાત | વંદન

રાજસ્થાન અને દિલ્હી વચ્ચેની મેચમાં મોટા પાયે હોબાળો મચી ગયો હતો. એક સમયે કેપ્ટન રિષભ પંતે પોતાની ટીમને પાછી બોલાવી લીધી હતી તો ચાહકોએ પણ હુરિયો બોલાવ્યો હતો. IPL 2022માં શુક્રવારે રાત્રે જે હોબાળો થયો તે આખી દુનિયાએ જોયો. અને આ ઘટના સોશ્યલ મીડિયા પર પણ વાયરલ થઈ. દિલ્હી કેપિટલ્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની મેચ દરમિયાન હાઈ વોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો હતો. દિલ્હીની ઈનિંગની છેલ્લી ઓવરમાં નો બોલ ન આપવાના કારણે અમ્પાયરોની આકરી ટીકા થઈ હતી. આ મેચ જોવા આવેલા સ્ટેડિયમમાં બેઠેલા લોકો પણ અમ્પાયરો પર ગુસ્સે થઈ ગયા હતા.

## નો બોલના કારણે દિલ્હી હારી ગયું..

IPL 2022ની 34મી મેચમાં, રાજસ્થાન રોયલ્સ સામેની રોમાંચક મેચમાં દિલ્હી કેપિટલ્સનો 15 રને પરાજય થયો હતો. નો બોલના કારણે દિલ્હીની મેચ જીતવાની છેલ્લી આશા પણ તુટી ગઈ હતી.

જ્યારે અમ્પાયર દ્વારા 'નો-બોલ' આપવામાં આવ્યો ન હતો ત્યારે દિલ્હીના કેપ્ટન રિષભ પંતે તેના ખેલાડીઓને મેદાનની બહાર બોલાવવાનું શરૂ કર્યું હતું. જેના કારણે મેચ થોડો સમય રોકાઈ ગઈ હતી. અંતે દિલ્હી આ મેચ હારી ગયું હતું. આ દરમિયાન સ્ટેડિયમમાં બેઠેલા દર્શકોએ પણ હંગામો મચાવ્યો હતો. મેદાનમાં બેઠેલા લોકોએ અમ્પાયરના નિર્ણયનો વિરોધ કરી સૂત્રોચાર કર્યો અને આ દરમિયાન તેઓએ ચીટર-ચીટરના નારા પણ લગાવ્યા. આ જ ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થયો હતો. તમને જણાવી દઈએ કે જો અમ્પાયરે આ બોલને નો બોલ આપ્યો હોત તો કદાચ મેચનું પરિણામ કંઈક અલગ જ હોત.

# 66 વર્ષના પૂર્વ ક્રિકેટર અરૂણ લાલ બીજીવાર બનશે વરરાજા

■ 28 વર્ષ નાની બુલબુલ સાથે કરશે લગ્ન

ગુજરાત | વંદન

ભારતના પૂર્વ ઓપનર અરૂણ લાલ બીજીવાર વરરાજા બનવા જઈ રહ્યા છે. તે 66 વર્ષની ઉંમરે બીજા લગ્ન કરવા જઈ રહ્યા છે. તેમની થનારી પત્નીનું નામ બુલબુલ સાહા છે. બુલબુલની ઉંમર 38 વર્ષની છે એટલે કે તે અરૂણ લાલથી 28 વર્ષ નાની છે. અરૂણ અને બુલબુલ ઘણા સમયથી એકબીજાને ઓળખે છે. બંનને ઘણા જૂના મિત્રો છે. અરૂણ લાલે લગ્નની કંકોત્રી છપાવી અને આમંત્રણ આપવાનું શરૂ કરી દીધું છે. તેમના લગ્ન 2 મેના રોજ કોલકાતા ખાતે પીયરલેસ ઈન હોટલમાં રાખવામાં આવ્યા છે. લગ્નમાં મોટા રિસેપ્શનનું આયોજન પણ કરવામાં આવ્યું છે. અરૂણ લાલના પહેલા લગ્ન રીના સાથે થયા હતા. બંનેએ એકબીજાની સંમતિથી



સાથે મળીને છૂટાછેડા લીધા છે. સુત્રો અનુસાર રીના ઘણા સમયથી બીમારીથી પિડાઈ રહી છે. તેણીની મરજીથી જ અરૂણ બીજા લગ્ન કરવા જઈ રહ્યા છે. અરૂણ અને બુલબુલે એક મહિના અગાઉ ઈન્ગેજમેન્ટ કરી હતી અને તેઓ ઘણા સમયથી રિલેશનશિપમાં છે. અરૂણ લાલનો જન્મ 1 ઓગસ્ટ 1955ના રોજ ઉત્તર પ્રદેશના મુરાદાબાદમાં થયો હતો. તે બંગાળ માટે ક્રિકેટ રમ્યા હતા. તેમના લગ્નમાં ક્રિકેટ એસોસિએશન ઓફ બંગાળ (CAB)ના અધિકારીઓ, સાથી ક્રિકેટરો, બંગાળના ક્રિકેટરો અને પરિવારના અન્ય સભ્યોને પણ આમંત્રણ આપવામાં આવશે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# છેલ્લાં 8 વર્ષમાં વિદેશમાં ચાર હજાર ભારતીયોએ વિવિધ કારણોસર જીવન ટૂંકાવ્યું


■ ભારતીય વિદેશ મંત્રાલય તરફથી શરૂ કરવામાં આવ્યું કેન્દ્ર

ગુજરાત | વંદન

વિદેશ મંત્રાલયે મોટો ચોંકાવનારો ખુલાસો કર્યો છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે અરબિયા દેશોમાં ભારતીયોની સૌથી વધારે આત્મહત્યાની ઘટનાઓ સામે આવી છે. છેલ્લા 8 વર્ષમાં વિદેશોમાં 4000થી વધારે ભારતીયોએ આત્મહત્યા કરી છે. વિદેશ મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા આકંડા પ્રમાણે વર્ષ 2014થી અત્યાર સુધીમાં છેલ્લા 8 વર્ષોમાં 4005 ભારતીયોએ વિદેશોમાં આત્મહત્યા કરી છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે સૌથી વધારે 1122 આત્મહત્યાના કેસ સંયુક્ત અરબ અમીરાત(UAE)માં નોંધાયા છે. ત્યારબાદ સાઉદી અરબમાં 1024 ભારતીય લોકોએ આત્મહત્યા કરી છે. કુવૈતમાં આ સંખ્યા 425 છે જ્યારે ઓમાનમાં 351, બહરીનમાં 180 અને કતરમાં 165 ભારતીયોએ આત્મહત્યા કરી છે. બીજી તરફ મલેશિયામાં 254, ઈટાલીમાં 65, ઓસ્ટ્રેલિયામાં 33, કેનેડામાં 30 અને અમેરિકામાં 19 ભારતીયોએ આત્મહત્યા કરી છે.

## આત્મહત્યાનું કારણ

વિદેશ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે આત્મહત્યા અથવા હત્યાની મોટાભાગની ઘટનાઓ કથિત રીતે વ્યક્તિગત કે પારિવારિક કારણોસર બની છે. રિપોર્ટ પ્રમાણે આ દેશોમાં ભારતીયો સતત દબાણમાં કામ કરે છે. આ કારણે પણ આત્મહત્યાની ઘટનાઓ વધી રહી છે. જોકે, વિદેશ મંત્રાલય, મિશન અને કેન્દ્રો ખાસ કરીને ભારતીય કામદારોની સુખાકારીને પ્રાથમિકતા આપે છે અને ફરિયાદોનું તાત્કાલિક નિવારણ કરવામાં આવે છે.



| દેશ | આત્મહત્યાના કેસ |
|---|---|
| UAE | 1121 |
| સાઉદી આરબ | 1024 |
| કુવૈત | 425 |
| ઓમાન | 351 |
| મલેશિયા | 254 |
| બહરીન | 180 |
| કતાર | 165 |
| સિંગાપુર | 159 |
| ઈટાલી | 65 |
| ઓસ્ટ્રેલિયા | 33 |
| કેનેડા | 30 |
| અમેરિકા | 19 |
| ફિલિપાઈન્સ | 15 |
| નાઈઝીરિયા | 12 |
| શ્રીલંકા | 11 |

## ભારતીય સહાયતા કેન્દ્રની શરૂઆત

ભારતીય વિદેશ મંત્રાલય તરફથી ભારતીય પ્રવાસીઓની મદદ માટે પ્રવાસી ભારતીય સહાયતા કેન્દ્ર (PBSK) શરૂ કરવામાં આવ્યું છે. ભારતીય અધિકારીઓ વિદેશોમ ાં ભારતીયો સમક્ષ આવતી મુશ્કેલીઓને ઓછી કરવા અને તેનું સમાધાન કરવા માટે સક્રિય રૂપથી કામ કરે છે. સરકાર વિદેશોમાં ભારતીય નાગરિકોની ફરિયાદો દૂર કરવા માટે પહલ નામની ઓલનાઈન પોર્ટલ પણ સંચાલિત કરે છે. ભારતીય નાગરિકોની સમસ્યાઓ દૂર કરવા માટે વદેશી મિશન અને કેન્દ્રોમાં દિવસ-રાત હેલ્પલાઈન સેવા ચલું રહે છે. તેના માટે ઓપન હાઉસ આયોજિત કરવામાં આવે છે.

### PM મોદીએ શુભેચ્છા પાઠવી કહ્યું- સાથે કામ કરીશું

# ઈમેન્યુઅલ મેક્રોન સતત બીજી વખત બન્યા ફ્રાન્સના રાષ્ટ્રપતિ

ગુજરાત | વંદન

ફ્રાન્સમાં યોજાયેલી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઈમેન્યુઅલ મેક્રોન ફરીથી રાષ્ટ્રપતિ બનવામાં સફળ થયા છે. તેણે પોતાના સૌથી મોટા હરીફ મરીન લે પેનને ચૂંટણીમાં હરાવ્યા. ફ્રાન્સના રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઈમેન્યુઅલ મેક્રોને સતત બીજી વખત ચૂંટણી જીત્યાં છે. ત્યારે PM મોદીએ ઈમેન્યુઅલ મેક્રોનને ફ્રાન્સના રાષ્ટ્રપતિ તરીકે પુનઃ ચૂંટાવા બદલ અભિનંદન પાઠવીને ટ્વિટ કરીને કહ્યું "હું ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવા માટે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખવા માટે આતુર છું."




ઈમેન્યુઅલ મેક્રોનની આ જીત બાદ દુનિયાભરમાંથી અભિનંદન મળી રહ્યા છે. બ્રિટનના PM બોરિસ જોન્સને અંગ્રેજી અને ફ્રેન્ચ ભાષામાં ટ્વીટ કરીને તેમને જીત પર અભિનંદન પાઠવ્યા છે. તેમની સાથે ઈટાલિયન PM મારિયો ડ્રેગીએ પણ તેમને રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જીત બદલ અભિનંદન પાઠવ્યા છે.

# ગૃહમંત્રી દિલ્હીને કોમી રમખાણોથી બચાવવામાં નિષ્ફળ રહ્યાં : શરદ પવાર

■ હવે ભારતની મુલાકાતે આવતા વિદેશી નેતાઓ માત્ર ગુજરાતમાં જ જાય છે

ગુજરાત | વંદન

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના ચીફ શરદ પવારએ મોદી સરકાર પર નિશાન સાધતા કહ્યુ કે રાજકારણમાં હાર-જીત થતી રહે છે પરંતુ સત્તાને દિમાગમાં લેવી જોઈએ નહીં. તેમણે કહ્યુ કે ભાજપ કાર્યકર્તાઓને સંકુચિત વિચાર દેશહિતના નથી. પવારએ ગૃહ મંત્રી અમિત શાહ પર પણ નિશાન સાધ્યુ. તેમણે કહ્યુ કે કેન્દ્રની તપાસ એજન્સી સીબીઆઈ અને ઈડીની કાર્યવાહીનો ડર બતાવીને જનપ્રતિનિધિઓને ધમકાવે છે પરંતુ એનસીપી પાર્ટીના નેતા અને કાર્યકર્તા આ કાર્યવાહીઓનો આકરો જવાબ આપશે.



શરદ પવારએ કહ્યુ કે મે ઈન્દિરા, રાજીવ, નરસિમ્હા રાવ, મનમોહનનુ કાર્યાલય જોયુ છે જ્યારે અન્ય દેશના નેતા ભારત આવતા હતા તો તેઓ દિલ્હી, હૈદરાબાદ, કલકત્તા જતા હતા પરંતુ હવે સ્થિતિ બદલાઈ ગઈ છે. હવે કોઈ અન્ય દેશના નેતા આવે છે તો તેઓ ભારત આવે છે પરંતુ ગુજરાત જાય છે. પવારએ કહ્યુ, મને ખુશી છેકે આંતરરાષ્ટ્રીય નેતા ગુજરાતનો પ્રવાસ કરી રહ્યા છે પરંતુ તે ભલે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હોય, ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ હોય કે યુકેના વડાપ્રધાન બોરિસ જોનસન હોય, તમામને ગુજરાત લઈ જવાય છે. કોઈ અન્ય સ્થળે નહીં. આ દર્શાવે છે કે દિલ્હીના શાસક અન્ય રાજ્ય વિશે શુ વિચારે છે. શનિવારે કોલ્હાપુરના તપોવન મેદાનમાં એનસીપી પરિવાર સંવાદ સંકલ્પ સભાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમમાં હાજર શરદ પવારએ આ વાત કહી.

શરદ પવારએ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પર પણ નિશાન સાધ્યુ અને કહ્યુ કે દેશની રાજધાની દિલ્હીને સાંપ્રદાયિક હુલ્લડથી બચાવવામાં તેઓ નિષ્ફળ રહ્યા છે. આ મહિનાની શરૂઆતમાં હનુમાન જયંતીના જુલૂસ દરમિયાન દિલ્હીના જહાંગીરપુરી વિસ્તારમાં થયેલી હિંસાનો ઉલ્લેખ કરતા પવારએ કહ્યુ કે દિલ્હી સાંપ્રદાયિક તણાવના કારણે સળગી રહી હતી. દિલ્હી રાજ્ય અરવિંદ કેજરીવાલ દ્વારા નિયંત્રિત છે, પરંતુ આની પોલીસ અમિત શાહ દ્વારા નિયંત્રિત કેન્દ્રીય ગૃહ મંત્રાલયના આધીન આવે છે.

પવારએ કહ્યુ, દિલ્હીમાં કંઈ થાય તો વિશ્વમાં સંદેશ જશે. દુનિયા વિચારશે કે દિલ્હીમાં અશાંતિ છે. તેમણે કહ્યુ, દિલ્હી અમારી રાષ્ટ્રીય રાજધાની છે અને આના કેટલાક ભાગમાં હિંસા થઈ.

### ભારતનો માલ વિદેશમાં લોકો ખરીદતા અચકાશે

# લઘુમતી વિરોધી છબીને કારણે ભારતની કંપનીઓને આર્થિક નુકસાન : રાજન

ગુજરાત | વંદન

ભારતમાં હાલમાં રામનવમી અને હનુમાન જયંતિના સમયે જે રીતે શોભાયાત્રા પર હુમલા થયા અને બાદમાં લાઉડ સ્પીકર તથા હનુમાન ચાલીસાના મુદે વિવાદ થઈ રહ્યા છે. ઉપરાંત બુલડોઝર પોલીટીકસ ચાલુ થયું છે. તેમાં રિઝર્વ બેંકના પૂર્વ ગર્વનર રઘુરામ રાજને એક ઈકોનોમીક પરિસંવાદમાં એક એવી વાત કહી કે જેના કારણે નવો વિવાદ સર્જાયો છે. કેટલાક શેરોમાં સાંપ્રદાયિક હિંસા થઈ હતી બુલડોઝર ચાલવા લાગ્યા હતા તેનો ઉલ્લેખ કરતા રઘુરામ રાજને કહ્યું કે જો દેશની છબીમાં લઘુમતી વિરોધી વાતાવરણ છે તેવું દેખાશે તો ભારતીય કંપનીઓને નુકસાન થશે અને લોકો ભારતીય પ્રોડકટ ઉત્પાદનોથી દુર થવા લાગશે. જહાંગીરપુરીમાં જે રીતે બુલડોઝરનો વિવાદ સર્જાયો તેનો ઉલ્લેખ કર્યા વગર રાજને સોશ્યલ મીડિયામાં ચર્ચા થઈ છે.



# નવો વિવાદ: ... મેં સોનિયા ગાંધીની સારવાર માટે રૂપિયા આપ્યા હતા - રાણા કપૂર

■ 'પ્રિયંકા પાસેથી એમ એફ હુસૈનનું પેઈન્ટિંગ ખરીદવા મજબૂર કરાયેલો..'

ગુજરાત | વંદન

યસ બેંકના સહ સંસ્થાપક રાણા કપૂરે ED સમક્ષ ખૂબ જ ચોંકાવનારા દાવાઓ કરી નવો વિવાદ સર્જ્યો છે. EDની પૂછપરછ દરમિયાન રાણાએ દાવો કર્યો હતો કે, તેમને કોંગ્રેસી નેતા પ્રિયંકા ગાંધી વાડ્રા પાસેથી એમ એફ હુસૈનનું એક પેઈન્ટિંગ ખરીદવા માટે મજબૂર કરવામાં આવ્યા હતા. આ પેઈન્ટિંગના વેચાણ દ્વારા જે રકમ મળી તેનો ઉપયોગ ગાંધી પરિવારે ન્યૂયોર્કમાં કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીની સારવાર માટે કર્યો હતો.



વિશેષ કોર્ટમાં ફેડરલ એન્ટી મની લોન્ડરિંગ એજન્સી દ્વારા દાખલ કરવામાં આવેલા આરોપપત્રમાં આ વાત સામે આવી છે.

રાણા કપૂરે EDને એમ પણ જણાવ્યું કે, તત્કાલીન પેટ્રોલિયમ મંત્રી મુરલી દેવડાએ તેમને કહ્યું હતું કે, 'એમ એફ હુસૈનનું પેઈન્ટિંગ ખરીદવા ઈનકાર કરવાથી તેમને ગાંધી પરિવાર સાથે સંબંધ બનાવવામાં મુશ્કેલી પડશે અને પદ્મ ભૂષણ પુરસ્કાર પણ નહીં મળે.'

રાણા કપૂરનું આ કથિત નિવેદન તાજેતરમાં ED દ્વારા વિશેષ કોર્ટમાં યસ બેંકના સહ સંસ્થાપક, તેમના પરિવાર, દીવાન હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના પ્રમોટર કપિલ અને ધીરજ વાધવાન તથા અન્ય વિરૂદ્ધ મની લોન્ડ્રિંગ મામલે દાખલ થયેલા બીજા પૂરક આરોપ પત્ર (કુલ 3)નો હિસ્સો છે.

રાણા કપૂરના કહેવા પ્રમાણે તેમણે ચેક દ્વારા 2 કરોડ રૂપિયાની ચુકવણી કરી હતી. પૂર્વ કોંગ્રેસી સાંસદ અને દિવંગત મુરલી દેવડાના પુત્ર મિલિંદ દેવડા અનેક વખત તેમના ઘરે અને કાર્યાલય ખાતે આવ્યા હતા જેથી તેમને પ્રિયંકા ગાંધી પાસેથી એમ એફ હુસૈનનું પેઈન્ટિંગ ખરીદવા મનાવી શકે.

વધુમાં જણાવ્યું કે, સોનિયા ગાંધીના નજીકના ગણાતા અહમદ પટેલે તેમને કહ્યું હતું કે, 'સાચા સમયે સોનિયા ગાંધીની સારવાર માં સહયોગ આપીને તમે ખૂબ સારૂં કામ કર્યું છે અને પદ્મ ભૂષણ માટે તેમના નામની વિચારણા કરવામાં આવશે.'

કપૂરે આગળ જણાવ્યું હતું કે, વર્ષ 2010માં મુરલી દેવડાએ તેમને નવી દિલ્હીના લોધી એસ્ટેટ બંગલો ખાતે મારવાડી રાત્રિ ભોજન પર મળવા દબાણ કર્યું હતું.

### ભાજપના સાંસદ સાક્ષી મહારાજે આપ્યા 'સુરક્ષા'ના ઉપાયો

# 'પોલીસ બચાવવા નહીં આવે, ઘરમાં તીર-કામઠાં રાખો..'

ગુજરાત | વંદન

ઉત્તર પ્રદેશના ઉન્નાવ ખાતેથી ભાજપના સાંસદ અને ફાયર બ્રાન્ડ નેતા સાક્ષી મહારાજે ફેસબુક પર એક વિવાદિત પોસ્ટ શેર કરી હતી. સાક્ષી મહારાજે પોસ્ટમાં લોકોને પોતાની સુરક્ષા માટેના ઉપાયો સમજાવ્યા છે. આ સાથે જ તેમણેપોલીસને કાયર ગણાવી છે. પોતાના નિવેદનો માટે સતત વિવાદોમાં ઘેરાયેલા રહેતા સાક્ષી મહારાજે ફેસબુક પોસ્ટમાં લખ્યું હતું કે, તમારા ગલી-મહોલ્લા, ઘરે અચાનક ટોળું ધસી આવે તો બચવા માટે તમારા પાસે કયા ઉપાયો છે, જો ન હોય તો કશુંક કરી રાખો.



સાક્ષી મહારાજે ફેસબુક પોસ્ટમાં વર્ગ વિશેષને ચિહ્નિત કરીને ઘરમાં કોલ્ડ ડ્રીંક્સની બોટલ્સ અને ઓરિજનલ તીર-કામઠાં રાખવાની સલાહ આપી છે.

તેમણે પોલીસને કાયર અને ડરપોક ગણાવીને લખ્યું હતું કે, 'જ્યારે ટોળાં તમારા ઘર સુધી ધસી આવશે ત્યારે પોલીસ પોતે કોઈ ખૂણામાં સંતાઈ જશે. જ્યારે લોકો જિહાદ કરીને પાછા જતા રહેશે ત્યારે પોલીસ ડંડા ઠોકવા માટે આવી જશે. તપાસ કમિટી સુધી પહોંચીને કેસ થોડા દિવસોમાં પૂરો થઈ જશે. આવા મહેમાનો માટે કોલ્ડ ડ્રીન્કની 1-2 પેટી અને કેટલાક ઓરિજનલ તીર-કામઠાં હોવા જોઈએ.'

સાક્ષી મહારાજ ઉન્નાવ બેઠક પરથી ભાજપના સાંસદ છે. તેઓ હંમેશા એવા નિવેદનો આપતા રહે છે જે વિવાદનું કેન્દ્ર બની જાય છે.

### તેજ પ્રતાપ બોલ્યા: અમે સરકાર બનાવીશું

# તેજસ્વીની ઈફતાર પાર્ટીમાં CM નિતીશકુમારે ભાગ લીધો

ગુજરાત | વંદન

બિહારમાં ભાજપ સાથે સરકાર ચલાવી રહેલા જનતા-યુના વડા અને મુખ્યમંત્રી નિતીશકુમાર આ ગઠબંધનમાં બરાબર ફીટ બેઠા નથી પરંતુ તેમની પાસે વિકલ્પ પણ નથી. રાજ્યમાં ભાજપ સૌથી મોટો પક્ષ ધારાસભામાં છે છતાં પણ નિતીશને મુખ્યમંત્રી બનાવીને ઉપકાર કર્યો હોય તે રીતે વર્તી રહ્યો છે.

ભાજપે લાંબી નજર કરી છે. અને નિતીશકુમાર હવે તેની નજર આજુબાજુ દોડાવી રહ્યા છે. ગઈકાલે પટણામાં રાજદના વડા તેજસ્વી યાદવએ ઈફતાર પાર્ટી યોજી હતી અને તેમાં નિતીશકુમાર પહોંચી ગયા. તે વચ્ચે તેજસ્વીના ભાઈ તેજ પ્રતાપ યાદવએ ઈફતાર પાર્ટીમાં સામેલ થવા અંગે નિતીશકુમાર સામે પ્રશ્ન ઉઠાવ્યા અને તેમણે કહ્યું કે શું બિહારમાં નવો ખેલ રચાઈ રહ્યો છે. રાજકીય ઉથલપાથલ થઈ રહી છે. તેજ પ્રતાપ પોતાને બિહારની રાજનીતિના કૃષ્ણ ગણાવે છે અને તેજસ્વીને અર્જુન કહે છે તથા કહ્યું કે અમોએ નો-એન્ટ્રીના બોર્ડ લગાવી દીધા છે પરંતુ બિહારમાં હવે અમે સરકાર બનાવી રહ્યા છીએ.



# PM મોદીને 'લતા દીનાનાથ મંગેશકર એવોર્ડ' થી સન્માનિત કરાયા

■ દેશના વડાપ્રધાન પહેલા વ્યક્તિ છે જેમને આ ખાસ એવોર્ડથી નવાજવામાં આવ્યાં

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લતા દીનાનાથ મંગેશકર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. રવિવારે સ્વર્ગીય લતા મંગેશકરના પિતા માસ્ટર દીનાનાથ મંગેશકરની 80મી પુણ્યતિથિ નિમિત્તે લતા દીનાનાથ મંગેશકર પુરસ્કારની શરૂઆત કરવામાં આવી હતી.

માસ્ટર દીનાનાથ મંગેશકર સ્મૃતિ પ્રતિષ્ઠાન ચેરિટેબલ ટ્રસ્ટે કહ્યુ કે અમે આ વર્ષથી લતા મંગેશકરના સન્માનમાં આ એવોર્ડની શરૂઆત કરી છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં 93 વર્ષની વયે દિગ્ગજ સિંગર લતા મંગેશકરનુ નિધન થઈ ગયુ હતુ.

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલા વ્યક્તિ છે જેમને આ ખાસ એવોર્ડથી નવાઝવામાં આવ્યા. આ પુરસ્કારનો ઉદ્દેશ્ય તે લોકોને સન્માનિત કરવાનો છે જેમને ડ્રામા, સંગીત, આર્ટ, મેડિકલ અને સમાજમાં પોતાનુ મહત્વપૂર્ણ યોગદાન કર્યુ છે. પરિવારએ આ વાત પર પણ જોર આપ્યુ કે પીએમ મોદી હંમેશાથી જ લતા મંગેશકરને પોતાની મોટી બહેનની જેમ રાખતા હતા.



એ પણ જાણકારી આપવામાં આવી છે કે અભિનેત્રી આશા પારેખ, અભિનેતા જેકી શ્રોફે પણ વિશેષ કેટેગરીમાં માસ્ટર દીનાનાથ પુરસ્કાર આપવામાં આવશે. આ બંને જ કલાકારોએ સિનેમાના ક્ષેત્રમાં અભૂતપૂર્વ યોગદાન આપ્યુ છે. સંગીત ક્ષેત્રથી રાહુલ દેશપાંડેએ પણ આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે. બેસ્ટ ડ્રામા માટે સંજયા છાયાને પણ સન્માનિત કરવાની તૈયારી છે.

એવોર્ડ સેરેમની દરમિયાન એક ખાસ મ્યૂઝિક કાર્યક્રમનુ પણ આયોજન કરવામાં આવશે. 'Swarlatanjali' કાર્યક્રમ દરમિયાન સિંગર રુપકુમાર રાઠોર દ્વારા લતા મંગેશકરના ગીત ગાવામાં આવશે.

### હવે દેશના રાજકારણની નવી પરિભાષા- શું સમજે છે...બુલડોઝર ફેરવી દઈશ..!

# નયા ફંડા- બુલડોઝર હૈ કી માનતા હી નહીં..?!

ગુજરાત | વંદન

જોસેફ સીરીલ બેમ્ફોર્ડ. આવુ નામ સાંભળીએ તો કેટલુ સરસ લાગે. કોઈ ઈંગ્લીશમેનનું નામ લાગે. પણ જો તેનુ ટુંકુ નામ જેસીબી રાખીએ તો...?! ભારતની મુલાકાત ગુજરાતથી શરૂ કરનાર યુકેના વડાપ્રધાન બોરીસ જોનસન(અંગ્રેજી અખબારો તેમનું ટુંકુ નામ બોજો લખે છે, ગુજરાતીમાં બોજો એટલે ભાર, વજન થાય))એ હાલોલમાં એક જેસીબી મશીન બનાવનાર પ્લાન્ટની મુલાકાત લીધી અને જેસીબ એટલે કે બુલડોઝર પર સવાર થઈને તેને ચલાવવાનો પ્રાયસ પણ કર્યો. તેમણે લખ્યુ કે મિત્ર તથા કન્ઝરવેટીવ પાર્ટીના મુખ્ય દાતા લોર્ડ બેમ્ફોર્ડના હાલોલ પ્લાન્ટની મુલાકાત લીધી. જેસીબી પર લટકીને બોજોએ ફોટા પડાવ્યાં અને તરત વાઈરલ થઈ ગયા..! સોશ્યલ મિડિયામાં તરત જ તેના પર મીમ્સ અને જોક્સ પણ બની ગયા. એક યુઝરે લખ્યુ- બુલડોઝર મોડેલ હવે ઈન્ટરનેશલ બન્યુ...બીજા કોઈએ લખ્યુ- આજ જેસીબી થારા ભાઈ જોગિન્દ્ર ચલાયેગા..!

બો.જો. માટે એટલે કે બોરીસ જોનસન માટે તે એક સામાન્ય મશીન છે કે જે જમીન ખોદવાના કામમાં કે વજનદાર વસ્તુઓ હટાવવાના કામમાં લેવાય છે. પણ ભારતમાં જેસીબી-બુલડોઝરને લોકપ્રિય બનાવવા માટે યુપીના ઉપયોગી સીએમ આદિત્યાનાથનો સૌ કોઈ આભાર માની રહ્યાં છે. સીએમનું નામ જ બુલડોઝરબાબા પડી ગયું. પછી એ બુલડોઝર ફરતાં ફરતાં એમપી પહોંચ્યુ અને ત્યાં તેનુ નામ બુલડોઝરમામા પડ્યું. કેમ કે સીએમ શિવરાજ ચૌહાણને પણ આદિત્યાનાથનો આઈડિયા ગમ્યો અને ઉપયોગ કર્યો એટલે તેઓ શિવમામામાંથી બન્યા બુલડોઝરમામા....! જેસીબીભાઈ ત્યાંથી ફરતાં ફરતાં દિલ્હીના જહાંગીરપુરી પહોંચ્યા. કામ શરૂ થયું પણ પછી કોર્ટનો સ્ટે આવ્યો એટલે બે સપ્તાહ સુધી જૈસે થે...!

એસ સામાન્ય મશીનના શું મીમ્સ બને કે જોક બને....? પણ ગંભીર કેસના આરોપીઓ, રમખાણોમાં પકડાયેલા દંગઈઓ અને અન્ય કિસ્સામાં જેસીબી-બુલડોઝરનો ઉપયોગ આરંભાયો તે હવે રાજકારણ અને રાજકારણીઓમાં ચર્ચાનો મુદ્દો અને એક વિષયવસ્તુ બની ગયું છે. ઘણાંને હવે બુલડોઝર જોતાં જ બુલડોઝરબાબા કે બુલડોઝરમામા યાદ આવતા હશે..! હવે તો કોઈ રાજકારણી વળી એવી પણ ધમકી આપે- બહુ બોલ બોલ ના કર..નહીંતર તારૂ પેલુ છે ને ગેરકાયદે.. ? બુલડોઝર ફેરવી દઈશ...!? ધમકીની નવી ભાષા અને પરિભાષા...! જેસીબીવાળા પણ હવે, આજ કહાં ખુદાઈ કરની હૈ...? એવુ પૂછવાને બદલે એમ પૂછતા હશે-સાબ આજ કિસકા તોડના હૈ....?!



યોગાનુયોગ જુઓ. જે બ્રિટીશરોએ ભારત તોડી નાંખ્યું...ભારતના ભાગલા પાડી દીધા.. જે બ્રિટીશરોને ભારતમાંથી હાંકી કાઢવા ગાંધીજીએ જીવન ખપાવી દીધુ એ બ્રિટીશ હકૂમતવાળા દેશના એક બ્રીટીશર જોસેફ સીરીલ બેમ્ફોર્ડ (જેસીબી)ની કંપની ગાંધીના ગુજરાતમાં બુલડોઝર બનાવે છે...! અને તેનો એવો નવો ઉપયોગ શરૂ થયો છે કે ખોટુ કરનારાઓ હવે ફફડશે... પોલીસથી નહીં ડરે પણ બુલડોઝર આવી જશે....ની બીકથી ડરશે...! ગુજરાતમાં તેનાા ઉપયોગની શરૂઆત કરવી હોય તો સુરતમાં સરેઆમ જાહેરમાં એક તરફી પ્રેમમાં ગ્રીષ્માની ગળુ કાપીને હત્યા કરનાર અને કોર્ટ દ્વારા દોષિત જાહેર થયેલ ફેનિલની ગેરકાયદે સંપતિઓ ( જો હોય તો..) પર બુલડોઝર તો બનતા હૈ...?

જેસીબીની વાત થઈ રહી છે તો રાજકીય જેસીબીની પણ ચર્ચા કરીએ.ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ કાંઈ દૂર નથી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ યુપી સહિતના પાંચ રાજ્યોના પરિણામો બાદ ગુજરાતમાં મુલાકાતો વધારી. છેલ્લે ખાસ્સા ત્રણ દિવસ ગુજરાત માટે ફાળવ્યા અને ચૂંટણીલક્ષી વાતાવરણ બનાવ્યું છે. ચૂંટણીઓ જાહેર થાય તે પહેલાં જાહેરાતો થાય એ રીતે તેમણે યોજનાઓનું લોકાર્પણ કર્યું. દાહોદમાં રેલવે એન્જિન બનાવવાનું કામ શરૂ કરાવ્યું અને ટૂંક સમયમાં ચૂંટણીઓ આવે તો ભાજપરૂપી જેસીબી કોંગ્રેસના પંજાને અને આપ પાર્ટીના ઝાડુને કચડીને ગાંધીનગર તરફ આગળ વધી રહ્યું હશે...!

સત્તારૂપી એ જેસીબી મશીન કોણ ચલાવી રહ્યું હશે...?!દરેકને કલ્પનાના નઘોડા છૂટા મૂકવાની છૂટ...! સૌ કોઈ બંધબેસતી પાઘડી પહેરી શકે છે અને હવે તો ચૂંટણીની જાહેરસભાઓમાં આપની ટોપીઓની સાથે ભાજપની સરસ મજાની કેસરી રંગીન ટોપીઓ પણ જોવા મળશે...કોંગ્રેસની ધોળી ટોપીઓ જોવા મળશે..એટલે મેદાન ટોપીઓથી ભરી જશે..અને છેલ્લે મતદારો ત્રણેય ટોપી ઉતારીને એક બાજુ મૂકી કામધંધે વળગશે અને નવી સરકાર પોતાના પ્રજાકીય કામે...



# બ્રેક કે બાદ નરગીસ ફકરી હવે કામે ચડવા ઉતાવળી થઈ છે

ઇમ્તિયાઝ અલીની ફિલ્મ ‘રૉકસ્ટાર’(૨૦૧૧)માં રણબીર કપૂર સાથે બોલીવૂડમાં શુભારંભ કરનાર અભિનેત્રી નરગીસ ફકરીને તત્કાળ લોકપ્રિયતા મળતાં તે મનોરંજન જગતમાં ઠીકઠીક જામી ગઇ. એની કરીઅર આગળ વધે તે પહેલાં જ એ બોરિયાબિસ્તરા બાંધીને પોતાના ન્યુયોર્ક ખાતેના ઘરે પરત ફરી ગઇ. જોકે તેણે સોશ્યલ મીડિયાના માધ્યમથી સર્વત્ર સંપર્કો જાળવી રાખ્યાં હતાં, પરંતુ આ વર્ષો દરમિયાન તેની એકે ફિલ્મ નથી આવી. જોકે હવે તે ભારત પરત ફરીને પોતાના કામે ચડી ગઈ છે.

નરગીસ અહીં નહોતી ત્યારે એમ કહેવાતું હતું કે તે સ્વાસ્થ્ય વિષયક સમસ્યાઓને પગલે ન્યુયોર્ક ચાલી ગઈ છે. એ કહે છે, ‘મેં મુંબઇ પાછા આવવાનું આયોજન કર્યું તેના ૧૦ દિવસ પહેલાં મેડિટેશન કોર્સ કરવા ગઇ હતી. હું ત્યાંથી પરત ફરી ત્યારે કોરોના મહામારીને પગલે સર્વત્ર તાળાબંધી લાગુ થઇ ગઇ હતી. તે વખતે હું કામ પર ચડવા એકદમ ઉત્સાહિત હતી, પરંતુ મારી પાસે ઘરમાં બેસી રહેવા સિવાય કોઈ વિકલ્પ નહોતો. અલબત્ત, હું સાવ ઠાલી નહોતી બેસી રહી. હું ચિત્રકામ જેવી મારી ગમતી પ્રવૃત્તિઓ કરતી અને મારા સ્વાસ્થ્યની કાળજી લેતી.’

ભારત પરત ફર્યા પછી નરગીસ તેની દક્ષિણ ભારતીય ફિલ્મનું શૂટિંગ શરૂ કરવા તત્પર છે. નરગીસ કહે છે, ‘મને ક્યારેય ‘આઉટ ઓફ સાઇટ મીન્સ આઉટ ઓફ માઇન્ડ’નો ડર નથી લાગ્યો. હું લાંબા સમયથી મારા પરિવારજનોને નહોતી મળી. મને મારી મમ્મીની બહુ યાદ આવતી હતી. હું તેને મળીને કેટલી બધી વાતો કરવા માગતી હતી. જ્યારે મારી લાગલગાટ પાંચ ફિલ્મો આવી ત્યારે મને એમ થયું કે આ વધારે પડતું થઇ ગયું છે. મારે અહીં વિરામ લેવો જોઈએ. તેથી હું ન્યુયોર્ક પરત ફરી ગઇ.



## રિચા ચઢ્ઢાએ વજન ઘટાડીને બનાવ્યું હોટ ફિગર

બોલીવુડ અભિનેત્રી રિચા ચઢ્ઢા ફરી એક વખત લાઈમલાઈટમાં આવી છે. રિચાએ સોશિયલ મીડિયા પર વેટ લોસ ટ્રાન્સફોર્મેશનની કેટલીક તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં રિચાની બોલ્ડનેસ સાથે ફિટનેસનો સ્વેગ પણ દેખાય આવે છે. રિચાના ચાહકોને પણ તેનો આ બોલ્ડ અંદાજ ખુબ પસંદ પડી રહ્યો છે. રિચા પોતાની ફિટનેસને લઈને ખુબ જ સતર્ક છે, તેણે 3 મહિનામાં 15 કિલો વજન ઘડાડ્યું છે. વજન ઘટાડ્યા બાદ રિચાનું ફિગર ખુબ જ આકર્ષક બની ગયું છે. જે આ ફોટોશૂટમાં જોઈ શકાય છે. રિચાએ ખુબ જ ઓછા સમયમાં ઘણી પ્રસિદ્ધી હાંસલ કરી છે, ઈન્સ્ટાગ્રામ પર તેના 20 મિલિયનથી વધારે ફ્લોઅર્સ છે.



બિખરી જુલ્ફેં...નશીલી આંખે..!

## અનન્યાનો બોલ્ડ અંદાજ સોશિયલ મીડિયામાં વાયરલ

એક્ટ્રેસ અનન્યા પાંડેએ ફરી એકવાર બિકનીમાં કેટલીક બોલ્ડ તસવીરો શેર કરી છે. જે હાલ સોશિયલ મીડિયામાં ખૂબ જ વાયરલ થઈ રહી છે. આ પહેલા પણ અનન્યા ઘણી વખત પોતાનો હોટ અવતાર તેના ચાહકોને બતાવી ચુકી છે. બિકનીમાં અનન્યાની હોટ અદા સાથે ફિટનેસનો સ્વેગ પણ જોવા મળે છે. અન્યન્યા હવે સાઉથની ફિલ્મોમાં ડેબ્યૂ કરવા જઇ રહી છે, તે વિજય દેવકોંડા સાથે ફિલ્મ ‘લાઈટર’માં જોવા મળશે.



ટાઇગરની હીરોપંતી 2 ઇદ પર મચાવશે ધમાલ

## એક્ટરે કહ્યું- એક્શન હીરો હોવું ઘણુ દુઃખદાયક

બોલીવુડના એક્શન કિંગ ટાઇગર શ્રોફની ફિલ્મ હીરોપંતી 2 રિલીઝની તૈયારીમાં છે. ઈદના તહેવારમાં ફિલ્મ થિયેટરોમાં પ્રેક્ષકોનું ભરપુર મનોરંજન કરવા આવી રહી છે. જો કે રિલીઝ પહેલાં ફિલ્મના એક્ટર ટાઈગરે એક મોટી વાત કરી દીધી. તેનું કહેવું છે કે એક્શન હીરો હોવું ઘણું દુઃખદાયક છે.

ટાઈગરે પોતાના ફેન્સ સાથે હીરોપંતી2 ના મેકિંગનો એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો. જે હવે બહુ વાયરલ થઇ રહ્યો છે. તમને જણાવી દઈએ કે ટાઈગરની ફિલ્મ હીરોપંતી2 એક્શનથી ભરપુર છે. જે તેના ટ્રેલર પરથી જ દેખાઈ આવે છે. જેને જોઈ બધાના મનમાં એક ખ્યાલ ચોક્કસ આવ્યો હશે કે ટાઈગરે આ એક્શન સીન્સ કેવી રીતે કર્યા હશે. આ સવાલનો જવાબ ટાઈગરે પોસ્ટમાં ફેન્સને આપ્યો છે. ઈંસ્ટાગ્રામ પર તેણે જણાવ્યું કે ટ્રેનથી કૂદવાથી લઈ સૈનિકો સાથેની લડાઈના દરેક સીન માટે લોહી પરસેવો રેડવો પડ્યો હતો. આ કામ બહુ મહેનત અને વિશ્વાસ સાથે કર્યું છે.

ટાઈગરના જણાવ્યા મુજબ, થોડુ લોહી, થોડો પરસેવો અને હું જુઠ્ઠુ નહીં બોલું એક એક્શન હીરો હોવું ઘણું દુઃખદાયક છે. અમારી ફિલ્મના એક્શન સીન્સનો મેકિંગ વીડિયો અને કેટલાક અનસીન ફૂટેજ. ફિલ્મ ટુંકમાં જ આવનારી છે..

ટાઈગર શ્રોફ ઉપરાંત ફિલ્મમાં તારા સૂતરિયા અને નવાજુદ્દીન સિદ્દીકી મુખ્ય ભુમિકાઓમાં છે. આ ફિલ્મ ટાઈગરની પ્રથમ બોલીવૂડ મૂવી હીરોપંતીની સીક્વલ છે. જે 2014માં આવી હતી અને બહુ હીટ સાબિત થઇ હતી. સિક્વલનું ડિરેક્શન એહમદ ખાને કર્યું છે. આ ઈદ પર 29 એપ્રિલે ફિલ્મ રિલીઝ થઈ રહી છે.



## ‘KGF-2’ હિટ થતાં જ સંજય દત્તને મળી બિગ બજેટ ફિલ્મ

તાજેતરમાં રીલિઝ થયેલી ફિલ્મ KGF: Chapter 2ના અભિનેતા સંજય દત્ત અત્યારે ફિલ્મની સફળતાની મજા માણી રહ્યા છે. આ ફિલ્મમાં યશ મુખ્ય ભૂમિકામાં છે અને તેની સાથે સંજય દત્ત અને રવીના ટંડનનો પણ મહત્વનો રોલ છે. ફિલ્મને બોક્સઓફિસ પર ઘણી સફળતા મળી છે. પહેલા જ વિકઅન્ડમાં વૈશ્વિક સ્તરે બોક્સ ઓફિસ પર ફિલ્મ લગભગ 500 કરોડ જેટલી કમાણી કરી ચૂકી છે. તેમાં પણ હિંદીમાં આ ફિલ્મે અત્યાર સુધીની સૌથી મોટી ઓપનિંગનો રેકોર્ડ તોડ્યો છે. સંજય દત્ત અને યશની ફિલ્મ ‘KGF-2’ ફિલ્મ ‘RRR’ અને ‘બાહુબલી-2’ પછીની ભારતની ત્રીજા નંબરની સૌથી મોટી ઓપનિંગ ફિલ્મ સાબિત થઇ છે. તેની આ સફળતા વચ્ચે સમાચાર છે કે સંજય દત્ત ડિરેક્ટર સંજય ગુપ્તા સાથે એક ફિલ્મ કરવા જઇ રહ્યો છે. ‘KGF-2’ની સફળતાથી સંજય દત્તના ચાહકો પણ ઘણા ખૂશ છે અને હવે તેઓ તેની બીજી ફિલ્મની આતુરતાથી રાહ જોઇ રહ્યા છે. જો કે હવે તેના ચાહકોને વધારે રાહ જોવી પડશે નહીં, કારણ કે સમાચાર છે કે, સંજય દત્ત ફરી એક વખત ફિલ્મ ડિરેકટર સંજય ગુપ્તા સાથે એક બિગ બજેટ ફિલ્મમાં કામ કરવા જઇ રહ્યો છે.

### ‘મુન્ના ભાઈ’નો ત્રીજો ભાગ પણ આવશે...

સંજય દત્તે ખુલાસો કર્યો છે કે, તેઓ મુન્ના ભાઈ 3 બનાવવા માટે શક્ય તમામ પ્રયત્નો કરી રહ્યા છે. આ સિવાય સંજય દત્તે જણાવ્યું કે, ફિલ્મના ડિરેક્ટર રાજકુમાર હિરાની પણ ઈચ્છે છે કે ફિલ્મનો ત્રીજો ભાગ આવે. સંજય દત્તે કહ્યું કે, તેમણે રાજકુમાર હિરાની સાથે અન્ય ફિલ્મોમાં પણ કામ કર્યું છે, પરંતુ ફેન્સને મુન્ના ભાઈ ફિલ્મમાં વધારે રસ છે. તેમણે ફેન્સને વિનંતી કરી કે તેઓ આ બાબતે રાજકુમાર હિરાનીને વિનંતી કરે.



‘ક્લાઇમેક્સને કારણે હું આ ફિલ્મ કરવા લલચાયો..’



## બ્રેકઅપ-ડિવોર્સ મામલે મલાઈકાનું નિવેદન - અર્જુન કપૂરને ડેટ કરવા પર લોકો કહે છે ‘તકવાદી’ અને ‘બુઢ્ઢી’

મલાઈકા અરોરાનું માનવું છે કે, ભારતમાં મહિલાઓના રિલેશનશિપને લઈને લોકોના અભિગમો ખૂબ જ ખોટ છે. લોકો ઘણી વખત કોઈ મહિલા પોતાનાથી નાની ઉંમરના પુરૂષને ડેટ તો તેને અપવિત્ર માને છે. અભિનેત્રીએ એમ પણ કહ્યું હતું કે, જ્યારે કોઈ મહિલા પોતાનાથી નાની ઉંમરના વ્યક્તિને ડેટ કરે છે ત્યારે તેને ‘ડેસ્પરેટ’, ‘તકવાદી’ અને ‘બુઢ્ઢી’ કહેવામાં આવે છે.

મલાઈકા અરોરાની ગણતરી બોલિવૂડની બોલ્ડ અભિનેત્રીઓમાં થાય છે. તેની સ્ટાઈલ અને તેના મજેદાર જવાબથી ચાહકો તેને પસંદ કરે છે. મલાઈકા અરોરાએ ટ્રોલિંગ અને બિનજરૂરી ટીકા છતાં પોતાનું માથું ઉંચુ રાખ્યું છે. મલાઈકાને ઘણીવાર પોતાની ફેશન સેન્સ અને પોતાનાથી ઓછી ઉંમરના અભિનેતા અર્જુન કપૂરને ડેટ કરવા બદલ ટ્રોલ કરવામાં આવે છે. મલાઈકા અરોરાના લગ્ન અરબાજ ખાન સાથે થયા હતા. મલાઈકાના છૂટાછેડા થઈ ગયા છે અને તે એક પુત્રની માતા પણ છે. ત્યારબાદ મલાઈકા અરોરા અને અર્જુન કપૂરના સંબંધોની ચર્ચાઓ શરૂ થઈ હતી.

## શાહિદ કપૂરની યાદગાર ઈનિંગ છે ફિલ્મ ‘જર્સી’

શાહિદ કપૂર લગભગ 3 વર્ષ પછી મોટા પડદા પર પાછો ફરતો જોવા મળ્યો છે. તેની મોસ્ટ અવેટેડ ફિલ્મ ‘જર્સી’ આજે સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે. જો કે આ ફિલ્મ ઘણા સમય પહેલા રીલિઝ થઈ ગઈ હોત, પરંતુ કોવિડ મહામારીને કારણે તેની રિલીઝ વારંવાર પોસ્ટપોન કરવામાં આવી હતી. શાહિદ કપૂરની છેલ્લી ફિલ્મ કબીર સિંહ વર્ષ 2019માં રીલિઝ થઈ હતી, આ ફિલ્મ સુપરહિટ થયા બાદ શાહિદ કપૂર પર ઘણું દબાણ આવ્યું હશે, કારણ કે કબીર સિંહ પછી શાહિદ કપૂરને એક અલગ ઓળખ મળી અને તે તેને જાળવી રાખવું તેના માટે આસાન નહોતું, પરંતુ જર્સી દ્વારા શાહિદનો મેસેજ બધા સુધી પહોંચી ગયો છે કે તે હવે અટકવાનો નથી.

કબીર સિંહની જેમ જર્સી પણ સાઉથની ફિલ્મની રિમેક છે. પતિ-પત્ની વચ્ચેના સંબંધો, બાળક સાથેના ઈમોશમલ જોડાણ, ક્રિકેટર અને કોચ વચ્ચેનું બોન્ડિંગ દર્શાવતી શાહિદ કપૂરની ફિલ્મ જર્સી દર્શકોની અપેક્ષા પર ખરી ઉતરી છે. કદાચ આ ફિલ્મ શાહિદ કપૂરની શાનદાર ઈનિંગ જેવી છે, જે તેના માટે યાદગાર પણ બની રહેશે.

ફિલ્મમાં શાહિદ કપૂર 36 વર્ષીય ભૂતપૂર્વ રણજી ક્રિકેટર અર્જુન તલવારની ભૂમિકામાં છે અને મૃણાલ ઠાકુર તેની પત્ની વિદ્યાની ભૂમિકામાં જોવા મળે છે. બંનેનો દીકરો છે, જેની ભૂમિકા રોનિત કામરાએ ભજવી છે. આ સાથે ફિલ્મમાં શાહિદ કપૂરના પિતા પંકજ કપૂર મહત્વની ભૂમિકામાં જોવા મળી રહ્યા છે, તેઓ ફિલ્મમાં શાહિદના કોચની ભૂમિકા ભજવી રહ્યા છે.

ફિલ્મ અંગે શાહિદ કપૂરે જણાવ્યું હતું કે, ફિલ્મના ક્લાઈમેક્સને કારણે હું આ ફિલ્મ કરવા માટે લલચાયો હતો. એવું નથી કે માત્ર માચો અને રફ એન્ડ ટફ હીરો દર્શકોને ખુશ કરી શકે છે. મારા જેવા સાધારણ કલાકારો પણ દર્શકોનું દિલ જીતી શકે છે.



## રાહુલ સાથે લગ્નના ફેરા ફરશે અથિયા

તાજેતરમાં જ બોલિવુડ સ્ટાર રણબીર કપૂર અને આલિયા ભટ્ટની ગ્રાન્ડ વેડિંગ થયા છે. હજી તો આ સેલિબ્રિટી કપલના લગ્નના ફોટોથી સોશિયલ મીડિયા પર ધમાલ મચાવાનું થમ્યું નથી અન્ય એક ફિલ્મી પરિવારના ઘરે લગ્નની શરણાઈઓ વાગવાની તૈયારીઓ થઇ રહી છે. ફિલ્મ સ્ટાર સુનિલ શેટ્ટીની લાડકી પુત્રી અથિયા શેટ્ટીના હાથમાં ટૂંક સમયમાં જ કે.એલ. રાહુલના નામની મહેંદી લાગશે. અથિયા તથા કેએલ રાહુલ સાઉથ ઈન્ડિયન વેડિંગ કરશે, કારણ કે સુનીલ શેટ્ટીનો જન્મ મુલ્કી, મેંગલોરમાં થયો છે. તે મેંગલોરિયન છે. કેએલ રાહુલ પણ મેંગલોરિયન છે, આથી જ કપલ દક્ષિણ ભારતીય રીત-રિવાજ પ્રમાણે લગ્ન કરશે. સુનીલ શેટ્ટીના નિકટનાં સૂત્રોએ કહ્યું હતું કે લગ્નની તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. કપલના પેરેન્ટ્સને અથિયા તથા રાહુલની જોડી ઘણી જ પસંદ છે. બંને છેલ્લાં ત્રણ વર્ષથી એકબીજાને ડેટ કરે છે. બંને ડિસેમ્બરમાં લગ્ન કરશે.

ક્રિકેટર કેએલ રાહુલે મુંબઈમાં આથિયા શેટ્ટી સાથે રહેવા ફ્લેટ ભાડે લઈ લીધો છે. આ ફ્લેટનું ભાડું મહિને 10 લાખ રૂપિયા હોવાનું જાણવા મળે છે. આ યુગલ ફોર બીએચકે ફ્લેટમાં રહેવાનું છે. કાર્ટર રોડ વિસ્તારમાં 8માં માળે આવેલા ફ્લેટમાંથી સમુદ્રનો નઝારો જોઈ શકાય તેમ છે.


ગુજરાત
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## અમિત શાહ બાદ પીએમ મોદી પણ વધુ એક પ્રવાસ કરે તેવા સંકેત

# ચાલુ માસમાં રાજકીય મુલાકાતોથી ગુજરાત ધમધમતુ રહેશે

ગુજરાત | વંદન


ગુજરાતમાં હાલમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસનાં પ્રવાસે આવી ગયા અને તેમની સાથે અનેક વિદેશી મહાનુભાવોને પણ ગુજરાતનો પ્રવાસ કરાવ્યો હતો તો ગુરુવારે બ્રિટીશ વડાપ્રધાન બોરીસ જોન્સન એ પણ ગુજરાતની મહેમાનગતી માણી હતી. તે વચ્ચે હવે ચાલુ માસમાં જ ફરી એક વખત ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.


વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ અધ્યક્ષ જે.પી.નડ્ડા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આખરી સપ્તાહમાં ગુજરાતની વધુ મુલાકાતે આવી શકે છે

નડ્ડા, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આખરી સપ્તાહમાં ગુજરાતની વધુ મુલાકાતે આવી શકે છે. આ ઉપરાંત 1 મે ગુજરાત સ્થાપનાદિને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પણ મુલાકાત લે તેમ કોંગ્રેસના સુત્રો જણાવે છે તો ત્રીજા મોરચા તરીકે આપ પાર્ટીના કેજરીવાલ, મનીષ સિસોદિયા વગેરે પણ ગુજરાત આવે તેમ છે. કેમ કે આપ પાર્ટીનું માનવું છે કે, ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓ વહેલી આવી રહી છે. જે.પી.નડ્ડા તેમના ગુજરાતના પુર્વ નિશ્ચિત કાર્યક્રમ મુજબ પ્રવાસે છે અને તા.30ના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ ઉતર અને મધ્ય ગુજરાતના કાર્યક્રમોમાં સામેલ થશે.

તો વડાપ્રધાનનો દક્ષિણ ગુજરાતનો કાર્યક્રમ નિશ્ચિત થઈ રહ્યો છે અને જો તેઓ માસાંતે ન આવે તો મેના પ્રથમ સપ્તાહમાં ગુજરાત આવશે જ તેવા સંકેત છે.

## ‘મન કી બાત’ પહોંચ્યું મલ્ટિપ્લેક્સના પડદે




વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 2014થી દર મહિનાના છેલ્લા રવિવારે ‘મન કી બાત’ રાષ્ટ્રજોગ સંબોધન કરવામાં આવે છે. મન કી બાત કાર્યક્રમમાં તેઓ દેશવાસીઓને આગામી વાર તહેવારની શુભેચ્છા અને તેમની સરકારની કામગીરીના લેખાજોખાની સાથે સમગ્ર દેશમાં કોઈએ પ્રેરણાદાયી કામ કર્યું હોય તો તેનો પણ ઉલ્લેખ કરે છે. ભાજપના કાર્યકરો ‘મન કી બાત’ કાર્યક્રમ પોતાના ઘરે અથવા સ્થાનિક ભાજપ કાર્યલયમાં બેસીને સાંભળે છે અને જુએ છે. ‘મન કી બાત’ કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી દ્વારા થાય છે જેને ટીવી ચેનલો પણ દ્રશ્ય માધ્યમથી પ્રસારિત કરે છે. હવે આજના સિનેમા, મૂવી-થિયેટર યુગમાં ‘મન કી બાત’ મલ્ટિપ્લેક્સ થિયેટરના પડદે પહોંચી ગયું છે. અમદાવાદમાં ભાજપના કાર્યકરોએ એક મલ્ટિપ્લેક્સ થિયેટરમાં બેસીને ‘મન કી બાત’નો કાર્યક્રમ સાંભળ્યો હતો.

## ચૂંટણીઓના સંદર્ભમાં નેતાઓની મુલાકાતથી રાજકીય હલચલ

# ‘ભલે જૂનમાં ચૂંટણીઓ યોજવા માંગતા હોય, અમે પણ તૈયાર’

ગુજરાત | વંદન

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી રાજકારણ ગરમાયું છે. આમ આદમી પાર્ટીએ રાજ્યના શિક્ષણને લઈને સવાલો ઉઠાવ્યા હતા ત્યારબાદ બંને પક્ષ વચ્ચે આ મુદ્દે દલીલો કરવામાં આવી રહી છે. તેવામાં આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીએ દાવો કર્યો છે કે ભાજપ આમ આદમી પાર્ટીથી ડરી ગઈ છે અને તેના કારણે તે જૂનમાં ચૂંટણી યોજવાની તૈયારીઓ કરી



રહી છે. ઈસુદાને એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે ભાજપ આપથી ડરી ગઈ છે અને તેથી તે ગુજરાતમાં વહેલી ચૂંટણી યોજવાની તૈયારીઓ કરી રહી છે.

તેમણે કહ્યું હતું કે મનીષ સિસોદિયાએ ટ્વિટ કરી હતી કે શું ગુજરાત અને હિમાચલમાં ભાજપ આપથી ડરીને વહેલી ચૂંટણી યોજી રહી છે? ગુજરાતમાં વાતાવરણ તેવું જ લાગી રહ્યું છે. વડાપ્રધાન, પ્રદેશ અધ્યક્ષો, પ્રદેશ પ્રમુખો અને ભાજપના મોટા નેતાઓ હાલમાં ગુજરાત આવી રહ્યા છે. આપથી ડરીને ભાજપ સરકાર ચૂંટણી વહેલી યોજવાની તૈયારીઓ કરી રહ્યું છે તેવા સમાચાર મળી રહ્યા છે.


...અનુસંધાન પાના નં. 08

## તસવીર-એ-બયાં : વિવાદમાં આવ્યાં એટલે આ તસવીરો પણ બહાર આવી...



ગુજરાત | વંદન

રાજકારણ અને જાહેર જીવનમાં પડેલી વ્યક્તિ જ્યાં સુધી કોઇ વાદવિવાદમાં ન આવે ત્યા સુધી બધુ સમુસુતરું ચાલતું હોય છે, પરંતુ જેવા વિવાદમાં આવ્યા કે તેનો ભૂતકાર ઉખેડવામાં આવે છે. મહારાષ્ટ્રના રાજકારણમાં હનુમાન ચાલીસા પઠનના મુદ્દે અપક્ષ સાંસદ નવનીત રાણા વિવાદમાં આવ્યા. શિવસેનાના મુખ્યમથક માતૃશ્રી સામે ચાલીસા વાંચીશ...એવી જાહેરાત કર્યા બાદ પરિણામ એ આવ્યું કે દેખાવે ખૂબસૂરત એવી આ મહિલા સાંસદ અને તેના ધારાસભ્ય પતિ રવિ રાણા લોકઅપ-જેલમાં છે. આ વિવાદ બાદ મહિલા સાંસદની ભૂતકારની હોટ એન્ડ બોલ્ડ તથા ઉત્તેજક તસવીરો વાયરલ થઈ રહી છે.





## એસબીઆઈ અમદાવાદ સર્કલમાં ભરતી કૌભાંડ, નિર્મલા સીતારામનને લખ્યો પત્ર

# SBIમાં સ્થાનિક ભાષામાં નિપુણ ન હોય એવા ઉમેદવાર કરાયા પસંદ: મનુસખ વસાવા

ગુજરાત | વંદન

ગુજરાતના બીજેપીના વરિષ્ઠ સાંસદ મનસુખ વસાવાએ નાણામંત્રી નિર્મલા સીતારમણને સ્ફોટક પત્ર લખીને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અમદાવાદ સર્કલની ભરતીમાં કૌભાંડનો આક્ષેપ કર્યો હતો..

સંસદના સભ્યએ ધ્યાન દોર્યું છે કે સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયામાં 660 કારકુનની (જુનિયર એસોસિએટ્સ) જગ્યાઓ માટેની ભરતીમાં સ્થાનિક ભાષા, એટલે કે ગુજરાતીનું જ્ઞાન હોવું એ એક પૂર્વશરત તરીકે નઠરાવાયું હતું . તેમ છતાં, પસંદ કરાયેલા મોટાભાગના ઉમેદવારોને સ્થાનિક ભાષાનું જ્ઞાન ન હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. મનસુખ વસાવાએ અનુમાન લગાવ્યું છે કે પસંદ કરાયેલ ઉમેદવારોમાંથી ઓછામાં ઓછા 80 થી 85%ને સ્થાનિક ભાષાનું જ્ઞાન નથી.

ભરૂચના ભાજપના સાંસદે કહ્યું છે કે આ સ્પષ્ટપણે એક ભરતી કૌભાંડ છે. તેમણે ભરતી પ્રક્રિયામાં થયેલી ગેરરીતિઓની તપાસ કરવાની માંગ કરી છે. તેમણે સ્થાનિક ભાષામાં નિપુણ ન હોય તેવા ઉમેદવારોની ભરતી રદ કરવાની પણ માંગણી કરી હતી. મનસુખ વસાવાએ માંગ કરી હતી કે આ કૌભાંડમાં સંડોવાયેલા લોકો સામે કડક કાર્યવાહી થવી જોઈએ.

ક્લાર્ક અથવા જુનિયર



એસોસિએટ એ બેંકમાં ગ્રાહક માટે પ્રથમ સંપર્ક બિંદુ છે. ગ્રામીણ લોકો, ખાસ કરીને મહિલાઓને બેંક અધિકારીઓ સાથે વાતચીત કરવામાં ઘણી મુશ્કેલી પડે છે. તેમની ઘણી શાખાઓ ગ્રામીણ અને અર્ધ શહેરી વિસ્તારોમાં હોવાના કારણે જાહેર ક્ષેત્રની બેંકોમાં, અધિકારીઓ પ્રજાની ભાષા ન બોલી કે સમજી શકતા હોય એ એક મુખ્ય મુદ્દો છે . દરેક વ્યક્તિને બેંકિંગના વર્તુળમાં આવરી લેવાની સરકારી નીતિઓનો મૂળભૂત હેતુ માનવ સંસાધનોની આવી વિસંગતતાઓ દ્વારા પરાજિત થાય છે. સામાન્ય લોકો બેંકિંગ ચેનલોથી વિમુખ થઈ જાય છે અને ધીરધારનો ધંધો કરનાર શાહુકારો ના હાથે સહન કરે છે. મનસુખ વસાવાએ પત્રમાં જણાવ્યું કે, રાજ્યની સ્થાનિક ભાષામાં જ્ઞાન હોવું જોઈએ તેવો નિયમ છે. છતાં નિમણૂંક ઉમેદવારોને સ્થાનિક ભાષાનું કોઈ જ્ઞાન નથી. આ એક દેખીતું કૌભાંડ હોવાનો સાંસદ મનસુખ વસાવાએ પત્રમાં ઉલ્લેખ કર્યો છે. આ કૌભાંડમાં સંડોવાયેલાઓને કડકમાં કડક સજા થવી જોઈએ. ભાજપ સાંસદના બે પાનાના પત્રથી ભારે ખળભળાટ મચી ગયો છે.

## હિંસામાં સામેલ આરોપીઓના ગેરકાયદે દબાણો દૂર કરવાની શરૂઆત

# યુપી, એમપી અને ખંભાત બાદ હવે બુલડોઝર પહોંચ્યું હિંમતનગર

ગુજરાત | વંદન

ગુજરાતના સાબરકાંઠામાં રામ નવમી પર હિંસા બાદ સરકાર સતત કાર્યવાહી કરી રહી છે. પ્રશાસન હિંસામાં સામેલ આરોપીઓના ઘર અને દુકાનો તોડી રહી છે. આ પ્રકરણમાં સોમવારે જ હિંમતનગર વિસ્તારમાં દબાણ દૂર કરવા લોકોને નોટિસ પાઠવવામાં આવી હતી. તેના પછી મંગળવારે સવારે વહીવટીતંત્રની ટીમો બુલડોઝર સાથે આવી પહોંચી હતી અને ગેરકાયદેસર દબાણ દુર કર્યું. કોઈ અનિચ્છનિય બનાવ ન બને તેના માટે મોટી સંખ્યામાં પોલીસ ખડકી દેવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે 10 એપ્રિલે



સાબરકાંઠામાં વિશ્વ હિંદુ પરિષદ દ્વારા કાઢવામાં આવેલી રામ નવમીની શોભાયાત્રામાં પથ્થરમારો થયો હતો. આ બબાલ વધી ગઈ અને આગચંપીનો બનાવ બન્યો. સાબરકાંઠાના હિંમતનગરમાં રામનવમી પર શોભાયાત્રમાં પથ્થરમારો થયો હતો. તે વિસ્તારમાં આજે તંત્રનું બુલડોઝર ફરી વળ્યુ છે. પાકુ દબાણ તેમજ હંગામી દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામા આવી. નગર પાલિકા દ્વારા ટીપી રોડ પરના દબાણો દૂર કરવાની કામગીરીને લઈને જિલ્લાભરની પોલીસ ખડકી દેવામાં આવી છે. દબાણ કામગીરી સમયે સિટી સર્વે અધિકારી સહિતનો લોકો હાજર રહ્યા હતા.

ઘટનાના પગલે મોટી સંખ્યામાં પોલીસ પહોંચી ગઈ હતી અને પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે ટીયર ગેસના સેલ છોડવામાં આવ્યા હતા. ઉપદ્રવીઓએ પોલીસના વાહનો સહિત અનેક વાહનોને આગ ચાંપી દીધી હતી. આ સમગ્ર ઘટનામાં એસપી સહિત એક ડઝન પોલીસકર્મીઓને ઈજા થઈ હતી.




## થોડી ઇધર કી થોડી ઉધર કી

# અક્ષયજી, યુવા પેઢીને પાનમસાલા-ગુટકાના રવાડે ચડાવવાનું પાપ તમે તો ના જ કરો, પેલા બેનું તો ઠીક છે..!




બોલો જુબાં કેસરી...અજય દેવગન બોલે...શાહરૂખખાન બોલે... અને ત્રીજા તરીકે અક્ષયકુમારે બોલવાનું શરૂ કર્યુ એટલે ચાહકોએ કહ્યું-ના તમે તો આમાં પડતા જ નહીં...પેલા બે ભલે નાની અમથી વિમલ ઈલાયચીના નામે મસમોટી રકમ લઈને બોલે પણ તમે તો નહીં...! અક્ષય કેસરીએ ચાહકેનું માન રાખ્યુ અને માફી માંગીને કહ્યું કે હવે પછી તમાકુની બનાવટનો કોઈ પ્રચાર નહીં..તેમનુ તો એટલુ કહેવુ અને ચાહકોનું તેમણે સિગારેટ માટે કરેલા વિજ્ઞાપન પ્રમોશનના સ્ક્રીન શોટ વીણી વીણીને શોધ્યા અને કેનેડાના નાગરિક એવા અક્ષયપાજીને કહ્યું- તુમ જુઠે હો...તુમને રેડ-વ્હાઇટ સિગારેટ કે લિયે વિજ્ઞાપન પ્રમોશન કિયા હૈ..કહ દો કે યે જુઠ હૈ...?

સોશ્યલ મિડિયામાં હાથમાં સિગારેટ અને તેના પ્રચારના સંદેશા સાથેના સ્ક્રીન શોટ જોઈને ખતરો કે ખિલાડી શરમ કે મારે ટીપ ટીપ બરસા પાની...ની જેમ પાણી પાણી થઇ ગયો હશે..?! બુરે ફસે ઓબામા..ની જેમ બુરે ફસે ઓક્ષાયા...થઇ ગયું..! અક્ષયકુમારે આમ કેમ કર્યું..? તો જવાબ છે-ખણખણીયા...છનનન....છનનનન... છનની ચમક અને દમક..!

અક્ષયજી, અરે ક્યા કરોંગે ઈતના પૈસા..મહારાજ....બોલ કિતના ચાહિયે...તુમ્હારે ચાહનેવાલે ઐસે હી દે દેંગે...પણ યુવાનોને પાન-મસાલા ગુટકાના રવાડે ચડાવવાનું પાપ કમ સે કમ તમે તો ના કરો.. પેલા બેનું તો ઠીક છે...તેમને પોતાની દેશભક્તની ઈમેજની પડી નથી પણ યુવા પેઢી તમને દેશભક્ત કેસરીના રૂપમાં જુવે છે..એટલે તમે ઈલાયચી પણ ના ખાશો..ખબર છે ને ઈલાયચીમાંથી શોલેનું આખુ રામાયણ થઈ જશે.જેમ કે...એવુ છે ને કે ઈલાયચી એટલે ખાય છું કે ક્યારેક પીધુ હોય તો મોઢામાં વાસ ના આવે એટલે ઈલાયચીના થોડા દાણાં મમળાવી લે છે.....!અક્ષયજી, કેરીની સિઝન આવી ગઈ... ખાદી કે નહીં...કેસર કેરી ખાજો અને પછી ભલે કહો-બોલો જુબાં કેસરી...!

### મેવાણીજી, બોયા પેડ બબૂલ કા... આમ કહાં સે હોય...?!

ઉના કાંડથી જાહેરમાં ચમકેલા જિગ્નેશ મેવાણીની ધરપકડને લઈને કોંગ્રેસ ઉંચીનીચી થઈ છે. મેવાણીની સામે આસામમાં કેસ નોંધાયો તેમણે કરેલી એક ટ્વીટના સંબંધમાં. ટ્વીટ ત્યારબાદ તેમણે ડીલીટ કરી અને ટ્વીટર કંપનીએ પણ મેવાણીએ કરેલી ટ્વીટની સામે વાંધો ઉઠાવ્યો.

કહેવત છે કે- બોયા પેડ બબૂલ કા આમ કહાં સે હોય...તમે બાવળ રોપો અને પછી સીઝનમાં એવી આશા રાખો કે તેના ઉપર રિલાયન્સના આંબાવાડીની જેમ હાફુસ, કેસર અને રત્નાગીરી કેરીઓ થાય, તો એ કઈ રીતે શક્ય બને...? તમે વડાપ્રધાન પર સીધો અંગત શાબ્દિક હુમલો અને પ્રહાર કરો તો પછી પરિણામની તૈયારી પણ હોવી જોઈએ..

આસામમાં ભાજપનું રાજ છે એટલે ત્યાં કેસ નોંધ્યો એમ જો કોંગ્રેસ કહે તો જ્યાં કોંગ્રેસની સરકાર છે એ છત્તીસગઢમાં ભાજપના કોઈ નેતા કે કેન્દ્ર સરકારના કોઈ મંત્રીની સામે ફરિયાદ નોંધાવી દો.. હિસાબકિતાબ- ઈકવલ ..ઈક્વલ....! રમતનો નિયમ છે- લક્ષ્મણ રેખા ના ઓળંગશો....સીતામાતાએ રેખાની બહાર પગ મૂક્યો તો ગઈ સીધી (શ્રી) લંકા...અને તમે રેખાની બહાર પગ મૂક્યો તો પાલપુરના સરકીટ હાઉસથી ગયા સીધા આસામના કોકરાઝારના લોકઅપમાં...! શ્રીલંકા અને કોંગ્રેસ બન્નેની હાલત એક સમાન છે...!

### બોરીસ જોનસને અમિતાભ- સચિનના નામો તો લીધા..પણ એ નામો...

હમણાં બ્રિટનના વડાપ્રધાન બોરીસ જોનસન ગુજરાતની મુલાકાતે આવ્યાં. ભારતનો પ્રવાસ ગુજરાતથી આરંભ્યો. આભાર..જેમણે ભારતમાંથી બ્રીટીશ હકૂમતને હાંકી કાઢી એવા ગાંધીજીના સાબરમતી આશ્રમની મુલાકાત લીધી. અન્ય મુલાકાતી મહાનુભાવોની જેમ બાપૂનો ચરખો બાપૂની સ્ટાઈલમાં બેસીને કાંત્યો. મનમાં તો વિચારતા હશે કે મિ. ગાંધી ન હોત તો આજે પણ ભારત પર બ્રિટીશરોનું જ રાજ હોત...?!

ચરખો કાંતતા તેમના મનના ભાવ તેઓ જ જાણે પણ પોતાના સ્વાગત માટે શહેરમાં અને એરપોર્ટ તથા રોડ શોમાં પોતાના લાગેલા પોસ્ટર બેનર જોઈને બોરીસ ગદ..ગદ..થઈ ગયા..મન કી બાત કહી નાંખી-ઓહો.. મારૂ એટલુ જોરદાર સ્વાગત...?! મારા મનમાં એવી લાગણી થઈ..એવો ભાવ આવ્યો કે જાણે હું અમિતાભ બચ્ચન હોઉ... સચિન તેંડુલકર હોઉ...વાઉ...!

બ્રિટનના ઘરઆંગણે બોરીસ મુશ્કેલીમાં છે. કોરોના લોકડાઉનમાં પાર્ટી કરવા બદલ યાદ રહે માત્ર પાર્ટી કરવા બદલ) તેમની સામે પગલા તોળાઈ રહ્યાં છે. એક દેશનો વડાપ્રધાન લોકડાઉનમાં નિયમો તોડીને સામાન્ય પાર્ટી કરે તો એમાં શું ખાટુમોળુ થઈ ગયું..? પણ ત્યાંના કાયદા-કાનૂન રીત રસમ અને પ્રસ્થાપિત પરંપરા ભારત કરતાં અલગ છે. સામાન્ય નિયમ તોડવા બદલ તેમણે રાણી એલિઝાબેથ-2ની માફી માંગતા મને માફ કરો..કહીને રડવાનું બાકી રાખ્યું હતું. ભારતથી ગયા બાદ શું થશે..તેઓ જાણે. પણ જેમની લાગણી..જેમનો ભાવ...તેમના મનમાં આવ્યાં એ અમિતાભનું નામ ટેક્સ ચોરીમાં પનામા કાંડમાં ચમક્યુ હતુ...! ક્રિકેટના ભગવાન ગણાતા સચિનબાબાનું નામ પણ બેનંબરની સંપત્તિ...ટેક્સ ચોરીમાં તાજેતરમાં બહાર પડેલા પેન્ડોરા કાંડમાં આવ્યું હતું...ભગવાન...ભગવાન.... !બિચારા બોરીસની ખુરશી સલામત રહે એવી આશા રાખીએ... **પ્ર.ધ.**

# ભારે કરી, લાંચ લેવા હરિયાણા પહોંચ્યા અને...

ગુજરાત | વંદન

ગુજરાતના કેટલાંક પોલીસ અધિકારીઓ કે પોલીસકર્મી લાંચ રૂશ્વત માટે એટલા ઉતાવળા બનતા હોય છે કે, રાજપીપળાના એક પીઆઈ બે લાખની લાંચ લેવા વિમાનમાં બેસીને હરિયાણા ગયા હતા. પરંતુ ACBની ટ્રેપમાં ફસાયા અને જેલમાં જવું પડ્યું. આ કિસ્સાની પોલીસ તંત્રમાં ચર્ચા ચાલી રહી છે.